અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

સલમાન ખાનની હિરોઈનનો દેશી અવતાર, સાદગી પર લોકો થયા ફિદા



પેજ-09

ગુજરાતી ક્રિકેટર હાર્દિક પંડ્યા પાસે છે પોતાનું 40 કરોડનું પ્રાઈવેટ પ્લેન

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 21.00 |
| વડોદરા | 33.00 | 20.00 |
| સુરત | 36.00 | 22.00 |

પેજ 5



સોલર પેનલ પર મોટી સબસિડી આપી રહી છે મોદી સરકાર...


26 FEBRUARY-2024 MONDAY


ભારતીય મૂળના એકમાત્ર ઉમેદવાર પણ ટ્રમ્પ સામે થયા પરાસ્ત



પેજ 10

.....સુવિચાર.....

જૂઠ પણ બહુ વિચિત્ર હોય છે, તમે પોતે બોલો તો સારું લાગે, બીજા બોલે તો ગુસ્સો આવે.


વર્ષ-13 । અંક-102 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ગુજરાતને મળી પ્રથમ AIIMS ની ભેટ..... સાવ નજીવા ખર્ચે મળશે મલ્ટી- સ્પેશિયાલિટી સારવાર

# PM મોદીએ રાજકોટથી 5 એઈમ્સનું લોકાર્પણ કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજકોટના પરા પીપળીયા પાસે રૂ. ૧૧૯૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ગુજરાતની પ્રથમ એઈમ્સનું લોકાર્પણ કર્યું હતું. બાદમાં તેઓએ એઈમ્સમાં આઈ.પી.ડી.નું નિરીક્ષણ કર્યું હતું તેમજ અહીં ઉપલબ્ધ વિવિધ મેડિકલ સારવાર સુવિધાઓ અને વ્યવસ્થાઓ નિહાળી વિગતવાર જાણકારી મેળવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બપોરે દ્વારકાથી હવાઈમાર્ગે રાજકોટ એઈમ્સ આવ્યા હતા. બાદમાં તેઓએ એઈમ્સ પરિસરમાં બનેલા ઓ.પી.ડી. સહિતના વિવિધ વિભાગો તેમજ સમગ્ર પરિસરનું નિરીક્ષણ કર્યું હતું. અનાવરણ કર્યા બાદ રીબીન કાપીને, ગુજરાતની પ્રથમ એઈમ્સને લોકોને સમર્પિત કરી હતી. પ્રધાનમંત્રીએ એઈમ્સ હોસ્પિટલના ભવિષ્યના વિકાસની બ્લુપ્રિન્ટ એવા મોડેલનું અને ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિની તેમજ ભારતની પ્રાચીન ચિકિત્સા પરંપરાથી લઈને જીનેટિક ટેકનોલોજી સુધીની સફરની ઝાંખી કરાવતી ટેપેસ્ટ્રીનું નિરીક્ષણ કર્યું હતું. જમ્મુ કશ્મીરમાં એઇમ્સનું લોકાર્પણ કર્યું છે અને આજે એક સાથે 5 એઈમ્સનું લોકાર્પણ કર્યું છે. આ સાથે હોસ્પિટલના વિવિધ વિભાગો, ઓપરેશન થિયેટર તેમજ આઈ.પી. ડી.ની મુલાકાત લઈને વિવિધ વ્યવસ્થાનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું. એઈમ્સ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. સી.ડી.એસ કટોચે વડાપ્રધાનને એઈમ્સના વિવિધ વિભાગોની જાણકારી આપી હતી.



### વિવિધ ખાતમૂહર્ત કર્યા

રાજકોટ સહિત દેશની પાંચ AIIMSનું લોકાર્પણ કર્યું. AIIMSનો કાર્યક્રમ પૂરો કર્યા બાદ PM મોદી હેલિકોપ્ટર મારફત જૂના એરપોર્ટ ખાતે પહોંચી અને ત્યાંથી રેસકોર્સ સુધીનો 800 મીટરનો રોડ-શો યોજ્યો હતો. ત્યારબાદ લોકોની વચ્ચેથી સભા સ્થળે પ્રવેશ લઇ રાજકોટ શહેર-જિલ્લાના 3291 કરોડ સહિત રાજ્યના 48,000 કરોડના વિકાસકામોનું વર્ચ્યુઅલી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.



### લોકોએ ફૂલોનો વરસાદ વરસાવ્યો

PM મોદીએ AIIMS હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ ભવ્ય રોડ-શો યોજી રેસકોર્સ સભા સ્થળે આવી પહોંચ્યા હતા. અહીં 4:43 મિનિટે પ્રથમ વખત લોકોની વચ્ચે થઈને સ્ટેજ સુધી પહોંચ્યા હતા.

### રાજકોટ AIIMS : 190 ડોક્ટર્સ, 318 નર્સિંગ સ્ટાફ

PM મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ AIIMS રાજકોટમાં આકાર લઈ રહી છે. રાજકોટ AIIMS તેમજ વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. લોકાર્પણ પછી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના દર્દીઓને OPD બાદ IPD સારવાર પણ રાજકોટ AIIMS ખાતે મળી રહેશે. જેમાં 190 ડોક્ટર્સ અને 318 નર્સિંગ સ્ટાફ્સ દર્દીઓની સેવા અને સારવારમાં હાજર તૈનાત રહેશે.

## આજે સમગ્ર દેશ અબ કી બાર 400 પારનો વિશ્વાસ કરી રહ્યો છે : વડાપ્રધાન મોદી



કાર્યક્રમની શરૂઆતમાં સંબોધન કરતા PM મોદીએ જણાવ્યું કે,એક સમય હતા જ્યારે દેશના તમામ પ્રમુખ કાર્યક્રમ દિલ્હીમાં જ થતાં હતા. મેં ભારત સરકારને દિલ્હીથી બહાર કાઢી દેશના ખૂણે ખૂણે પહોંચાડી અને આજે રાજકોટ પહોંચી છે. આજનો આ કાર્યક્રમ પણ આ વાતનો પુરાવો છે કે, આજનો આ એક કાર્યક્રમ દેશના અનેક શહેરોમાં વિકાસ કાર્યો, લોકાર્પણ અને શિલાન્યાસ થવું એક નવી પંરપરાને આગળ વધારી રહ્યું છે.

મે રાજકોટને ગેરન્ટી આપી હતી કે ગુજરાતની પ્રથમ AIIMS હોસ્પિટલ રાજકોટમાં હશે,મોદીની ગેરન્ટી એટલે પુરી થવાની ગેરન્ટી. આજે જ્યારે સમગ્ર દેશ ત્રીજી વાર NDA સરકારને આશિર્વાદ આપી રહ્યો છે. આજે સમગ્ર દેશ અબ કી બાર 400 પારનો વિશ્વાસ કરી રહ્યો છે. હું રાજકોટના એક એક પરિવારને માથું ઝૂકાવી પ્રણામ કરું છું. પેઢીઓ બદલાઈ ગઈ પરંતુ મોદી પ્રત્યેનો સ્નેહ દરેક આયુ સીમાથી ઉપર છે. તમારા રૂણને વ્યાજ સાથે વિકાસ કરીને ચૂકાવવાનો પ્રયાસ કરું છું.

## 'મેં ઊંડા દરિયામાં જઈને પ્રાચીન દ્વારકાજીના દર્શન કર્યા' | જનસભામાં બોલ્યા PM મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે છે. તેમણે આજે (રવિવાર) સવારે બેટ દ્વારકા મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યું હતું. ત્યાંથી વડાપ્રધાન દ્વારકાધીશ મંદિર પહોંચ્યા હતા જ્યાં દ્વારકાધીશના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે દ્વારકાના દરિયામાં સ્કૂબા ડાઈવિંગ કર્યું હતું. ત્યારબાદ વડાપ્રધાન મોદી દ્વારકામાં જનસભાને સંબોધિત કરવા પહોંચ્યા હતા. અહીં તેમનું સોનાનો મુગટ પહેરાવીને સ્વાગત કરાયું હતું.

જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મેં ઊંડા દરિયામાં જઈને પ્રાચીન દ્વારકા જીના દર્શન કર્યા. પુરાતત્વના જાણકારોએ દરિયામાં સમાયેલી આ દ્વારકા અંગે ઘણું બધુ લખ્યું છે. કહેવામાં આવે છે કે, ભગવાન વિશ્વમકર્માએ ખુદ આ દ્વારકાનગરીનું નિર્માણ કર્યું હતું. આજે મારું મન ખુબ ગદગદ છે. હું ભાવવિભોર છું. દાયકાઓ સુધી જે સપનું જોયું હોય અને આજે તે પવિત્ર ભૂમિને સ્પર્ષ કરીને પૂર્ણ થશે. તમે કલ્પના કરી શકો છો કે, મારી અંદર કેટલો આનંદ હશે.'

## 22 વર્ષ પહેલા રાજકોટે મને આર્શિવાદ આપ્યા અને મેં જીવનમાં પહેલી વાર શપથ લીધા : PM



આજે હું રાજકોટ આવ્યો છું. ઘણી જૂની યાદો તાજી થઈ ગઈ છે. મારા જીવનનો કાલે એક વિશેષ દિવસ હતો. મારી ચૂંટણી યાત્રાની શરૂઆતમાં રાજકોટની મોટી ભૂમિકા છે. 22 વર્ષ પહેલાં 24 ફેબ્રુઆરીએ જ રાજકોટે મને પહેલી આશિર્વાદ આપ્યો હતો અને પોતાનો ધારાસભ્ય પસંદ કર્યો હતો. અને આજે 25 ફેબ્રુઆરીના દિવસે મેં પહેલી વખત રાજકોટના ધારાસભ્ય તરીકે ગાંધીનગર વિધાનસભામાં શપથ લીધા હતા. જીવનમાં પહેલી વખત શપથ લીધા હતા. પરંતુ આજે 22 વર્ષ પછી હું રાજકોટના એક એક વ્યક્તિને ગર્વથી કહીં શકું છું કે મેં તમારા વિશ્વાસ પર ખરા ઉતરવાનો પ્રયત્ન કર્યો છે. આજે સમગ્ર દેશ એટલે પ્રેમ આપી રહ્યો, આશિર્વાદ આપી રહ્યો છે તો તેના યક્ષનું હકદાર રાજકોટ પણ છે.

રાજકીય જીવનની પ્રથમ ચૂંટણી જીત્યા બાદ તેઓ 2014 સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ એટલે કે 10 વર્ષથી વડાપ્રધાનના સર્વોચ્ચ પદે છે, વિશ્વભરમાં તેમનું નામ ગુંજતું થયું છે પરંતુ, તે રાજકોટનું ઋણ ભૂલ્યા નથી.

**Quick Read**

### રશિયા-યુક્રેન યુદ્ધમાં સુરતી યુવકનું મોત : પિતાએ વાત કર્યાના બીજા જ દિવસે ડ્રોન હુમલામાં દીકરાનું મોત

દંતેવાડા | રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન સિક્યોરિટી હેલ્પર તરીકે કામ કરતા સુરતના હેમિલ માંગુકિયા નામના યુવાનનું યુક્રેનમાં ડ્રોન હુમલામાં મોત થઈ ગયું છે. આ યુવાનનું 21 ફેબ્રુઆરીના રોજ મોત થઈ ગયું છે. પરંતુ તેના મૃત્યુ અંગે કોઈ પુષ્ટી કરવામાં આવી નહોતી. હેમિલના મૃત્યુ અંગે તેમના પિતા અશ્વિનભાઈ સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, હા હેમિલનું 21 ફેબ્રુઆરીના રોજ ડ્રોન હુમલામાં મૃત્યુ થઈ ગયું છે. યુક્રેનમાં વોરઝોનમાં ત્રણ હૈદરાબાદના યુવાન અને એક સુરતનો હેમિલ હતો. ડ્રોન હુમલો થયો તેમાં હેમિલનું મોત થયું અને હૈદરાબાદના ત્રણ યુવાનો બચી ગયા હતા.

### સિમી સંગઠનનો ખૂંખાર આતંકી હનીફ શેખને દિલ્હી પોલીસે દબોચ્યો, 22 વર્ષથી હતો ફરાર

નવી દિલ્હી | દિલ્હી પોલીસે આખરે 22 વર્ષથી ફરાર પ્રતિબંધિત સંગઠન સિમીના સભ્ય હનીફ શેખની ધરપકડ કરી છે. તેના પર વર્ષ 2001માં દેશદ્રોહનો આરોપ લાગ્યો હતો. હનીફ શેખ સામે કડક ગેરકાનૂની પ્રવૃત્તિઓ એક્ટ (UAPA) હેઠળ કેસ નોંધવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હનીફ શેખ ઈસ્લામિક મૂવમેન્ટ મેગેઝીનની ઉર્દૂ આવૃત્તિનો સંપાદક હતો. તેણે છેલ્લા 25 વર્ષમાં ઘણા મુસ્લિમ યુવાનોને કટ્ટરપંથી બનાવ્યા છે. હનીફ સુધી પહોંચવુ ઘણુ મુશ્કેલ હતું કારણ કે ઈસ્લામિક મૂવમેન્ટ મેગેઝિનમાં તેનું નામ હનીફ હુડાઇ પ્રકાશિત થયુ હતુ તે એક માત્ર જ પુરાવો હતો તેને શોધવા માટેનો. ડેપ્યુટી કમિશનર અંકિત સિંહના જણાવ્યા અનુસાર તે સિમી સંગઠનનો ખતરનાક આતંકવાદી છે.

### જમ્મુથી અચાનક જ ડ્રાઇવર વિના રવાના થઈ ગઈ માલગાડી:100ની સ્પીડે 83 કિમીની સફર કરી

પઠાણકોટ | પંજાબને અડીને આવેલા પઠાણકોટ પાસે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દમતાલથી દોડતી માલગાડી અચાનક 100 કિમીની ઝડપે દોડવા લાગી, આશ્ચર્યની વાત એ છે કે આ માલગાડીમાં કોઈ ડ્રાઈવર નહોતો. એટલે કે માલગાડી ડ્રાઈવર વિના પાટા પર દોડી રહી હતી, જેને ઘણા પ્રયત્નો પછી 83 કિલોમીટર દૂર ઉચી બસ્સી સ્ટેશને રોકી શકાઈ. ડ્રાઈવર વિના ચાલતી ગુડ્સ ટ્રેન વિશે લોકોને જાગૃત કરવા માટે, સ્ટેશન પર જાહેરાત કરીને ટ્રેક ખાલી કરવા અપીલ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ઉચી બસ્સીમાં ચઢાણ હોવાથી ટ્રેનની ગતિ ધીમી થઈ ગઈ અને તે ત્યાં અટકી ગઈ, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

## હરિયાણામાં INLDના પ્રદેશ અધ્યક્ષની 40 રાઉન્ડ ગોળી મારી હત્યા કરાઇ

### નફે સિંહ રાઠી પર અંધાધૂંધ ફાયરિંગ, એક સુરક્ષાકર્મીનું મોત, 2 ઘાયલ; લોરેન્સ ગેંગ પર શંકા



બહાદુરગઢ | તા.25

હરિયાણાના બહાદુરગઢમાં ઈન્ડિયન નેશનલ લોકદળના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય નફે સિંહ રાઠીની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. તેઓ સુરક્ષા કર્મચારીઓ સાથે કારમાં હતા. આ દરમિયાન હુમલાખોરોએ તેમના પર આડેધડ 40થી 50 રાઉન્ડ ફાયરિંગ (Firing) કર્યું હોવાનું કહેવાય છે. મળતા અહેવાલો મુજબ આ ઘટનામાં એક સુરક્ષા કર્મચારીનું પણ મોત થયું છે. મળતા અહેવાલો મુજબ નફે સિંહ રાઠી કારમાં સવાર હતા. આ દરમિયાન હુમલાખોરો એક કારમાં તેમનો પીછો કરી રહ્યા હતા. જ્યારે નફે સિંહની કાર બરાહી ફાટક સાથે ઉભી રહી ત્યારે હુમલાખોરોએ તેમના પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. એવું કહેવાય છે કે, હુમલાખોરોએ ઓછામાં ઓછા 40-50 રાઉન્ડ ફાયરિંગ કર્યું. સામે આવી તસવીરોમાં રાઠીની કારના કાચ તૂટી ગયા છે અને ગાડી પર પણ ફાયરિંગના નિશાન જોવા મળી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે, 'હરિયાણામાં ઈનેલો પ્રદેશ અધ્યક્ષ નફે સિંહ રાઠીની ગોળી મારી હત્યા કરવાના સમાચાર ખૂબ જ દુ:ખદ છે.

**જાનથી મારવાની ધમકીઓ મળતી હતી :** ઈન્ડિયન નેશનલ લોકદળના એક નેતાએ જણાવ્યું કે, નફે સિંહ રાઠીને જાનથી મારવાની સતત ધમકીઓ મળતી હતી. પાર્ટીના પ્રવક્તા અમનદીપે જણાવ્યું કે, 'સરકાર પાસે તેમની સુરક્ષા મંગાઈ હતી, પરંતુ સુરક્ષા ન મળી. તેમના પર અગાઉ પણ નાના-મોટા હુમલાઓ થયા છે.' ઈજ્જરના એસપી અર્પિત જૈને કહ્યું કે, 'પોલીસને ફાયરિંગની માહિતી મળી હતી. સીઆઈએ અને એસટીએફની ટીમો તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે.'

### અમે 10 વર્ષમાં તમામ વચનો પુરા કર્યા-શાહ

## કોંગ્રેસે હંમેશા સનાતન ધર્મનું અપમાન કર્યું: અમિત શાહ

ખજૂરાહો | તા.25

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ આજે મધ્યપ્રદેશના પ્રવાસે છે. તેઓએ અહીં બીજેપી બૂથ સમિતિ સંમેલનને સંબોધન કર્યુ હતું. તેઓએ કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં કલમ 370 હટાવવા અને રામમંદિરને લઈને વિવિધ મુદ્દાને લઈને વાત કરી હતી. અમિતશાહના સંબોધનની મુખ્ય વાતો વિશે વાત કરીએ તો તેમણે સંબોધન કરતા જણાવ્યું કે અમે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાંથી અનુચ્છેદ 370 હટાવીને રહીશુ તે વચન અમે પૂર્ણ કર્યું. અમે અયોધ્યામાં રામ મંદિર બનાવવાનું વચન આપ્યું હતું, જે અમે પૂરું કર્યું. મોદીજીના 10 વર્ષમાં અમે અમારા તમામ વચનો પૂરા કર્યા છે. અમે સેના માટે વન રેન્ક, વન પેન્શનનું વચન આપ્યું હતું અને અમે તેને પૂરું કર્યું.

કેન્દ્રીય ગૃહમંત્રીએ વિરોધીઓ પર નિશાન સાધતા કહ્યું કે કોંગ્રેસે હંમેશા સનાતન ધર્મનું અપમાન કર્યું છે. તેમના નેતાઓ સનાતન ધર્મ વિરુદ્ધ નિવેદનો આપે છે. જ્યારે મોદીજીએ સમગ્ર વિશ્વમાં સનાતનને આગળ વધારવાનું કામ કર્યું છે. આવનારી ચૂંટણી એ ભારતને મહાન બનાવવાની આપણી ચૂંટણી છે. આગામી ચૂંટણી ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાપિત કરવાની છે.



**▪ 400 નેતાઓ-કાર્યકરો સાથે બેઠક**

મહત્વનું છે કે મધ્યપ્રદેશની ચાર લોકસભા બેઠકો, મોરેના, ભીંડ, ગુના અને ગ્વાલિયર-ચંબલ ક્લસ્ટરની બૂથ મેનેજમેન્ટ કમિટીના લગભગ 400 નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક યોજી. બેઠકમાં હાજર રહેલા ભાજપના એક સ્થાનિક નેતાએ શાહને ટાંકીને કહ્યું કે દરેક મત પાર્ટી માટે મહત્ત્વપૂર્ણ છે. તેમણે કાર્યકર્તાઓને છેલ્લી ચૂંટણીની સરખામણીમાં દરેક બૂથ પર 370 વધારાના મતોની ખાતરી કરવા જણાવ્યું છે.

**▪ નેતાઓ સાથે વન ટુ વન ચર્ચા કરી**

એક અહેવાલ દ્વારા મળતી માહિતી મુજબ કેન્દ્રીય મંત્રીએ જમીનની સ્થિતિ જાણવા માટે પાર્ટીના કેટલાક નેતાઓ અને કાર્યકરો સાથે વન-ટુ-વન બેઠક પણ કરી હતી અને લોકસભા ચૂંટણીમાં વિજય સુનિશ્ચિત કરવા માટેની વ્યૂહરચના અંગે ચર્ચા કરી હતી. નેતાએ કહ્યું કે કેન્દ્રીય મંત્રીએ કાર્યકર્તાઓને લોકસભા ચૂંટણીમાં પાર્ટીના વોટ 10 ટકા વધારવા માટે પ્રયાસો કરવા પણ વિનંતી કરી.

## અરુણાચલ પ્રદેશમાં વિપક્ષને ઝટકો

### કોંગ્રેસ-NPPના કુલ 4 ધારાસભ્યો જોડાયા ભાજપમાં

ઇટાનગર | તા.25

લોકસભાની ચૂંટણીની તારીખો આવતા મહિને જાહેર થાય તેવી શક્યતા છે. તેવામાં રાજકીય પાર્ટીઓમાં પક્ષપલટાનો દોર તેજ બન્યો છે. રોજબરોજ કોઇને કોઇ પાર્ટી પક્ષ પલટો કરતા હોવાના સમાચાર સામે આવે છે ત્યારે હવે અરુણાચલ પ્રદેશમાં વિપક્ષને ધારદાર ફટકો પડ્યો છે. ઉત્તર પ્રદેશના આંબેડકર નગરથી બહુજન સમાજ પાર્ટી (BSP)ના સાંસદ રિતેશ પાંડેએ રવિવારે BSPમાંથી રાજીનામું આપી દીધું અને ભારતીય જનતા પાર્ટી (BJP)માં જોડાયા. ત્યારે હવે અરુણાચલ પ્રદેશમાં મોટું પરિવર્તન આવ્યું છે. ત્યાં કોંગ્રેસના 2 ધારાસભ્યો સહિત 4 ધારાસભ્યો સત્તાધારી ભાજપમાં જોડાયા. પાર્ટી બદલનારાઓમાં એક પૂર્વ કેન્દ્રીય મંત્રીનો પણ સમાવેશ થાય છે. અરુણાચલ પ્રદેશમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના 2 ધારાસભ્યો અને 2 નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) ધારાસભ્યો રવિવારે સત્તાધારી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. 4 ધારાસભ્યોના પક્ષપલટાને કારણે વિધાનસભામાં બંને પક્ષોના ધારાસભ્યોની સંખ્યામાં ઘટાડો થયો છે.



**ભાજપનો 56 બેઠકો પર કબજો :** મહત્વનું છે કે હાલ અરુણાચલ પ્રદેશમાં ભાજપની સરકાર છે અને પેમા ખાંડુ મુખ્યમંત્રી છે. ભાજપે હવે અરુણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકોમાંથી 56 બેઠકો કબજે કરી લીધી છે. 2019ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પોતાના દમ પર 41 બેઠકો જીતવામાં સફળ રહી હતી.

### યુપી: ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ, 4વ્યક્તિના મોત, અનેક ગંભીર



**CM યોગીએ ઝડપી રાહતકાર્ય માટે આપી સૂચના**

કૌશામ્બી | ઉત્તર પ્રદેશના કૌશામ્બી જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ થયો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર અત્યાર સુધીમાં લગભગ 4 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ફટાકડાની ફેક્ટરીમાં હજુ પણ વિસ્ફોટો ચાલુ છે. અત્યાર સુધીમાં 10 લોકોને બચાવીને ફેક્ટરીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામની હાલત ખૂબ જ ચિંતાજનક હોવાનું કહેવાય છે.

## પોલીસ કસ્ટડી કે સુધારા ગૃહમાં મહિલાઓ અસુરક્ષિત

### 2017થી 2022 દરમિયાન દુષ્કર્મના 275 કેસ

નવી દિલ્હી | તા.25

દેશની પોલીસ કસ્ટડીમાં અને સુધારા ગૃહોમાં પણ મહિલાઓ અસુરક્ષિત હોવાનો ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) ના આંકડા મુજબ દેશમાં 2017થી 2022 દરમિયાન કસ્ટડીમાં દુષ્કર્મના 275થી વધુ કેસ નોંધાયા છે. એટલું જ નહીં આ ગંભીર ગુના આચનારાઓ પોલીસ કર્મચારીઓ, જાહેર સેવકો, સશસ્ત્ર દળોના સભ્યો અને જેલોના કર્મચારીઓ, રિમાન્ડ હોમના કર્મચારીઓ, અટકાયતની જગ્યાઓ અને હોસ્પિટલોના કર્મચારીઓ સામેલ હોવાનો ખુલાસો થયો છે. આ ઉપરાંત કેટલાક વર્ષોથી આવા કેસોમાં આંશિક ઘટાડો થયો હોવાનું પણ જણાવાયું છે. 2022માં આવા 24 કેસ નોંધાયા હતા, જ્યારે 2021માં 26, 2020માં 29, 2019માં 47, 2018માં 60 અને 2017માં 89 કેસ નોંધાયા હતા.

ઈન્ડિયા ગઠબંધન ગુજરાતમાં લાગુ થયું છે અને ભાવનગર સીટ પરથી મારા નામની જાહેરાત થઇ છે, તેને અમે વધાવી લઇએ છીએ: ઉમેશ મકવાણા

# ભાવનગર લોકસભા પરથી 'આપ' ઉમેદવાર ઉમેશ મકવાણાના નામ પર ઈન્ડિયા ગઠબંધનની મહોર લાગી

**બોટાદ જિલ્લાના વિશ્વ પ્રખ્યાત વિસામણ બાપુની જગ્યા પાળીયાદ ધામ અને બોટાદ તાલુકાના કાનીયાડ ગામ સ્થિત ઝાંપડા દાદાના દર્શન કરી લોકસભાની ચૂંટણીના શ્રીગણેશ કર્યા, અમે વિશ્વાસ આપીએ છીએ કે કોંગ્રેસના તમામ સાથીઓને સાથે લઈને અને વિશ્વાસમાં લઈને આગળ વધીશું અને સાથે મળીને રણનીતિ બનાવીશું: ઉમેશ મકવાણા**

અમદાવાદ/ભાવનગર/ગુજરાત

આમ આદમી પાર્ટી બોટાદના ધારાસભ્ય અને ભાવનગર લોકસભા બેઠક ના ઉમેદવાર ઉમેશ મકવાણાએ આજરોજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું ઈન્ડિયા ગઠબંધન ગુજરાતમાં લાગુ થયું છે અને ભાવનગર લોકસભા સીટ પરથી મારા નામની જાહેરાત થઈ છે, તેને અમે વધાવી લઈએ છીએ.



આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ના શીર્ષ નેતાઓ નો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. અમે તેમને વિશ્વાસ આપીએ છીએ કે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના તમામ સાથીઓને સાથે લઈને અને વિશ્વાસમાં લઈને આગળ વધીશું અને સાથે મળીને રણનીતિ બનાવીશું. ભાવનગર લોકસભા સીટ મારી બોટાદ અને ભાવનગર ની જનતા જીતીને બતવશે.

આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના તમામ આગેવાનો મારી સાથે જોડાય અને સાથે મળીને જન સંપર્ક કરીએ તે માટે હું આમંત્રણ આપું છું. હું તેમને વિશ્વાસ અપાવવા માગું છું કે સાથે મળીને આ લોકતંત્ર બચાવવાની લડાઈમાં આગળ વધીશું અને સાથે મળીને રણનીતિ બનાવીશું તો આપણે ચોક્કસ આ લોકસભા ચૂંટણી જીતીશું અને ભાવનગર લોકસભાની સીટ ઈન્ડિયા ગઠબંધનને આપી શકીશું.

લોકસભાના ઉમેદવાર તરીકે બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી, ત્યારે આજે ઉમેશ મકવાણા દ્વારા વિશ્વ પ્રખ્યાત વિસામણ બાપુની જગ્યા પાળીયાદ ધામ ખાતે આશીર્વાદ લીધા અને ત્યારબાદ બોટાદ તાલુકાના કાનીયાડ ગામ ખાતે ઝાંપડા દાદાના દર્શન કરી કાનીયાડ ગામે જનસભા સંબોધી હતી ત્યાર બાદ બોટાદ તાલુકાના તરઘરા સિકોતર માતાના આશીર્વાદ લઇ તરઘરા ગામ ખાતે જનસભા સંબોધી હતી અને બોટાદ તાલુકાના હડદડ ગામ ખાતે લોકોએ ઉત્સાહભેર ભાવનગર લોકસભાના ઉમેદવાર ઉમેશ મકવાણાનું ઢોલ-નગારા વગાડી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ઉમેશ મકવાણાએ હડદડ ગામ ખાતે પણ સભાને સંબોધી હતી અને લોકોની સમસ્યાઓ જાણી અને તેના ઉકેલ માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું.

લોકસભા -2024 ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગઠબંધન 15-ભાવનગર લોકસભાના ઉમેદવાર અને બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાને દરેક સભામાં લોકોનો ખુબ મોટો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો આવ્યા હતા અને ઉમેશ મકવાણાને જંગી બહુમતીથી ચૂંટણી જીતાડવા લોકોએ હુંકાર કર્યો હતો.

## બેટ દ્વારકા હેલિપેડ ખાતે વડાપ્રધાનનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ -દ્વારકાની મુલાકાતે પધાર્યા છે. બેટ દ્વારકા ખાતે સુદર્શન બ્રિજના લોકાર્પણ પ્રસંગે પધારેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું બેટ દ્વારકા હેલિપેડ ખાતે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું બેટ-દ્વારકા હેલિપેડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ મંત્રી મુળુભાઇ બેરા, ગૃહરાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ સી. આર. પાટીલ, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, મુખ્ય સચિવ રાજકુમાર, રીઅલ એડમિરલ અનિલ જગ્ગી, ડીજીપી વિકાસ સહાય, પ્રભારી સચિવ મુકેશ પંડ્યા, અગ્રણી મયુર ગઢવી, ઉષાબેન ગોહિલ, દિલીપ કોટેચા સહિત મહાનુભાવોએ વડાપ્રધાનનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું.

## ધી ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયરિંગ એન્ડ આર્કિટેક્ટ (GICEA) દ્વારા ગોલ્ડ મેડલ એવોર્ડ સમારોહ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ધી ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયરિંગ એન્ડ આર્કિટેક્ટ (GICEA) દ્વારા ગોલ્ડ મેડલ એવોર્ડ સમારોહ યોજાયો હતો.

આ સમારોહમાં સિવિલ એન્જિનિયરિંગ અને આર્કિટેકચર જેવા શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ સિદ્ધિ હાંસલ કરેલ 83 જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. જેમાં 41 જેટલા ગોલ્ડ મેડલ સ્નાતક સ્તરે જ્યારે 37 જેટલા મેડલ અનુસ્નાતક સ્તરે જ્યારે 5 જેટલા ગોલ્ડ મેડલ ડિપ્લોમા સ્તરે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અપાયા હતા. જેમાં સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાં 63 મેડલ, આર્કિટેક્ટ વિભાગમાં 17 અને અર્બન પ્લાનિંગ વિભાગમાં 3 જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ રાજ્યની વિવિધ 33 જેટલી યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ થયેલા છે. રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે તમામ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સેપ્ટ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ બર્જોર મહેતા, બકેરી ગ્રૂપના ડાયરેકટર પાવન બકેરી, GICEAના પ્રેસિડેન્ટ બકુલ દેસાઈ, વાઈસ પ્રેસિડેન્ટ દીપક પટેલ, અપૂર્વ ઠાકરશી તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તર ગુજરાત વણકર સમાજ પંચ અને પરગણા મહાસંઘ ટ્રસ્ટના ઉપક્રમે ગાંધીનગરમાં "વણકર ભવન"નો ભૂમિપૂજન સમારોહ સંપન્ન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓમાં બહુલતા ધરાવતા વણકર સમાજ દ્વારા આજે ગાંધીનગર સેક્ટર ૧૧ના વિશાળ રામકથા મેદાન ખાતે, કેવળ વણકર સમાજના યોગદાનથી રૂપિયા બાર કરોડના ખર્ચે સાકાર થનાર 'વણકર ભવન'નો ભૂમિપૂજન સમારોહ ગુજરાત રાજ્યના ખૂણે ખૂણેથી વિરાટ સંખ્યામાં ઉમટી પડેલા વણકર સમાજની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. પૂર્વ સમાજ કલ્યાણ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરી અને પૂર્વ ક્લેક્ટર સ્વ. કે. કે. ચૌહાણ જેના સ્વપ્નદ્રષ્ટાઓ રહ્યા છે તે ગાંધીનગરના કુડાસણ મુકામે સાકાર થઈ રહેલા 'વણકર ભવન'ની ભૂમિપૂજનવિધિ ડૉ. કરસનદાસ સોનેરી અને સ્વ. ચૌહાણના ધર્મપત્ની કુસુમબેન ચૌહાણના વરદહસ્તે મહાનુભાવોની અને સમાજના આગેવાનો - ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં સવારે સંપન્ન થયા પછી તેનો ભૂમિપૂજન સમારોહ રામકથા મેદાન ખાતે યોજાયો હતો. મહંત લાલદાસ બાપુ (જોધલપીર ધામ-કેસરડી), મહંત તુલસીદાસ (સંત કબીર આશ્રમ-સુરત), મહંત વીરેશ્વરબાપુ (જગ્યા તલોદ)ની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી. એક સમયે મોટેભાગે કાપડ વણવાના-વણાટકામ સાથે જોડાયેલા સ્વાશ્રયી વણકર સમાજ દ્વારા નિર્મિત થનારા 'વણકર ભવન'નો ઉદ્દેશ વણકર સમાજની એકતા, અખંડિતતા, પ્રતિષ્ઠા અને અસ્મિતા જાળવવાની



સાથે સમાજના સામાજિક, આર્થિક અને રચનાત્મક ઉત્થાનનો છે. ગુજરાત રાજ્યના વણકર પરગણાના ૪૦૦ જેટલા ગામોમાં ૩૨૦૦ કિ.મી.ની 'વણકર ગૌરવ યાત્રા'ને મળેલા વ્યાપક આવકાર અને યાત્રા દરમિયાન મળેલા સહકાર-અનુદાન બાદ'વણકર ભવન'ના વિચારને મૂર્તિમંત કરવામાં આવ્યો છે. પ્રારંભે સંઘના મહામંત્રી હરગોવિન્દભાઈ સોલંકીએ ઉપસ્થિત મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કરી સંમેલનની ભૂમિકા રજુ કરી હતી જ્યારે વણકર મહાસંઘના પ્રમુખ ડો. અમૃત પરમારે 'વણકર ભવન'ને સાકાર કરવા પાછલા વર્ષોમાં સૌ ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, દાતાઓ અને સમગ્ર વણકર સમાજે કરેલ તનતોડ પ્રયાસોની માહિતી આપી, ભવન માટે ઉદાર હાથે દાન કરવા અપીલ કરી હતી. 'વણકર ભવન' માટે રૂપિયા ૫૧ લાખ, ૧૫ લાખ, ૧૧ લાખ, ૫ લાખ અને ૧ લાખની માતબર રકમના દાન કરનારા ૧૦૦ જેટલા દાતાઓનું મહાનુભાવો દ્વારા તાળીઓના ગડગડાટ વચ્ચે સન્માન કરવામાં આવ્યું હતું. પ્રારંભે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ સમગ્ર વણકર સમાજના આદ્ય સંત વીર મેઘમાયા અને યુગપુરૂષ-ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની તસવીરોને પુષ્પાર્પણ કરી, દીપ પ્રાકટ્યથી સમારોહનો પ્રારંભ કરાવ્યો હતો. સમારોહના અધ્યક્ષ, 'વણકર ભવન' ના સ્વપ્નદષ્ટા, વણકર મહાસંઘના ચીફ પેટ્રન અને પૂર્વ મંત્રી કરસનદાસ સોનેરીએ તેમના લાગણીસભર પ્રવચનમાં જણાવ્યું હતું કે, બાર કરોડના ખર્ચે સાત માળના બનનાર આ ભવન, તેની સમાજલક્ષી - શિક્ષણલક્ષી - વિકાસલક્ષી પ્રવૃતિ સાથે સમાજની ઉન્નતિ માટે એક સીમાચિન્હ બની રહેશે.

## ધાણોધરડા ખાતે આવેલ ગૌશાળામાં પિતૃના જન્મદિવસ નિમિત્તે સુંદરકાંડના પાઠનુ આયોજન કરાયું



ચાણસ્મા તાલુકાના ધાણોધરડા ગામ નજીક આવેલ સંતોષ ગૌશાળા ના પરિસરમાં આજરોજ સાંજના સુમારે જન્મદિન નિમિત્તે સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સૌ પ્રથમ ગૌ પૂજન થકી સુંદરકાંડના પાઠનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા હાજર રહી સુંદરકાંડના પાઠનો લ્હાવો લીધો હતો મૂળ દસક્રોઈ તાલુકાના વહીલાલ ગામના અરવિંદભાઈ નારણદાસ પટેલ ના જન્મ દિવસ નિમિત્તે આજરોજ તેમના પુત્ર શ્રીકુંજ પટેલ દ્વારા આજરોજ ચાણસ્મા તાલુકાના ધાણોધરડા ગામ નજીક આવેલ સંતોષ ગૌશાળાના પ્રાંગણમાં સુંદરકાંડ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સૌ પ્રથમ ગૌ પૂજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ સુંદરકાંડના પાઠનો શનિદેવના મંદિર ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો માં વક્તા તરીકે પરમ પૂજ્ય ધવલકુમારજી એ તેમના મધુર કંઠેથી સંગીતમય શૈલીથી સુંદરકાંડનું રસપાન કરાવ્યું હતું . ગોપાલભાઈ પટેલ ત્થા શ્રી કુંજભાઈ સહિત આ પ્રસંગે સંતોષ ગૌશાળા ના સંચાલક વી .એલ પટેલ(સ્વામીજી) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વોન્ટેડ અને પ્રોહીબિશન સહિત કુલ 59 ગુનાઓમાં સંડોવાયેલ લિસ્ટેડ બુટલેગરની ઉજજૈન નજીકથી ધરપકડ કરવા અમરેલી LCB ટીમને મોટી સફળતા મળી

અશોક મણવર અમરેલી

ગુજરાતમાં ડ્રગ્સ મુક્તિ માટે જંગ વેરાવળ બંદર નજીકથી પોલીસે રૂ.૩૫૦ કરોડનો ૫૦ કિલો હેરોઈન ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યો: ત્રણ મુખ્ય આરોપીઓ સહિત ૯ની ધરપકડ

ગાંધીધામમાં બે વર્ષના માસુમ બાળકની અપહરણ કરી નિર્મમ હત્યા કેસમાં માત્ર ત્રણ માસના ટુંકા ગાળાની અંદર સંપૂર્ણ ન્યાયીક પ્રક્રિયા પુર્ણ કરી ગાંધીધામ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને આજીવન કેદની સજા પ્રશંસનીય કામગીરી બદલ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ગીર સોમનાથ પોલીસને રૂ.૧૦ લાખ અને અમરેલી પોલીસને રૂ.૫ લાખ ઈનામની જાહેરાત રાજ્યમાં ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેક્શન પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે તેની સાથે સાથે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાતમાં ડ્રગ્સ મુક્તિ માટે જંગ છેડી દેવામાં આવી છે. એટલુ જ નહિ, ગંભીર ગુનાઓમાં



આરોપીઓને ખુબ જ ઝડપી અને કડક સજા મળે તે રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ તમામ બાબતોની પ્રતિતિ કરાવતી કાર્યવાહી આજે એક જ દિવસમાં ગુજરાત પોલીસે કરી છે. ઈરાનથી દરિયાઈ માર્ગે ગુજરાતના વેરાવળ ખાતે હેરોઈન લાવવામાં આવી રહ્યુ હોવાની બાતમી મળતા ગીર સોમનાથ SOG દ્વારા વેરાવળ બંદરના નલિયા ગોદી કાંઠે દરોડો પાડી આશરે રૂ.૩૫૦ કરોડની કિંમતના હેરોઈન ડ્રગ્સનો ૫૦ કિલોનો જથ્થો પકડી પાડ્યો હતો. જેમાં ત્રણ મુખ્ય આરોપીઓ સહિત કુલ ૯ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગીર સોમનાથ પોલીસને આ પ્રશંસનીય કામગીરી બદલ રૂ.૧૦ લાખ ઈનામની જાહેરાત કરી છે. બીજી તરફ રાજ્યના વિવિધ જિલ્લાઓના ગુનાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ ચાલી રહી છે. આ ડ્રાઈવ દરમિયાન અમરેલી એલ.સી.બી.ની ટીમે રાજ્યના અલગ-અલગ ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં વોન્ટેડ અને પ્રોહીબિશન સહિત કુલ ૫૯ ગુનાઓમાં જેની સંડોવણી છે તે આરોપી જુનાગઢના લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયાને મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેર નજીકથી પકડી પાડવામાં આવ્યા છે. અમરેલી પોલીસને ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આ સરાહનીય કામગીરી બદલ રૂ.૫ લાખના ઈનામની જાહેરાત કરી છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૨૯ જેટલા ગંભીર ગુનાઓમાં આરોપીને આજીવન કેદ અને ફાંસીની સજા થઇ છે ત્યારે આજે વધુ એક દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવી છે. તાજેતરમાં ગાંધીધામમાં બે વર્ષના માસુમ બાળકની અપહરણ કરી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ કેસની ગંભીરતાને સમજીને ગાંધીધામ પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડ્યો હતો. એટલુ જ નહિ, માત્ર ૪૮ કલાકમાં ગુના મુદ્દામાલનું પૃથ્થકરણ કરી અભિપ્રાય સર્ટિ આપતા સાત જ દિવસમાં ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવી હતી.

## 15માં દિવ્ય કલા મેળાનું ભવ્ય સમાપન સમારોહ યોજાયો - રેકોર્ડ બ્રેક બે કરોડના વિક્રમી વેચાણ થયું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા આયોજિત ૧૫માં દિવ્ય કલા મેળાનો અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. ૧૫માં દિવ્ય કલા મેળામાં રેકોર્ડ બ્રેક ૨ કરોડના વિક્રમી વેચાણ થયું હતું. આ મેળામાં આયોજિત રોજગાર મેળામાં ૧૪ દિવ્યાંગોને જોબ ઓફર લેટર આપવામાં આવ્યાં હતા. એટલું જ નહિ આ મેળામાં સૌથી વધુ ખરીદી કરનારને બેસ્ટ બાયરનો એવોર્ડ એનાયત થયો હતો. આ ઉપરાંત દિવ્યાંગ કલાકારોને પોતાની કલા કૌશલ્ય માટે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## પ્રધાનમંત્રી 26 ફેબ્રુઆરીનાં રોજ આશરે રૂ. 41,000 કરોડનાં મૂલ્યનાં 2000થી વધારે રેલવે માળખાગત પ્રોજેક્ટનું ભૂમિપૂજન, ઉદઘાટન અને લોકાર્પણ કરશે

અમદાવાદ : પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રૂ. 19,000 કરોડથી વધારેનાં ખર્ચે 553 રેલવે સ્ટેશનોનાં પુનર્વિકાસ માટે શિલારોપણ કરશે. પ્રધાનમંત્રી પુનઃવિકસિત ગોમતી નગર રેલવે સ્ટેશનનું ઉદઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી દેશભરમાં આશરે રૂ. 21,520 કરોડનાં ખર્ચે 1500 રોડ ઓવર બ્રીજ અને અંડરપાસનો શિલાન્યાસ, ઉદઘાટન અને લોકાર્પણ કરશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 26 ફેબ્રુઆરીનાં રોજ બપોરે 12:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે રૂ. 41,000 કરોડથી વધારે મૂલ્યનાં આશરે 2000 રેલવે માળખાગત પ્રોજેક્ટનું શિલારોપણ, ઉદઘાટન અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રીએ અવારનવાર રેલવે સ્ટેશનો પર આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ પ્રદાન કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો છે. આ પ્રયાસમાં મોટું પગલું ભરતા પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત 553 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે શિલારોપણ કરશે. 27 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા આ સ્ટેશનોને 19,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ફરીથી વિકસિત કરવામાં આવશે. આ સ્ટેશનો શહેરની બંને બાજુ એકીકૃત કરતા 'સિટી સેન્ટર્સ' તરીકે કામ કરશે. તેમાં રૂફ પ્લાઝા, સુંદર લેન્ડસ્કેપિંગ, ઈન્ટર મોડલ કનેક્ટિવિટી, સુધારેલા આધુનિક અગ્રભાગ, કિડ્સ પ્લે એરિયા, કિઓસ્ક, ફૂડ કોર્ટ વગેરે જેવી આધુનિક પેસેન્જર સુવિધાઓ ઉપલબ્ધ હશે. તેમને પર્યાવરણને અનુકૂળ અને દિવ્યાંગ મૈત્રીપૂર્ણ તરીકે પુનઃવિકસિત કરવામાં આવશે. આ સ્ટેશન ઈમારતોની ડિઝાઈન સ્થાનિક સંસ્કૃતિ, વારસો અને સ્થાપત્યથી પ્રેરિત હશે.

ઉપરાંત પ્રધાનમંત્રી ઉત્તરપ્રદેશમાં ગોમતી નગર સ્ટેશનનું ઉદઘાટન કરશે, જેને આશરે રૂ. 385 કરોડનાં ખર્ચે પુનઃવિકસિત કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં મુસાફરોની વધતી જતી સંખ્યાને પહોંચી વળવા માટે, આ સ્ટેશને આગમન અને પ્રસ્થાન સુવિધાઓને અલગ કરી છે. તે શહેરની બંને બાજુને સંકલિત કરે છે. આ કેન્દ્રીય વાતાનુકૂલિત સ્ટેશન પર આધુનિક પેસેન્જર સુવિધાઓ જેવી કે એર કોનકોર્સ, કન્જેશન ફ્રી સર્ક્યુલેશન, ફૂડ કોર્ટ અને ઉપલા અને નીચલા ભોંયરામાં પાર્કિંગની પૂરતી જગ્યા છે.

પ્રધાનમંત્રી 1500 રોડ ઓવર બ્રીજ અને અંડરપાસનો શિલાન્યાસ, ઉદઘાટન અને દેશને સમર્પિત પણ કરશે. 24 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા આ રોડ ઓવર બ્રીજ અને અંડરપાસમાં આ પરિયોજનાઓનો કુલ ખર્ચ આશરે 21,520 કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટથી ગીચતામાં ઘટાડો થશે, સુરક્ષા અને કનેક્ટિવિટી વધશે, ક્ષમતામાં સુધારો થશે અને રેલવે પ્રવાસની કાર્યદક્ષતા વધશે.





શ્રી મોટા અંગિયા ગ્રામ પંચાયત દ્વારા આયોજિત પાનેતર ઉત્સવ - 4, સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન યોજવા માં આવ્યું જેના મુખ્ય આયોજક શ્રીમાન ઈકબાલભાઈ ઘાંચી જેમના દ્વારા છેલ્લા 4 વર્ષે થી આ ભગીરથ કાર્ય પૂર્ણ થાય છે, આ વર્ષે પણ 15 જેટલાં નવદંપત્તિઓ જે સર્વે જ્ઞાતિ ધર્મ ના નવદંપત્તિઓ હતા, જે એમની રીતભાત મુજબ લગ્ન કરવા માં આવ્યા હતા, આ એક આપના સાચા ભારત દેશ નું ચિત્ર છે જે જ્યાં સર્વે લોકો એક સાથે મળી ને એક થઈ આવા પ્રસંગ માં જોડાય છે. ખુબ ખુબ અભિનંદન આ રૂડા અવસર ના દરેક આયોજક મિત્રો ને.... ખાસ કરી ઈકબાલભાઇ ને લાખ લાખ અભિનંદન

## સુદર્શન સેતુના મુખ્ય આકર્ષણ વ્યુંઈંગ ગેલેરીથી સમુદ્ર દર્શન કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ઓખા અને બેટ-દ્વારકા જોડતા રૂ.૯૭૮.૯૩ કરોડના ખર્ચે નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેળાએ અહીંના સાગર ખેડૂઓએ સુદર્શન બ્રિજની બન્ને બાજુ બેનર તેમજ બોટના માધ્યમથી 'મોદી કી ગેરંટી' પ્રતિકૃતિ બનાવીને અનેરુ આકર્ષણ ઉભુ કર્યું હતું.

બેટ-દ્વારકાની ઓળખ સમો સુદર્શન સેતુ અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે. તેમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર વ્યૂઈંગ ગેલેરીની વડાપ્રધાનએ મુલાકાત લીધી હતી. તેમજ સમુદ્રમાં અનેક સુશોભિત બોટ અને બેનરના માધ્યમથી 'મોદી કી ગેરંટી'ની અદભુત પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. તેમજ સેતુની બીજી તરફ પર સુશોભિત બોટ કરવામાં આવી હતી. વ્યુંઈંગ ગેલેરીની મુલાકાત લઈ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સુદર્શન બ્રિજનો અદભૂત નજારો નીહાળ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ સી.આર.પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખ રિધ્ધિબા જાડેજા, ધારાસભ્ય પબુભા માણેક, મુખ્ય સચિવ રાજકુમાર, કેન્દ્ર સરકારના રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગ સચિવ અનુરાગ જૈન,નેશનલ હાઈવેના સ્પેશ્યલ સેક્રેટરી પી.આર.પાટેલિયા તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર આલોક પાંડે ઉપસ્થિત રહ્યા હતા.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## કેન્સરની બીમારીથી કંટાળી આધેડે બાથરૂમમાં ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

વડોદરા | કરજણમાં નવાબજાર વિસ્તારમાં આવેલ ગિરધરનગર ખાતે રહેતા 50 વર્ષના મનોજ મિસ્ત્રીને છેલ્લા 9 વર્ષથી મોઢાના કેન્સરની બીમારી હતી. વર્ષ 2016માં ઓપરેશન કરાવ્યું હતું અને કેન્સરની બીમારી છેલ્લા સ્ટેજ ઉપર હતી જેની સારવાર પણ ચાલતી હતી પરંતુ કેન્સરની બીમારીથી કંટાળી જઈ આખરે મનોજભાઈએ પોતાના ઘરના બાથરૂમમાં જઈ આરસીસીની બારી સાથે દોરડું બાંધી ગળા ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે મનોજ મિસ્ત્રીની પત્ની રાખીબેને પોલીસને જાણ કરી હતી.

### વડોદરા કોર્પોરેશનના 6 સ્વિમિંગ પૂલોમાંથી સરદાર બાગનો સ્વિમિંગ પૂલ તો છેલ્લાં 5 વર્ષથી બંધ હાલતમાં

# વડોદરામાં સ્વિમિંગ પૂલમાં 31ની જરૂરિયાત સામે 8 કર્મીનો સ્ટાફ અને સેફ્ટીની સુવિધા નહીં

સુરત | તા.25



વડોદરા મહાનગર સેવા સદન (VMC) દ્વારા વર્ષ-2024-25ના બજેટમાં શાળાનાં બાળકોને માત્ર રૂપિયા 10માં સ્વિમિંગ શિખવાડવાના કામને મંજૂર કરવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે કોર્પોરેશનના 6 સ્વિમિંગ પૂલમાંથી 5 સ્વિમિંગ પૂલ બંધ છે. માત્ર 2 સ્વિમિંગ પૂલ જ કાર્યરત છે. એ તો ઠીક, 6 સ્વિમિંગ પૂલમાં 31 સ્ટાફનો હોવો જોઈએ, એની સામે માત્ર 8 લોકોનો જ સ્ટાફ છે. ઉપરાંત સેફ્ટીની પરતી સુવિધા પણ નથી. ત્યારે કોર્પોરેશન બાળકોને કેવી રીતે રૂપિયા 10માં કેવી રીતે સ્વિમિંગ શિખવાડશે એ એક મોટો સવાલ છે. ઉલ્લેખનીય છે કે વડોદરામાં 22 જાન્યુઆરીના રોજ હરણી-મોટનાથ તળાવમાં હોડી દુર્ઘટના સર્જાઈ હતી અને દુર્ઘટનામાં સ્કૂલનાં 12 બાળકો અને 2 શિક્ષિક સહિત 14નાં મોત નીપજ્યાં હતાં. આ હોડી દુર્ઘટના થવાનું મુખ્ય કારણ સેફ્ટીનો અભાવ હતો. ત્યારે વડોદરા કોર્પોરેશન દ્વારા કોઈપણ જાતના આયોજન વગર બાળકોને રૂપિયા 10માં સ્વિમિંગ શિખવાડવાની 2024-25ના બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. વડોદરા કોર્પોરેશનના કારેલીબાગમાં 2 સ્વિમિંગ પૂલ, વાઘોડિયા રોડ રાજીવ ગાંધી સ્વિમિંગ પૂલ, ફતેગંજ સરદાર બાગ સ્વિમિંગ પૂલ અને લાલબાગ સ્વિમિંગ પૂલ છે. એમાં કારેલીબાગ અને લાલબાગ સ્વિમિંગ પૂલમાં બેબી સ્વિમિંગ પૂલ છે. આ 6 સ્વિમિંગ પૂલ પૈકી 5 સ્વિમિંગ પૂલ સમારકામના કારણોસર બંધ છે. 6માંથી માત્ર 1 સ્વિમિંગ પૂલ કાર્યરત છે. વડોદરા મહાનગર સેવા સદન દ્વારા આગામી આવી રહેલી લોકસભાની ચૂંટણીને લઈને શહેરની શાળાઓનાં બાળકો માટે રૂપિયા 10માં સ્વિમિંગ શિખવાડવાની જાહેરાતો તો કરી દેવામાં આવી છે, પરંતુ આયોજન વગરની જાહેરાત ચર્ચાનો વિષય બની છે. વડોદરા કોર્પોરેશનના 6 સ્વિમિંગ પૂલોમાંથી સરદાર બાગનો સ્વિમિંગ પૂલ તો છેલ્લાં 5 વર્ષથી બંધ હાલતમાં છે. બાકી રહેલા 5 સ્વિમિંગ પૂલોમાં કેવી રીતે રૂપિયા 10માં બાળકોને સ્વિમિંગ શિખવાડશે એ એક સવાલ છે. લાલબાગ, કારેલીબાગ અને રાજીવ ગાંધી સ્વિમિંગ પૂલમાં 1500 જેટલા સ્વિમરો આવે છે, પરંતુ વાઘોડિયા રોડ રાજીવ ગાંધી સ્વિમિંગ પૂલ અને કારેલીબાગ સ્વિમિંગ પૂલ સમારકામ હેઠળ હોવાથી બંધ છે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. આગામી ટૂંક સમયમાં સ્કૂલોમાં ઉનાળું વેકેશન શરૂ થઈ જશે, પરંતુ સ્વિમિંગ પૂલોના હાલની તારીખે કોઈ ઠેકાણા નથી. મળેલી માહિતી પ્રમાણે 4 સ્વિમિંગ પૂલમાં ફિલ્ટરેશન પ્લાન સહિતની મશીનરી ઓપરેટ કરવા માટે 4ને બદલે 1 જ ઓપરેટર છે અને તે પણ કોર્પોરેશનના પાણીપુરવઠા વિભાગનો પ્લાન્ટ ઓપરેટર છે. અન્ય 3 ફિલ્ટરેશન પ્લાન્ટ સિક્યોરિટી ગાર્ડ ઓપરેટ કરે છે. સ્વિમિંગ પૂલમાં કેટલું પાણી નાખવું, કેટલું ક્લોરીનેશન કરવું, ટ્રોલી મારવી, એ તમામ કામ ગાર્ડ કરી રહ્યો છે. સ્વિમિંગ પૂલોમાં મેનેજરોની પણ જગ્યાઓ ખાલી છે.

## અલકાપુરીમાં ટ્રુ ફ્લુઅન્સ કોચિંગ ક્લાસના સંચાલક દંપતીએ વિદેશ મોકલવાના નામે 22 લાખ પડાવ્યા




વડોદરા | તા.25

અલકાપુરીમાં કોચિંગ ક્લાસ ધરાવતા દંપતી દ્વારા વિદેશ મોકલવાના નામે બે યુવક સાથે રૂ.૨૨.૮૧ લાખની છેતરપિંડી થતાં સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જંબુસરના દાભા ગામે રહેતા અને ખાનગી નોકરી કરતા ભૂપેન્દ્ર મકવાણાએ પોલીસને કહ્યું છે કે,મારી સાથે નોકરી કરતી માનસી મારફતે તેના પાડોશી રિતેશભાઈનો પરિચય થયો હતો.મારે યુકે જવું હોવાથી અલકાપુરીમાં ટ્રુ ફ્લુઅન્સ કોચિંગ ક્લાસ ધરાવતા તેજશ્રી પ્રશાંત ધોરા અને પ્રશાંત ધોરા(બંને રહે. સફર આઈકોલ,સૂર્યદર્શન ટાઉનશિપ,માંજલપુર)ની ઓક્ટોબર-૨૦૨૩માં મુલાકાત કરી હતી. ઓફિસ સંચાલકોએ અમને યુકેમાં પાંચ વર્ષના ઓપન વિઝા અપાવવાનું કહી ડોક્યુમેન્ટ માંગ્યા હતા અને વ્યક્તિ દીઠ રૂ.૧૫ લાખ નક્કી કર્યા હતા.પરંતુ બે વ્યક્તિ હોય તો કમિશન સાથે કુલ રૂ.૨૨ લાખ નક્કી કરવામાં આવ્યા હતા. ભૂપેન્દ્રએ કહ્યું છે કે,મેં રૂ.૧૭લાખ ચૂકવ્યા હતા. જ્યારે,હિતેષ જાદવે રૂ.૫.૮૧ લાખ ચૂકવ્યા હતા.દંપતી દ્વારા વિઝા બાબતે વારંવાર વાયદા કરવામાં આવતા હતા અને ગમે ત્યારે મેડિકલ માટે બોલાવીશ તેમ કહી આશ્વાસન આપતા હતા.

### સાંજે જાતે જ પોલીસમાં જઇને કબૂલાત કરતાં પોલીસ દોડતી થઇ

# અંકલેશ્વરના સારંગપુરમાં પ્રેમીએ પરિણીત પ્રેમિકા અને તેના જૂના પ્રેમીની ચપ્પુના ઘા મારી હત્યા કરી

વડોદરા | તા.25



અંકલેશ્વરના સારંગપુર ગામમાં નવા પ્રેમીએ પોતાની પ્રેમિકા અને તેના જૂના પ્રેમીની હત્યા કરી બાદમાં જાતે જ પોલીસ મથકે હાજર થઈ હત્યાની કબુલાત કરી હતી. અંકલેશ્વરના સારંગપુર ગામમાં ડબલ મર્ડરની સવારની ચોંકાવનારી ઘટનાનો ઘટસ્ફોટ મોડી સાંજે ત્યારે થયો જ્યારે હત્યારા પ્રેમીએ જાતે જ પોલીસ મથકે હાજર થઈ પોલીસને પોતે પ્રેમિકા અને તેણીના જૂના પ્રેમીની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. હત્યારા યુવકે વહેલી સવારે ઠંડા કલેજે પોતાની પ્રેમિકા અને તેણીના જૂના પ્રેમીની હત્યા કર્યા બાદ દિવસ દરમિયાન અસમંજસની મનોસ્થિતિમાં અહીં તહીં ભટકી એક તબક્કે આપઘાત કરવાનો નિર્ણય લીધો હતો જોકે બાદમાં તે અંકલેશ્વર સીટી પોલીસ મથકે હાજર થયો હતો. જો કે પાછળથી આ ગુનો અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકની હદમાં બન્યો હોય તેને જીઆઈડીસી પોલીસ મથકને સોંપી દેવાયો હતો ત્યારબાદ જીઆઈડીસી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સનસનાટીભરી હત્યાની આ ઘટના અંગે હજુ પોલીસે કોઈ ફોડ પાડ્યો નહોતો પરંતુ મળતી માહિતી પ્રમાણે અંકલેશ્વર તાલુકાના આંબોલી ગામની મુળ રહીશ પરિણીત યુવતી પોતાના પતિથી અલગ સારંગપુર ગામના યોગેશ્વર નગરમાં હત્યારા રોહન વસાવા સાથે લિવઈન રિલેશનમાં રહેતી હતી. તેને બે નાના બાળકો પણ હતા. તેના રોહન ઉપરાંત રોહનના જ મિત્ર રિતેશ વસાવા સાથે પણ સંબંધો હતા.ગત રાત્રે રિતેશ રાત્રીના સમયે તેણીના ઘરમાં જ રોકાયો હતો. રાત્રે હત્યારો રોહન તેના ઘરે આવ્યો પણ તેણે દરવાજો ખોલ્યો નહોતો. આથી તે ઘરની બહાર બેસી રહ્યો હતો. વહેલી પરોઢે દરવાજો ખોલ્યો કે તરત રોહન ઘરમાં ઘુસી ગયો અને પ્રેમિકા અને પોતાના મિત્ર રિતેશની ચપ્પાના ઘા ઝીંકી હત્યા કરી દરવાજો બંધ કરી ભાગી ગયો હતો. આ લખાય છે ત્યારે જીઆઈડીસી પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે એફ.એસ.એલ. સહિતની ટીમ સાથે તપાસ કરી રહ્યો હતો. જોકે હાલ પોલીસે આ ઘટના અંગે કંઈ પણ ઘટસ્ફોટ કર્યો નહોતો.

## ખાનગી કંપનીની આસિ. મેનેજર યુવતીને સુરતના પતિ અને સાસરિયાનો ત્રાસ




વડોદરા | તા.25

મેટ્રિમોનિયલ સાઈટ પરથી પસંદગીના યુવાન સાથે લગ્ન કર્યા બાદ પતિ અને સાસરિયાઓ દ્વારા ત્રાસ અપાતા વડોદરાની ખાનગી કંપનીની આસિસ્ટન્ટ મેનેજર યુવતીએ સુરતના પતિ અને સાસરિયાઓ સામે ફરિયાદ નોધાવી હતી. વડોદરાના વાઘોડિયારોડ પર રહેતી ૩૧ વર્ષની પરિણીતા શ્રેયાએ સુરતમાં વેસુ ખાતે પીપલોદમાં રહેતા પતિ નિરવ, સસરા દિવ્યેશ અને સાસુ ઉર્વશી સામે મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે છેલ્લા દોઢ વર્ષથી હું પિયરમાં ત્રણ વર્ષની પુત્રી સાથે રહું છું અને વાઘોડિયા ચોકડી ખાતે આવેલી એલએન્ડટી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરું છું. મારા પ્રથમ લગ્ન અનમોલ સાથે જાન્યુઆરી ૨૦૧૭માં થયા હતા પરંતુ ૧૦ માસ બાદ બંનેએ એકબીજાની સમજૂતીથી છૂટાછેડા લઈ લીધા હતાં. બાદમાં શાદી ડોટકોમ દ્વારા મારી ઓળખાણ નિરવ સાથે થતા નવેમ્બર ૨૦૧૮માં વડોદરામાં લગ્ન કર્યું હતું અને બાદમાં સુરત ટીજીબી ખાતે રિસેપ્શન યોજાયું હતું. લગ્ન બાદ હું સુરતમાં સાસરિમાં ગઈ હતી. લગ્નના થોડા દિવસો બાદ પતિના ગુસ્સાવાળા સ્વભાવની મને જાણ થઈ હતી અને તે મને હેરાન કરી માર મારતો હતો. હું સાસુ અને સસરાને જાણ કરતાં તેઓ પણ પતિની તરફેણ કરતા હતાં. પતિ એન્કલેવ બાયો મેડિકલ વેસ્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ ચલાવતા હોવાથી તેઓ મને હેરાન કરી મારી ઉચ્ચ અધિકારીઓ સાથે ઓળખાણ છે તેમ કહી છૂટાછેડાની માંગણી કરી હતી અને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મૂકી હતી.

## ગોરવામાં ગાય પર એસિડ ફેંકવાના બનાવમાં 5 કિશોરોની જામીન નામંજૂર

વડોદરા | તા.25



ગોરવા વિસ્તારમાં ગાય પર એસિડ ફેંકવાના બનાવમાં સામેલ પાંચ બાળ કિશોરોની જામીન અરજી નામંજૂર થઈ છે. બાળ કિશોરોએ સૌ પ્રથમ બે હજારની નોટ પર ટ્રાયલ માટે એસિડ ફેંકી સળગાવી હતી. ત્યારબાદ ગાય પર ફેંક્યું હતું. તેના છાંટા વાછરડા પર પણ પડ્યા હતા. ગોરવા આઈ.ટી.આઈ. બાપુની દરગાહ પાસે ગત ૨ જી તારીખે રાતે ગાયના ટોળા પર એસિડ ફેંકવાના બનાવ અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં કુલ પાંચ બાળ કિશોરોને પકડવામાં આવ્યા હતા. તેઓએ જામીન પર મુક્ત થવા માટે અરજી કરી હતી. પ્રોબેશન ઓફિસરે તેમના રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પહેલા બાળ કિશોરના પરિવારની મુલાકાત દરમિયાન તેઓને આ કૃત્ય અંગે કોઈ પસ્તાવો નથી. બાળકને પણ આ કૃત્યની કોઈ ગંભીરતા નથી. બીજા બાળ કિશોરના પરિવારે જણાવ્યું હતું કે, તે માનસિક બીમાર છે. સયાજી હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલું સર્ટિફિકેટ પણ રજૂ કરવામાં આવ્યું હતું. તે ધો.૮ સુધી ભણેલો છે. તેની બૌદ્ધિક ક્ષમતા ઘણી ઓછી હોવાથી આગળનો અભ્યાસ બંધ કરાવવામાં આવ્યો હતો. ત્રીજા બાળ કિશોરના પરિવારજનોએ જણાવ્યું હતું કે, બાળક ભવિષ્યમાં આવું કૃત્ય નહીં કરે. બાળકને પણ આ કૃત્ય અંગે પસ્તાવો છે. ચોથા બાળ કિશોરના પરિવારનો સંપર્ક કરતા તેઓને આ ગુનાની કોઈ ગંભીરતા નથી. બાળકને પણ આ ગુના અંગે કોઈ પસ્તાવો નથી.પાંચમા બાળકના પરિવારને પણ આવા કૃત્ય બદલ કોઈ પસ્તાવો નથી. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે પાંચેય બાળ કિશોરીની જામીન અરજી નામંજૂરી કરી નોંધ્યું હતું કે, એસિડ ગાય પર નાંખવાથી ગાય પણ સળગે તેની જાણકારી હોવાછતાંય આવું કૃત્ય કર્યુ છે. આવા કૃત્ય બદલ સમાજની શાંતિ ના છીનવાય તેમજ તેઓને જામીન પર મુક્ત કરીને કુટુંબમાં પુન : સ્થાપિત કરવા કરતા તેઓને ઓબ્ઝર્વેશન હોમમાં રાખીને પુન : સુધારણાના પ્રયાસો થવા જોઈએ.

## સચિનમાં સ્ક્રેપ બેટરી ખરીદવા આવેલા ઇન્દોરના વેપારીને ગઠિયાઓએ 18 લાખનો ચૂનો ચોપડ્યો

વડોદરા | સચિનમાં સ્ક્રેપ બેટરીનો માલ ખરીદવા માટે આવેલા ઈન્દોરના ભંગારના વેપારી અને દલાલ પાસેથી ગઠિયાઓએ 18.36 લાખ રૂપિયા પડાવી લઈ માલ નહીં આપી છેતરપિંડી કર્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. મધ્ય પ્રદેશના ઈન્દોર રામબલિનગરમાં રહેતા મોહનસિંગ ઉર્ફે સોનુ માનસિંગ પર 5મી ફેબ્રુઆરીએ ઈન્દોરના ભંગારના દલાલ અઝીઝખાને ફોન કરી સુરતમાં સ્ક્રેપ બેટરીનો માલ હોવાનું જણાવ્યું હતું. પછી અઝીઝખાન અને અનવરે સુરતના શબ્બીરખાનનો મોબાઈલ નંબર વેપારીને આપ્યો હતો. વેપારીએ તેને કોલ કરતા સુરત રેલવે સ્ટેશને બોલાવ્યો હતો. 8મી ફેબ્રુઆરીએ ભંગારનો વેપારી મોહનસિંગ અને દલાલ અઝીઝખાન બંને સુરત સ્ટેશને આરોપીને મળ્યા હતા. આરોપી શબ્બીરખાન ભંગારના વેપારી અને દલાલને સચિન લઈ ગયો હતો જ્યાં તેણે પહેલા ખાલી ટ્રકનું કાંટા પર વજન કરાવી બાદમાં એક ટનનો 1.02 લાખ રૂપિયાનો ભાવ નક્કી કર્યો હતો. ટોટલ 18.80 ટનનો માલ નીકળ્યો હતો. જેના રૂપિયા 18.36 લાખ થતા હતા. આરોપી શબ્બીરખાન પાસે વેપારીએ બિલ માંગતા તેણે કહ્યું કે 'મારો ભાઈ ગોડાઉન પર છે, તમે મને પેમેન્ટ આપશો તો હું આગળ અલ્તાફભાઈને આપી આવીશ અને બિલ પણ આપીશ' એમ કહી વેપારી પાસેથી 16 લાખ રૂપિયાની રકમ લઈ ગયો હતો. સાંજ સુધી શબ્બીરખાન વેપારી પાસે બિલ લઈને આવ્યો ન હતો.

### પાલથી કામરેજ તરફ જતી બસ સાઇડમાં પાર્ક કરીને મુસાફરો ઉતરીને નાસાભાગ કરવા લાગ્યા

# નાના વરાછામાં મુસાફરો ભરેલી BRTS બસમાં ધુમાડો નીકળતા ગભરાટ

સુરત | તા.25




પાલ થી કામરેજ તરફ જતી વખતે આજે સાંજે નાના વરાછા ખાતે બી.આર.ટી.એસમાંથી ધુમાડો નીકળ્યો હતો. જેથી બસમાં બેસેલા મુસાફરો ગભરાઈને જઈને ભાગદોડ થઈ જવા પામી હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ આજે શનિવારે સાંજે પાલ થી કામરેજ તરફ જતી ઈલેટ્રીક બી.આર.ટી.એસમાં ૫૦ જેટલા મુસાફરો બેસાડીને જવા નીકળી હતી. તે સમયે નાના વરાછા ચોપાટી સામે બી.આર.ટી.એમ બસ સ્ટેન્ડ નજીક અચાનક બસના પાછળના ટાયર નજીકથી ધુમાડો નીકળવા માંડયો હતો. આ અંગે ડ્રાઈવરને જાણ થતા તરત બસ સાઈડમાં ઉભી રાખી દીધી હતી. જોકે ધુમાડના લીધે ગભરાઈ ગયેલા મુસાફરોમાં તરત બસમાં ઉતરી જતા નાસભાગ થઈ હતી. જ્યારે ડ્રાઈવર સહિતના લોકો ફાયર એસ્ટીંગ્યુસર વડે પાવડ છાંટયો હતો. જ્યારે કોલ મળતા ફાયર કાફલો ત્યાં તરત ધસીને પાણીનો છંટકાવ કરીને આગ લાગવા દીધી નહી અને પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવમાં કોઈ ઈજા જાનહાનિ થઈ નહી હોવાનું ફાયર ઓફિસરે કહ્યુ હતું.

### તળાવના દૂષિત પાણીની દુર્ગંધથી રોષ : તળાવ ઊંડું કરવા સ્થાનિક લોકોની માંગ

# મહેસાણા શહેરના તાવડિયા રોડ પર તળાવમાં દબાણો અને નર્કાગારથી રહીશો હેરાન-પરેશાન

મહેસાણા | તા.25



મહેસાણાના તાવડીયા રોડ પર આવેલ રામાપીર મંદીર સામે તેમજ શિવમપાર્ક સોસાયટી અને હરિકૃષ્ણ સોસાયટીના નાકા પર આવેલ સરકારી તળાવમા દેશી દારૂનો અડ્ડો અને તેના દબાણોનો રાફ્ડો ફટયો છે. તો દબાણદાર દ્વારા તળાવમાં દુષિત પાણી છોડવામાં આવતા તળાવના ભૂગર્ભ જળ પણ દુષિત કરવામાં આવી રહ્યું છે. તો તળાવમાં ગંદકી અને દુર્ગંધથી રહીશો ભારે પરેશાન બન્યા છે. જયારે તળાવમા ગંદા પાણીમાં મચ્છરો પડતા આજુબાજુની સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. મહેસાણા શહેરના તાવડીયા રોડ પર રામાપીર મંદિર તેમજ શિવમપાર્ક સોસાયટી,હરિકૃષ્ણ સોસાયટી, પ્રગતિનગર, સ્વસ્તિક સોસાયટી, સંકેતનગર સોસાયટી સહીત ડઝનેક સોસાયટીઓ આવેલી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ રોડ પર કલેકટર હસ્તક સરકારી તળાવ આવેલ છે.આ તળાવમા દેશી દારૂનો અડ્ડો ધમધમી રહ્યો છે.તો ધીરે ધીરે દારૂનો ધંધો કરતા શખ્સ દ્વારા તળાવમા પાકા મકાન બનાવી દેવાયા છે.તો ધીરે ધીરે દબાણ વધારવામા આવી રહ્યા છે અને દબાણો સાથે તળાવમાં દુર્ગંધ યુક્ત પાણી પણ છોડવામાં આવી રહ્યું છે.તો આ તળાવમાં છોડવામાં આવતા ગંદા પાણીની દુર્ગંધથી તળાવને અડીને આવેલી સોસાયટીઓના રહીશો ભારે ત્રસ્ત થયા છે.તો તેને લઈ રોગ ચાળાની પણ ભીતિ સેવાઈ રહી છે.ત્યારે કલેકટર સમયસર જાગીને તળાવ પર થયેલા દબાણો દૂર કરવામાં આવે અને તળાવના બ્યુટીફીકેશનના પાલિકાના કામને મંજૂરી આપે.નહી તો નજીકના સમયમા તળાવની તમામ જગ્યા પર દબાણ કરી દેવાય તો નવાઈ પણ નહી,તેવું વિસ્તારના સ્થાનિક સૂત્રો જણાવી રહ્યા છે.દબાણદાર દ્વારા તેનું ગંદુ અને દુષિત પાણી તળાવમા છોડવામાં આવતા દુષિત પાણી તળાવમા ભરાવાના કારણે તેમાં મચ્છર સહીત જીવજંતુ ઉત્પન્ન થતા રોગચાળાની દહેશત સ્થાનિક રહીશોમા સેવાઈ રહી છે.

### પોલીસે 24 તોલા સોનાની કિંમત રૂ.1.95 લાખ મૂકી

# ન્યુ સમારોડના મકાનમાં પરિવારની હાજરીમાં ત્રણ ચોર 24 તોલાના દાગીના ચોરી ગયા

વડોદરા | તા.25



ન્યુ સમારોડ વિસ્તારના મકાનમાં વહેલી સવારે ત્રાટકેલા ચોરો અંદાજે ૨૪ તોલા સોનાના દાગીના ચોરીને ફરાર થઈ જતાં પાડોશીએ તેમને ભાગતા પણ જોયા હતા. પોલીસે ચોરાયેલા દાગીનાની કિંમત માત્ર રૂ.૧.૯૫ લાખ દર્શાવી છે. ન્યુ સમારોડ વિસ્તારની આકાશ ગંગા સોસાયટીમાં રહેતા અને ખાનગી નોકરી કરતા અતુલભાઈ તિવારીએ પોલીસને કહ્યું હતું કે, તા.૨૨મીએ રાતે અમે ઉપરના માળે સુવા માટે ગયા ત્યારે સવારે સાડાપાંચેક વાગે પાડોશમાં રહેતા યોગેશભાઈએ અમને ફોન કરી ત્રણ જણા મકાનમાંથી નીકળીને બાઈક પર ગયા હોવાની જાણ કરી હતી. જેથી હું નીચે આવ્યો ત્યારે તિજોરીનો સામાન વેરવિખેર જણાયો હતો અને નકૂચો તેમજ લોક તૂટેલા હતા.તપાસ કરતાં ચોરો તિજોરીના લોકરમાં મુકેલા સોનાનો હાર, મંગળસૂત્ર,બંગડીઓ,કંગન,ચેન જેવા ૨૩૯ ગ્રામ વજનના દાગીના ચોરીને ફરાર થઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. બનાવ અંગે પોલીસને જાણ કરતાં ફતેગંજ પોલીસે ચોરોનું પગેરું શોધવા માટે તજવીજ કરી હતી.આ ઉપરાંત ચોરોના સીસીટીવી ફૂટેજ પણ મેળવવાની તજવીજ કરવામાં આવી રહી છે.આ બનાવમાં કોઈ જાણભેદુ હોવાની પણ આશંકા નકારી શકાતી નથી.પોલીસે નાકાબંધી પણ કરી હતી.

નડિયાદના ભાજપના નગરસેવકની દુકાનમાંથી ગેરરીતિ ઝડપાઇ

# બોગસ ફિંગર પ્રિન્ટના આધારે રેશનિંગની દુકાનનો માલ સગેવગે કરવાનું કૌભાંડ

નડિયાદ | નડિયાદમાં સત્તાધારી પક્ષના કાઉન્સિલરની સસ્તા અનાજની દુકાનમાં વ્યાપક ગેરરીતિ ઝડપાતા ચકચાર મચી છે. આ સમગ્ર મામલે સ્ટેટ પુરવઠા વિભાગની ટીમે સપાટો બોલાવ્યો હતો, જેમાં તપાસ દરમિયાન બોગસ ફિંગર પ્રિન્ટના આધારે અનાજના જથ્થામાં ગોલમાલ કરાતી હોવાનો પર્દાફાશ થયો છે. જે મામલે નડિયાદ મામલતદારે ભાજપ કાઉન્સિલર અને દુકાનના કોમ્પ્યુટર ઓપરેટર સામે કાયદેસરની ફરીયાદ નડિયાદ ટાઉન મથકો નોંધાવી છે. આ અંગેની તપાસ એસઓજીની ટીમને સોંપવામાં આવી છે.

શુક્રવારે બપોરથી જ સ્ટેટ પુરવઠા વિભાગ સહિતની ટીમ નડિયાદમાં કબ્રસ્તાન ચોકડી પાસે અમદાવાદી દરવાજા બહાર આવેલ સંજય રમેશચંદ્ર સચદેવની વ્યાજબી ભાવની દુકાનમાં દરોડો પાડયો હતો. જ્યાં મોટાપ્રમાણમાં ગેરરીતિ થતી હોવાની બાતમીના આધારે પુરવઠા વિભાગે દરોડો પાડતા સ્થાનિક મામલતદાર સહિતના અધિકારીઓ બનાવ સ્થળે દોડી ગયા હતા. આ સસ્તા અનાજની દુકાન




નડિયાદ નગરપાલિકાના કાઉન્સિલર એવા સંજય રમેશચંદ્ર સચદેવની હતી. જેનુ લાયસન્સ પણ હતું. ગાંધીનગરના અન્ન અને નાગરિક પુરવાઠા નિયામકે ઓચિંતો છાપો મારી તપાસ હાથ ધરી હતી. સ્થળ પરથી મળેલી શંકાસ્પદ વસ્તુઓના ડેટા અંગે વિગતવાર તપાસ થવા મામલે આઇ.સી.ટી. ઓફીસર, સાયબર ક્રાઈમ પોલીસ તપાસ હાથ ધરી હતી. અને ઉપરોક્ત તમામ વસ્તુઓ કબ્જે લીધી હતી. આ ઉપરાંત આ ઈસમના લાયસન્સમા દર્શાવેલ તેના અન્ય સંગ્રહ સ્થળ તરીકે ઉપયોગમા લેવાતી દુકાન જે નડિયાદમા કપડવંજ રોડ પર આવેલ એસટી નગર પાસે આવેલ યોગીરાજ શોપની બાજુમા હોય ત્યા તપાસ કરતા તપાસણી સમયે ઓનલાઈન દર્શાવતો અનાજનો જથ્થો તથા અનાજનો હયાત જથ્થામા વધઘટ જોવા મળેલ હતી.

નાગરિક બેંકની ચૂંટણીને પડકારતા દાવામાં અર્જન્ટ હિયરીંગ જરૂરી હોઈ પૂર્વ એમડીની રજૂઆત

# ભાવનગરના બોર્ડ ઓફ નોમિનીઝના ન્યાયાધિશની ખાલી જગ્યા ભરવા માગ

ભાવનગર | ભાવનગરના બોર્ડ ઓફ નોમિનીઝના ન્યાયાધિશની ખાલી જગ્યા ભરવાની પ્રબળ માગણી ભાવનગર નાગરિક સહકારી બેંકના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર દર્શનાબહેન જોષીએ કરી છે. ભાવનગર નાગરિક સહકારી બેંકની ૧૧ ડિરેક્ટર્સની તા. ૨૪-૯-૨૦૨૩ના રોજ યોજાયેલ ચૂંટણીમાં વ્યાપક ગેરરીતિ થઈ છે તેમ જણાવીને પડકારનાર બેંકના પૂર્વ એમ.ડી. દર્શનાબહેન જોષીએ ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર અને સહકાર ખાતાના સચિવને પત્ર પાઠવીને તેમણે કરેલ દાવો ભાવનગરની બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટમાં ન્યાયાધિશના અભાવે છેલ્લા દોઢ મહિના ઉપરાંતથી અર્જન્ટ મેટર હોવા છતાં ચાલતો નથી તેમ જણાવી તાત્કાલિક ભાવનગરની બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટમાં જજની નિયુક્તિ થાય અથવા તો ભાવનગરના કેસો જે અર્જન્ટ




મેટરવાળા હોય તેમના માટે ઈન્ચાર્જ જજ નિશ્ચિત કરવા માગણી કરી છે.

તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે, આ બેંકની ચૂંટણી ગેરરીતિઓના કારણે રદ કરવાના પોતે કરેલા દાવામાં પ્રતિવાદીઓ ચૂંટણી તેમજ નાગરિક બેંક અને ભાજપના વિજેતા ઉમેદવારોએ પોતાનો દાવો સમય મર્યાદા બહાર છે અને બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટને હકુમત નથી તેવા મુદ્દાસર દાવો કાઢી નાખવા અરજી કરી હતી અને તા. ૮-૧-૨૦૨૪ના રોજ ભાજપના ઉમેદવારો સહિતના પક્ષકારોની આવી અરજી નામંજૂર કરતો હુકમ નામદાર અદાલતે કર્યો હતો. દરમિયાનમાં, તા.૯-૧-૨૦૨૪ના રોજ બોર્ડ ઓફ નોમિનીઝના ન્યાયાધિશશ્રીએ રાજીનામું આપ્યું હતું. જાણવા મળ્યા પ્રમાણે તેમના રાજીનામા પર કોઈ નિર્ણય લેવાયો નથી, એટલું જ નહીં, કોર્ટમાં મુદતે જઈએ ત્યારે કોઈ ઈન્ચાર્જ જજની નિયુક્તિ કરાઈ નથી તેમ જવાબ મળતા હોય છે. આથી પોતાના દાવા જેવી ઈલેક્શન અર્જન્ટ મેટર સહિતના તેમજ અન્ય પક્ષકારોને પણ ન્યાયાધિશના અભાવે ન્યાય મેળવવામાં ભારે મુશ્કેલી પડે છે અને પોતાના દાવામાં કેટલીક અર્જન્ટ અરજીઓનું હિયરીંગ કરવાનું છે તે પણ થઈ શકતું નથી. તેથી વહેલી તકે આ કોર્ટના ન્યાયાધિશની જગ્યા ભરાય અને અર્જન્ટ મેટરની સુનાવણી થાય તે માટે જરૂરી કાર્યવાહી કરી ઝડપથી નિર્ણય લેવા માગણી કરી છે. દરમિયાનમાં, ભાવનગર નાગરિક સહકારી બેંકના પૂર્વ ડિરેક્ટર ધીરૂભાઈ કરમટિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં ચંદીગઢના મેયરની ચૂંટણી ગેરરીતિના આક્ષેપસર નામદાર સુપ્રીમ કોર્ટે રદ કરી ભાજપની ગેરરીતિનો ભોગ બનનાર આપના ઉમેદવારને મેયરપદે નિમણૂક કરવાના ચૂકાદાને દેશભરના લોકશાહીમાં માનતા અને ન્યાયપ્રિય નાગરિકોએ વધાવી લીધો છે.

ફલોલી કેનાલમાંથી લાશ મળી આત્મહત્યાની દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો

# ખલાડીની પરીણિતાનો રોમિયોના ત્રાસથી આપઘાત

નડિયાદ | મહુધા તાલુકાના ખલાડી ગામે એક તરફી પ્રેમમાં પાગલ શખ્સ પરીણિતાને પ્રેમ સંબંધ રાખવા તથા પોતાની સાથે ફોન પર વાત કરવા દબાણ કરતો હતો. જે અંગે બોલાચાલી બાદ પરીણિતાએ ફલોલી કેનાલમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો. આ અંગે મહુધા પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ખલાડી ગામે રોડા પરામાં જગદીશભાઈ બાબુભાઈ પરમાર (ભોજાણી) પત્ની પ્રેમીલાબેન અને બે બાળકો સાથે રહે છે. આજથી બે વર્ષ અગાઉ તેમને પત્ની પાસેથી મોબાઈલ મળી આવતા પત્નીને કુટુંબી દશરથભાઈ ઠાકોરભાઈ ભોજાણી (પરમાર) સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ થઈ હતી.

ત્યારે તેમણે સમાજમાં આબરૂ જાળવી રાખવા પત્ની અને દશરથભાઈને ઠપકો આપીને પ્રેમ સંબંધનો અંત લાવવા સમજાવી સમાધાન કર્યું હતું. દરમિયાન તા.૨૩ ફેબ્રુઆરીના રોજ પ્રેમીલાબેન પરિવારજનો સાથે સીમમાં તમાકુ વીણવા ગયાં હતાં. ત્યારે દશરથભાઈએ ખેતરમાં જઈ પરીણિતા સાથે બોલાચાલી કરી ઝઘડો કરી સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું.

ત્યારબાદ પ્રેમીલાબેન ઘરે આવ્યાં હતાં અને ઘરેથી કોઈને કહ્યાં વગર ક્યાંક જતાં રહ્યાં હતાં. આ અંગે પરિવારે શોધખોળ કરવા છતાં મળી આવ્યાં નહોતાં. તેવામાં સાંજે સાતેક વાગ્યાના સુમારે ફલોલી સીમમાં આવેલી નહેરમાંથી એક મહિલાની લાશ મળી આવી હતી. પોલીસે નહેરમાંથી લાશ કાઢીને કઠલાલ સરકારી હોસ્પિટલ ખસેડી હતી. આ અંગેની જાણ થતાં જ જગદીશભાઈ અને પરિવાર દવાખાને ગયો હતો અને મૃતક પ્રેમિલાબેન હોવાની ઓળખ કરી હતી. દશરથભાઈએ એક તરફી પ્રેમમાં પાગલ થઈને પ્રેમિલાબેનને સંબંધ રાખવા માટે દબાણ કરીને પરીણિતાને આપઘાત કરવા માટે મજબુર કરી હોવાની પતિ જગદીશભાઈએ મહુધા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દશરથભાઈ ભોજાણી વિરૂદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રસોઈને સ્વાદિષ્ટ અને ટેસ્ટફૂલ બનાવતા

# લસણના ભાવ સતત આસમાનને આંબેલા રહ્યા હોવા છતા માંગ યથાવત

ભાવનગર | રસોઈને સ્વાદિષ્ટ અને ટેસ્ટફૂલ બનાવવામાં સિંહફાળો આપનાર લસણના ભાવમાં છેલ્લા એકાદ માસથી સતત ઉછાળો આવ્યો હોવા છતાં તેની માંગમાં જરાપણ ઘટાડો થયો નથી.નવી સિઝનના લસણની આવકમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો હોય ભવિષ્યમાં લસણના ભાવ નીચા આવે તેવી શકયતા સેવાઈ રહેલ છે.



ભાવનગર શહેરની મુખ્ય તેમજ પરા વિસ્તારોની શાકમાર્કેટમાં ગત ડિસેમ્બરના અંતથી નાની સાઈઝથી લઈને મધ્યમ સાઈઝના લસણ રૂા ૨૫૦ થી લઈને રૂા ૩૦૦ આસપાસના ભાવે એક કિલો લેખે વેચાઈ રહેલ છે. ગત વર્ષ દરમિયાન ગોંડલ સહિતના અનેક સ્થળોએ લસણનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થયુ હતુ. ગત ૧૫ ફેબ્રુઆરીથી ગોંડલ સહિતના માર્કેટીંગ યાર્ડોમાં સીઝનના નવા લસણની આવક શરૂ થઈ હતી. જેમાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. નવા લસણની વિપુલ પ્રમાણમાં આવક થઈ રહેલ છે. હવે સૌરાષ્ટ્રના કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરાયેલ લસણનો જથ્થો ઘટશે તો હાલના લસણના ભાવમાં હજુ પણ વધારો થાય તેવી આશંકા સેવાઈ રહેલ છે. ગત સપ્તાહમાં ગોંડલના માર્કેટીંગ યાર્ડમાં લસણનો ભાવ એક મણનો રૂા ૬૦૦૦ થી લઈને રૂા ૮૭૪૧ સુધીનો બોલાયો હતો. આગામી એકાદ મહિનામાં સૌરાષ્ટ્રની લોકલ આવક વધવા લાગશે એટલે લસણની માર્કેટના ભાવ સામાન્ય થવા લાગશે. સામાન્ય રીતે દર વર્ષે સ્વાસ્થ્યવર્ધક શિયાળાની ઋતુમાં ઓળા રોટલાની સિઝન ઉપરાંત લીલાછમ્મ શાકભાજીની આવક વધતા ગોહિલવાડમાં ઘેર ઘેર ઉંધીયાનો વપરાશ વધતો જતો હોય છે. એટલુ જ નહિ શિયાળુ લગ્નસરાની સિઝન જામી રહેલ હોય લસણ અને ડુંગળીનો ઉપાડ વધતો જતો હોય છે. તેથી ડિસેમ્બરથી ફેબ્રુઆરીના અંત સુધીમાં લસણના ઉંચા ભાવ ચૂકવવા માટે સૌ કોઈને તૈયાર રહેવુ પડશે. ગોંડલ ઉપરાંત આસપાસના પાડોશી રાજયોમાંથી પણ નવી આવકમાં ઉત્તરોત્તર પ્રમાણમાં વધારો થતો રહેશે.

# મુસ્લિમ બિરાદરો દ્વારા આજે શબે-એ-બારાત રાતની શ્રધ્ધાભેર ઉજવણી કરાશે

ભાવનગર | દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોહિલવાડમાં આવતીકાલે તા.૨૫ ફેબ્રુઆરીના રોજ ઈસ્લામીક કેલેન્ડર મુજબ મુજબ મુસ્લિમ બિરાદરો દ્વારા શબે-એ-બારાત રાતની આસ્થાભેર ઉજવણી કરવામાં આવશે. આ વેળા મુસ્લિમ બિરાદરો દ્વારા સ્થાનિક કબ્રસ્તાનમાં જઈને મર્હુમના હકકમાં દુવાઓ કરવામાં આવશે આ સાથે તમામ મસ્જીદોમાં આખી રાત ઈબાદતો કરવામાં આવશે.મુસ્લિમ સમાજ દ્વારા શાબાન મહિનાનો ૧૪ મો ચાંદ (ઈસ્લામીક કેલેન્ડરનો ૮ મો મહિનો)ના સૂર્યાસ્ત (મગરીબ) બાદ ઉજવાશે.શાબાન માસની ૧૫ મી રાતને શબે બારાતની રાત કહેવામાં આવે છે. પ્રણાલિકા મુજબ ભાવનગર શહેર અને ખાસ કરીને ઘોઘા, તળાજા, મહુવા,સિહોર, પાલિતાણા, ગારિયાધાર, ઉમરાળા, વલ્લભીપુર સહિતના તાલુકા મથકોમાં મુસ્લિમ બિરાદરો દ્વારા આવતીકાલે તા.૨૫ ને રવિવારે શબ-એ-બારાત ઉજવાશે.આ વેળા સ્થાનિક કબ્રસ્તાનોમાં મુસ્લિમ બિરાદરો સાંજે મગરીબની નમાઝ બાદ મર્હૂમની કબર ઉપર ફૂલ ચઢાવી ફાતિહા પઢી મર્હૂમના હકકમાં મગફીરત અને બક્ષીશની દુવાઓ કરાશે.આ સાથે શહેર અને જિલ્લાની તમામ મસ્જીદોમાં મગરીબની નમાઝ બાદ સબે બારાતની ખાસ છ રકાત નિફલ નમાઝ અદા કરવામાં આવશે. તેમજ આખી રાત (વહેલી સવાર)સુધી તમામ મુસ્લિમ બિરાદરો જુદી જુદી મસ્જીદોમાં તેમજ પોતાના ઘરમાં ફરજ તથા નિફલ નમાઝ પઢશે. કુઆર્ન શરીફની તિલાવત કરાશે. જીક્ર શરીફ કરી બિમારને જોવા જવા, જરૂરીયાતમંદ લોકોને આર્થિક મદદરૂપ થશે. તેમજ યતીમ, મીસ્કીન, બેવાઓને પણ મદદ કરાશે અને પોતાના ગુનાઓની માફી માંગી ખાસ દુવાઓ કરાશે.

લાયસન્સ માટે કોમ્પ્યુટર ટેસ્ટ અને ડ્રાઈવીંગ ટેસ્ટ ફરજીયાત

# ડુપ્લીકેટ લાયસન્સ કાંડ : આરટીઓ ડોક્યુમેન્ટ અને ડેટા પોલીસને આપશે

ભાવનગર | તળાજા તાલુકાના જૂના શોભાવડ ગામના ભેજાબાજ શખ્સે હજારો રૂપિયા ખંખેરી ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સનું કૌભાંડ આચર્યાની ઘટનામાં સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ થયા બાદ હવે ભાવનગર આરટીઓ દ્વારા પોલીસને તપાસના કામે જરૂર જણાય ત્યાં ડોક્યુમેન્ટ્સ અને ડેટા આપવામાં આવશે.




મહુવા તાલુકાના નીચા કોટડા ગામના દિનેશભાઈ શિયાળ નામના મજૂર યુવાન પાસેથી તળાજાના જૂના શોભાવડ ગામના જયરાજ ડોડિયા નામના શખ્સે અઢી માસ પૂર્વે આઠ હજાર રૂપિયા ખંખેરી ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ બનાવી આપી છેતરપિંડી, વિશ્વાસઘાત કર્યો હતો. બાદમાં યુવાનને ડ્રાઈવીંગ લાયસન્સ નકલી હોવાની જાણ થતાં તેણે ભાવનગર આરટીઓના અધિકારીને રજૂઆત કરી સમગ્ર કૌભાંડ મામલે ગઈકાલે શુક્રવારે જયરાજ ડોડિયા સામે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે શખ્સની શોધખોળ શરૂ કરી દીધી છે. તો બીજી તરફ ભાવનગર આરટીઓ તરફથી પણ પોલીસ માંગે ત્યારે તપાસ માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ અને ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડુપ્લીકેટ લાયસન્સ કાંડ ભાવનગર આરટીઓ ટાંકે ઉમેર્યું હતું કે, લાયસન્સ ઈચ્છુક કોઈપણ અરજદારે લાયસન્સ માટે સરકારી નિયમાનુસાર કોમ્પ્યુટર ટેસ્ટ અને ડ્રાઈવીંગ ટેસ્ટ આપવી ફરજીયાત છે. આરટીઓ કચેરી તરફથી આ બન્ને ટેસ્ટ વિના કોઈને પણ કોઈને પણ ક્યારેય ઘર બેઠા લાયસન્સ ઈસ્યુ કરતું નથી. જો કોઈ આવા ભેજાબાજ તત્ત્વો દ્વારા રૂપિયા લઈ લાયસન્સ કાઢી આપવાનું કહેવામાં આવે તો લોકોએ જાગૃત બની આરટીઓ કે પોલીસનો તુરંત સંપર્ક સાધવા જણાવ્યું છે.

**કઠલાલમાં પઠાણી ઉઘરાણીના ત્રાસથી કંટાળી વેપારીનો આપઘાત |** કઠલાલ : પઠાણી ઉઘરાણી કરતા સાત લેણદારોના ત્રાસથી કંટાળીને ઘરે ફાંસો ખાઇને આપઘાત કર્યો હતો. આ અંગે વેપારીના બહેને કઠલાલ પોલીસ મથકે સાત શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કઠલાલ સોલાની ખડકીમાં રહેતા અને બજારમાં લસણ-મરચાંની દુકાન ધરાવતા ધર્મેન્દ્ર ઉર્ફે સોનુ ઉર્ફે મિર્ચી રમેશભાઇ કલવાણી (સિંધી) (ઉં.વ.૩૨)ને છેલ્લા એક-બે વર્ષથી નાણાંની જરૂરિયાત હોવાથી કઠલાલ બજારમાંથી જુદી જુદી વ્યક્તિઓ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. પરંતુ ધર્મેન્દ્ર લેણદારોને નિયમિત રૂપે વ્યાજ અને મુદ્દલ નહીં ચૂકવી શકતા લેણદારો પઠાણી ઉઘરાણી કરીને બોલાચાલી કરતા હતા અને શારીરિક તથા માનસિક ત્રાસ આપીને મારી નાખવાની ધમકી આપતા હતા. જેથી ધર્મેન્દ્રએ શનિવારે વહેલી સવારે ઘરે ફાંસો ખાઇ આપઘાત કર્યો હતો. આ અંગે ધર્મેન્દ્રની બેન દીપિકા કાલવાણીએ કઠલાલ પોલીસ મથકે વ્યાજની ઉઘરાણી કરનાર સાત લેણદારો ગોપાલભાઇ રબારી, મિતુલભાઇ ઉર્ફે મેહુલ ઉર્ફે લસ્સી બ્રહ્મભટ્ટ, ઈરફાનભાઇ ઇકબાલભાઇ વહોરા, નવરંગભાઇ વાંસફોડા, નીતલબેન મયંકભાઇ, મયંકભાઇ અને મહેશભાઇ રબારી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સાતેય શખ્સો વિરૂદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**ભાવનગર-અંબાજી, ભાવનગર-મુંબઈ એસ.ટી. બસ સેવા શરૂ કરવા રજૂઆત |** ભાવનગર | ભાવનગર પૂર્વના ધારાસભ્ય



સેજલબહેન પંડયાએ ગઈ તા.૨૧-૨ના રોજ વિધાનસભામાં ભાવનગર-અંબાજી (લક્ઝરી સ્લીપર કોચ બસ-સાદી સ્લીપર કોચ બસ) રાત્રે ૮ વાગ્યે ભાવનગરથી ઉપડે અને બીજા દિવસે રાત્રે ૮ વાગ્યે અંબાજીથી પરત આવે તે રીતે અને ભાવનગર-મુંબઈ (લક્ઝરી સ્લીપર કોચ બસ-સાદી સ્લીપર કોચ બસ) બપોરે ૩ વાગ્યે ભાવનગરથી ઉપડે અને બીજા દિવસે બપોરે ૪ વાગ્યે મુંબઈથી ભાવનગર પરત આવે તે રીતે ભાવનગર ડેપો ખાતેથી શરૂ કરવા માગ કરી હતી. બન્ને બસને પૂરતો ટ્રાફિક મળી રહેશે તથા મુસાફરોને ખૂબ જ રાહત રહેશે. તેવી રજૂઆત પણ તેમણે આજે વાહન વ્યવહાર મંત્રીને પાઠવેલા પત્રમાં કરી હતી.

જેજાદ ગામનો માનસિક વિકૃત શખ્સે અગાઉ પણ બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું

# રાજુલામાં 7 વર્ષની બાળકીનું અપહરણ કરનાર શખ્સ પકડાયો

રાજુલા | અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામે રહેતો અને માસૂમ બાળકીઓનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર માનસિક વિકૃત શખ્સને બાળકીના અપહરણના કેસમાં પોલીસે ઝડપી લઈ અપહૃત બાળાનો છુટકારો કરાવ્યો હતો. ગુનાહિત માનસ ધરાવતો આ શખ્સ રાજકોટ જેલામાં આજીવન કેદની સજા ભોગવતો હોય, ત્યાંથી પણ પેરોલ રજા મેળવી નાસતો-ફરતો હતો.

ચકચાર મચાવનારી ઘટનાની મળતી વિગત અનુસાર રાજુલા પંથકમાંથી એક સાત વર્ષની બાળકીનું કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ ગયાની ઘટના રાજુલા પોલીસમાં નોંધાઈ હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી રાજુલા પીઆઈ આઈ.જે. ગીડાએ સર્વેલન્સ સ્કોડ અને અલગ-અલગ ટીમો બનાવી અપહરણકર્તાને દબોચી લેવા અને અપહૃત બાળકીને મુક્ત



કરાવવા તપાસનો ધમધમાટ આદર્યો હતો. જેમાં પોલીસે શહેરના સીસીટીવી કેમેરાના ફૂટેજ ઉપરાંત હ્યુમન સોર્સની મદદ લઈ અપહરણકર્તા શખ્સની ભાળ મેળવી ગણતરીની કલાકોમાં જ જીતુ ઉર્ફે રાહુ રવજીભાઈ ગોહિલ (ઉ.વ.૩૪, રહે, જેજાદ, તા.સાવરકુંડલા)ની ધરપકડ કરી બાળકીનો છુટકારો કરાવ્યો હતો.

વધુમાં ઝડપાયેલા શખ્સ સામે અગાઉ વંડા પોલીસ સ્ટેશનમાં સગીરવયની બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાનો ગુનો દાખલ થયો છે. આ ઉપરાંત રાજકોટ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવતો આરોપી જીતુ ઉર્ફે રાહુએ ગત તા.૨૨-૧૨-૨૦૨૩થી તા.૦૧-૦૧-૨૦૨૪ સુધી ૧૦ દિવસની પેરોલ રજા લઈ જેલમુક્ત થયો હતો અને ત્યારબાદ જેલમાં હાજર થવાના બદલે આરોપી નાસતો-ફરતો હતો.

વેફર અને ચોકલેટ આપી બદકામ કરવા અપહરણ કરવાની એમ.ઓ. હવસખોરીની માનસિક વિકૃતિ ધરાવતો જીતુ ઉર્ફે રાહુ ગોહિલ નામનો ઢગો તેની દીકરીઓની વયના માસૂમ બાળાઓને એકલતાનો લાભ લઈ વેફર અને ચોકલેટ અપાવી બદકામ કરવાના ઈરાદે બાળકીઓનું અપહરણ કરવાની એમ.ઓ.-ટેવ ધરાવતો હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે.

# નવસારી ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં જામ્યો રંગ,પરિણામ પર નજર

નવસારી | નવસારી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિત અન્ય સાત હોદ્દાઓ માટે ચૂંટણી યોજાઈ છે. પાછલા કેટલાક વર્ષો સુધી મહાજન મંડળ સર્વાનુમતે પ્રમુખ અને અન્ય હોદ્દાઓ માટે સર્વાનુમતે વરણી કરતું હતું.પરંતુ હાલ મંડળ બે ભાગમાં વહેચાઈ જતા ચૂંટણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.જેને લઈ આજે મતદાનનું આયોજન કરાયું છે.જેમાં કુલ 1976 મહાજન મંડળના સભાસદો મતદાન કરશે. મંડળની ચૂંટણીમાં મહાજન પેનલ કેલ્ક્યુલેટરના નિશાન સાથે મેદાનમાં ઉતરી છે.તો સામે વિકાસ પેનલે કીટલીનું નિશાન રાખી મતદારો ને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે.હાલ તો બંને પેનલો વચ્ચે રસાકસી ભર્યો માહોલ બન્યો છે. પરંતુ કેલ્ક્યુલેટરનું ગણિત સાચું પડશે કે પછી કીટલી મંડળના સભાસદ મતદારોને આકર્ષવામાં સફળ રહેશે તે પરિણામ બાદ જ જાણી શકાશે.

આજે નવસારી હાઈસ્કુલ ખાતે ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણી સવારે 9 વાગ્યેથી શરૂ થઈ છે.જેમાં શહેરના વેપારીઓએ મોટી સંખ્યામાં સ્વેચ્છાએ ઉમટી પડી મતદાન કર્યું હતું.મહાજન અને વિકાસ પેનલ વિજયી થવા માટે મતદાન કરાવી રહ્યા છે.જેમાં મતદાન 4 વાગ્યે પૂર્ણ થશે અને સાજે 7 વાગ્યા સુધી પરિણામ આવશે.ચેમ્બરના પૂર્વ પ્રમુખો અને આગેવાનો દ્વારા પેનલના નામ નક્કી કરી, બિનહરીફ ઉમેદવારો ઘોષિત કરવામાં આવતા હતા. પરંતુ વર્ષોથી નવસારી ચેમ્બર ઓફ કોમર્સ હોવા છતાં નિષ્ક્રિય હોય એવી સ્થિતિ બની હતી. શહેરમાં વર્ષોથી વેપાર ધંધો કરતા વેપારીઓ, ઉદ્યોગપતિઓ પણ ચેમ્બરના નવા સભાસદ બન્યા ન હોય એવી પણ સ્થિતિ રહી હતી.

જોકે ગત બે વર્ષોમાં બિલ્ડર ભરત સુખડીયાની ચેમ્બરના પ્રમુખ પદે નિયુક્તિ થતા ચેમ્બર ઓફ કોમર્સને જીવંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

સાથે જ ચેમ્બરનાં નવા ભવન માટે જમીન લેવાની તૈયારી પણ કરી લીધી હતી. જોકે કાર્યકાળ પૂર્ણ થતા ચેમ્બરના નવા પ્રમુખ અને તેમની ટીમ પરંપરા મુજબ તમામ સભાસદો વચ્ચે સુમેળ સાધીને જાહેર કરવાના પ્રયાસો થયા.

## આપનો આજનો દિવસ


**મેષ (અ,લ,ઇ)**
વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.


**વૃષભ (બ,વ,ઉ)**
કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.


**મિથુન (ક,છ,ઘ)**
જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.


**કર્ક (ડ,હ)**
પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.


**સિંહ (મ,ટ)**
દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.


**કન્યા (પ,ઠ,ણ)**
વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.


**તુલા (ર,ત)**
આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.


**વૃશ્ચિક (ન,ય)**
રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.


**ધન (ભ,ધ,ફ)**
આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.


**મકર (ખ,જ)**
આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.


**કુંભ (ગ,શ,સ)**
આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.


**મીન (દ,ચ,ઝ,થ)**
આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશો. આવકના નવા સ્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

# આયર્નઓરની નિકાસ વધતા ઘરઆંગણે નાના સ્ટીલ ઉત્પાદકો માટે સ્થિતિ પડકારરૂપ

મુંબઈ | ચીન તરફથી સ્ટીલના કાચા માલ આયર્ન ઓરની માગમાં જોરદાર વધારો થતાં ઘરઆંગણે ઓરના ભાવમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી સ્ટીલ ઉત્પાદકોએ આયર્ન ઓરની નિકાસ પર પ્રતિબંધ મૂકવા માગણી કરી છે. સ્ટીલ ઉદ્યોગની આ માગણીને લઈને આયર્ન ઓર ઉત્પાદકો રોષે ભરાયાનું ચર્ચાઈ રહ્યું છે.

ગયા વર્ષે ભારતની આયર્ન ઓરની નિકાસ ૧૭૦ ટકા વધી ૪.૪૦ કરોડ ટન રહી હતી. નિકાસનો મોટાભાગનો હિસ્સો ચીન ખાતે ગયો હતો. સ્થાનિકમાં પણ આયર્ન ઓરની માગ વધી રહી છે ત્યારે તેના ભાવમાં ઉછાળાથી નાના સ્ટીલ ઉત્પાદકો મુશકેલીમાં મુકાઈ ગયા છે એમ ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું.

ભારતમાં જો આયર્ન ઓર મોંઘુ થશે તો ચીનમાં સ્ટીલ ઉત્પાદન વધતુ રહેશે અને ભારત ખાતે સ્ટીલ ઉદ્યોગે સહન કરવું પડશે. છેલ્લા છ-આઠ મહિનામાં ઓરના ભાવ ૩૦થી ૩૨ ટકા વધી પ્રતિ ટન રૂપિયા ૯૦૦૦ પહોંચી ગયા છે. દેશના મોટા સ્ટીલ ઉત્પાદકો આયર્ન ઓર તથા કોલસા જેવા કાચા માલ માટે ભાવનું બારગેનિંગ કરી શકે છે, જ્યારે નાની સ્ટીલ મિલો માટે તે શકય નથી બનતું એમ તેમણે જણાવ્યું હતું. ઘરઆંગણે આયર્ન ઓરનો પૂરવઠો વધારવા સરકારે મે ૨૦૨૨ના આયર્ન ઓર પર ૫૦ ટકા નિકાસ ટેકસ લાગુ કર્યો હતો પરંતુ આ ટેકસ છ મહિના બાદ પાછો ખેંચી લેવાયો હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. દેશના વિવિધ રાજ્યોમાં આવેલા નાના સ્ટીલ ઉત્પાદકો નુકસાન કરવાની સ્થિતિમાં છે ત્યારે આયર્ન ઓરની નિકાસ અટકાવી તેના ભાવમાં ઘટાડો કરવા નાના સ્ટીલ ઉત્પાદકો એક મંચ પર આવ્યા છે અને તેમણે સરકાર સમક્ષ રજુઆત કરી છે.

# માર્ચમાં કેન્દ્રીય કર્મચારીઓનો DA વધી શકે મોંઘવારી ભથ્થામાં 4%નો વધારો થઈ શકે



## ઓલ ઈન્ડિયા કન્ઝયુમર પ્રાઇસ ઈન્ડેક્સ શું છે?

ભારતમાં ફુગાવાના બે પ્રકાર છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજો જથ્થાબંધ ફુગાવો. છૂટક મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ક્વોટ કરાયેલા ભાવ પર આધારિત છે. તેને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવામાં આવે છે. DA પછી કેટલો ફાયદો થશે? આ માટે તમારો પગાર નીચેની ફોર્મ્યુલામાં ભરો..(બેસિક પે+ ગ્રેડ પે) + DA % = DA રકમ જો તમે સાદી ભાષામાં સમજો છો, તો મોંઘવારી ભથ્થાનો દર પગારમાં ગુણાકાર થાય છે જે મૂળ પગારમાં ગ્રેડ પગાર ઉમેર્યા પછી કરવામાં આવે છે. જે પરિણામ આવે છે તેને ડીયરનેસ એલાઉન્સ (DA) કહેવાય છે. હવે તેને એક ઉદાહરણથી સમજીએ, ધારો કે તમારો મૂળ પગાર 10 હજાર રૂપિયા છે અને ગ્રેડ પે 1000 રૂપિયા છે. બંનેને ઉમેરવા પર કુલ 11 હજાર રૂપિયા થઈ ગયા. હવે વધેલા 42% મોંઘવારી ભથ્થાના સંદર્ભમાં, તે 4,620 રૂપિયા થાય છે. તમારી કુલ સેલેરી રૂ. 15,620 થઈ. અગાઉ, 38% DAના સંદર્ભમાં, તમને 15,180 રૂપિયાનો પગાર મળતો હતો. એટલે કે DAમાં 4%નો વધારો કર્યા બાદ દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને તેની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગાર ધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે. મોંઘવારી ભથ્થું કેવી રીતે ગણવામાં આવે છે? દર મહિને 440 રૂપિયાનો ફાયદો થશે. વધેલા મોંઘવારી ભથ્થાનો લાભ 1 જુલાઈ, 2023થી મળશે.

નવી દિલ્હી | તા.25

કેન્દ્રીય કર્મચારીઓને મળનારા મોંઘવારી ભથ્થા (DA)માં ટૂંક સમયમાં વધારો થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર માર્ચમાં DAમાં 4%નો વધારો કરી શકે છે. અગાઉ સરકારે ઓક્ટોબર 2023માં DA 4% થી વધારીને 46% કર્યો હતો. અહેવાલો અનુસાર, જો સરકાર માર્ચમાં DAમાં 4% વધારો કરે છે, તો કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવતું મોંઘવારી ભથ્થું 46% થી વધીને 50% થઈ જશે. તેનાથી લગભગ 48.67 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 67.95 લાખ પેન્શનરોને ફાયદો થશે. વધેલા મોંઘવારી ભથ્થાનો લાભ 1 જુલાઈ, 2023થી મળશે. મોંઘવારી ભથ્થું વર્ષમાં બે વાર જાન્યુઆરી અને જુલાઈમાં વધારવામાં આવે છે. શું હોય છે મોંઘવારી ભથ્થું? મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે.

દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને તેની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગાર ધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે. મોંઘવારી ભથ્થું કેવી રીતે ગણવામાં આવે છે? મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે એક ફોર્મ્યુલા આપવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ફોર્મ્યુલા છે [(છેલ્લા 12 મહિનાના ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI)ની સરેરાશ - 115.76)/115.76]+100. હવે જો આપણે PSU (પબ્લિક સેક્ટર યુનિટ)માં કામ કરતા લોકોના મોંઘવારી ભથ્થા વિશે વાત કરીએ, તો તેની ગણતરીની પદ્ધતિ છે- મોંઘવારી ભથ્થાંની ટકાવારી = (છેલ્લા 3 મહિનાના ગ્રાહક ભાવ સૂચકાંકની સરેરાશ (બેઝ વર્ષ 2001 = 100)- 126.33) )x100 ગ્રેડ પે 1000 રૂપિયા છે. બંનેને ઉમેરવા પર કુલ 11 હજાર રૂપિયા થઈ ગયા. હવે વધેલા 42% મોંઘવારી ભથ્થાના સંદર્ભમાં, તે 4,620 રૂપિયા થાય છે. તમારી કુલ સેલેરી રૂ. 15,620 થઈ. અગાઉ, 38% DAના સંદર્ભમાં, તમને 15,180 રૂપિયાનો પગાર મળતો હતો. એટલે કે DAમાં 4%નો વધારો કર્યા બાદ દર મહિને 440 રૂપિયાનો ફાયદો થશે.

# અનસિક્યોર્ડ લોનમાં ધીમી ગતિએ થતો વધારો આગળ જતાં જોખમી બની જશે



મુંબઈ | વર્તમાન નાણાં વર્ષમાં દેશની બેન્કોની આવકમાં ભલે વધારો જોવા મળતો હોય અને ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ) ભલે ઘટી રહી હોય પરંતુ બેન્કોનો અનસિક્યોર્ડ ક્રેડિટ પોર્ટફોલિઓ પણ વધી રહ્યો છે જે આગળ જતાં દેશની નાણાં વ્યવસ્થા માટે ચિંતાજનક બની શકે છે. જો કે અનસિક્યોર્ડ ક્રેડિટની વૃદ્ધિ ધીમી પડી છે. ઊંચા વ્યાજ દરને કારણે અનસિકયોર્ડ ક્રેડિટ પૂરી પાડવા બેન્કો ઉત્સાહી વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના જાહેર થયેલા પરિણામોમાં કેટલીક બેન્કોનો અનસિક્યોર્ડ ક્રેડિટ પોર્ટફોલિઓ વધી રહ્યાનું જોવા મળ્યું છે. અનસિક્યોર્ડ ક્રેડિટ પોર્ટફોલિઓમાં વધારાનો અર્થ આવનારા સમયમાં બેડ લોન્સ ફરી માથું ઊંચકી શકે છે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. બેન્ક પોર્ટફોલિઓમાં અનસિક્યોર્ડ ક્રેડિટનું પ્રમાણ ૨૦૨૩માં ૩૫ ટકા રહ્યું હતું જે ૨૦૦૭માં ૨૫ ટકા હતું. અનસિક્યોર્ડ ક્રેડિટમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્કે તાજેતરમાં બેન્કો તથા એનબીએફસીસ માટે રિસ્ક વેઈટમાં વધારો કર્યો હતો. ગયા વર્ષના નવેમ્બરમાં લેવાયેલા આ પગલાં બાદ તાજેતરના મહિનાઓમાં અનસિક્યોર્ડ ક્રેડિટ વૃદ્ધિની ગતિ ધીમી પડી છે, તેમ છતાં તેમાં વધારો તો જળવાઈ રહ્યો છે. જે આગળ જતાં જોખમરૂપ બની શકે છે. ઊંચા વ્યાજ દરને કારણે અનસિક્યોર્ડ ક્રેડિટ બેન્કો માટે નફાકારક રહેતી હોવાથી તે પૂરી પાડવામાં વધુ ઉત્સાહ દાખવાતો હોય છે એમ પણ એનાલિસ્ટે ઉમેર્યું હતું.

# ખરીદો આ Defence PSU Stock, 45% આપ્યું છે રીટર્ન



મુંબઈ | ડિફેન્સ શેરોમાં સારી એક્શન જોવા મળી રહી છે. વાસ્તવમાં, સરકારે એફડીઆઈની મર્યાદા એટલે કે સંરક્ષણ અને એરોસ્પેસમાં સીધા વિદેશી રોકાણમાં વધારો કર્યો છે. આ જ કારણ છે કે શેરોમાં વધારો થઈ રહ્યો છે.ભારત ઈલેક્ટ્રોનિક્સના શેરમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. આ શેર ઓલ ટાઈમ હાઈ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બ્રોકરેજ ફર્મે આ સ્ટોકને 3 મહિના માટે ખરીદવાની સલાહ આપી છે. આ શેરે ટેકનિકલ ચાર્ટ પર પણ બ્રેકઆઉટ આપ્યું છે. Defence PSU Stocks to BUY: ડિફેન્સ શેરોમાં સારી એક્શન જોવા મળી રહી છે. વાસ્તવમાં, સરકારે એફડીઆઈની મર્યાદા એટલે કે સંરક્ષણ અને એરોસ્પેસમાં સીધા વિદેશી રોકાણમાં વધારો કર્યો છે. આ જ કારણ છે કે શેરોમાં વધારો થઈ રહ્યો છે.ભારત ઈલેક્ટ્રોનિક્સના શેરમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. આ શેર ઓલ ટાઈમ હાઈ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બ્રોકરેજ ફર્મે આ સ્ટોકને 3 મહિના માટે ખરીદવાની સલાહ આપી છે. આ શેરે ટેકનિકલ ચાર્ટ પર પણ બ્રેકઆઉટ આપ્યું છે.ડિફેન્સ અને એરોસ્પેસ શેરોમાં સારી એક્શન દેખાઈ રહી છે - ખરેખર, 21 ફેબ્રુઆરીએ કેન્દ્રીય કેબિનેટે વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે FDIના નિયમોને સરળ બનાવ્યા છે. હવે આ ક્ષેત્રમાં 100% સુધી સીધા વિદેશી રોકાણને મંજૂરી આપવામાં આવી છે. જો કે, આ અંગે ઘણી શરતો છે. આ સમાચાર બાદ ડિફેન્સ અને એરોસ્પેસ સેક્ટરમાં કામ કરતી તમામ કંપનીઓના શેરમાં જોરદાર એક્શન જોવા મળી રહ્યું છે.ભારત ઈલેક્ટ્રોનિક્સને ઈન્ડિયન નેવી તરફથી મોટો ઓર્ડર મળ્યો છે- ભારત ઈલેક્ટ્રોનિક્સને ભારતીય નૌકાદળ તરફથી 2,167.5 કરોડ રૂપિયાનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર હેઠળ યુદ્ધ જહાજો પર ઉપયોગ માટે ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ સપ્લાય કરવામાં આવશે. કંપની યુદ્ધ જહાજો પર ઉપયોગ માટે અત્યાધુનિક સ્વદેશી ડિઝાઈન અને વિકસિત EW સુટ્સ સપ્લાય કરશે, એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું. 'આ EW સૂટ BEL ની આત્મનિર્ભર ભારત પહેલ તરફ એક મોટી છલાંગ છેભારત ઈલેક્ટ્રોનિક્સને ઈન્ડિયન નેવી તરફથી મોટો ઓર્ડર મળ્યો છે- ભારત ઈલેક્ટ્રોનિક્સને ભારતીય નૌકાદળ તરફથી 2,167.5 કરોડ રૂપિયાનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર હેઠળ યુદ્ધ જહાજો પર ઉપયોગ માટે ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ સપ્લાય કરવામાં આવશે. કંપની યુદ્ધ જહાજો પર ઉપયોગ માટે અત્યાધુનિક સ્વદેશી ડિઝાઈન અને વિકસિત EW સુટ્સ સપ્લાય કરશે.

# સોલર પેનલ પર મોટી સબસિડી આપી રહી છે મોદી સરકાર , જાણો ક્યાં અને કેવી રીતે કરશો અરજી

નવી દિલ્હી | તા.25

પીએમ મોદીએ સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે સૂર્યોદય યોજના શરૂ કરી છે. પીએમ સૂર્યોદય યોજના હેઠળ દેશના લગભગ એક કરોડ લોકોને લાભ આપવાનું લક્ષ્ય છે. આ યોજનાનો લક્ષ્યાંક 1 કરોડ ઘરોની છત પર સોલાર પેનલ લગાવવાનો છે. આ યોજનાનો લાભ મેળવવા માટે, તમે સત્તાવાર વેબસાઈટ પર અરજી કરી શકો છો. સોલર પેનલ પર મોટી સબસિડી આપી રહી છે મોદી સરકાર, જાણો ક્યાં અને કેવી રીતે કરશો અરજી હવે ગ્રાહકો સૌર ઉર્જાનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરી શકશે અને તેનાથી પૈસાની બચત કરીને, તેઓ દર મહિને વીજળીના બિલ પર ખર્ચવામાં આવતી રકમને ઘટાડી શકશે.ત્યારે સોલર પેનલને લઈને સરકાર લોકોને મોટી સબસીડી આપી રહી છે જેના થકી એક વાર સોલાર લગાવી દીધા પછી તમારે આ જીવન ભારીભરખમ આવતા લાઈટ બિલની ચીંતા ઓછી થઈ જશે. સરકાર દ્વારા સંચાલિત સૂર્યોદય યોજના હેઠળ ગ્રાહકોના ધાબા પર સોલાર



પેનલ લગાવવામાં આવશે. આ યોજના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના સ્તરે અલગ-અલગ અનુદાનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યોજના હેઠળ સરકારે ખાનગી મકાનોની છત પર સોલાર પેનલ લગાવવા માટે ક્ષમતા મુજબ રકમ નક્કી કરી છે. એક કિલો વોટથી માંડીને જરૂરી ક્ષમતા સુધીની સોલાર પેનલ્સ ઈન્સ્ટોલ કરવા માટે ગ્રાહકોએ અલગ-અલગ રકમ ચૂકવવી પડશે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર કક્ષાએ 40 ટકા અને રાજ્ય સરકાર કક્ષાએ 25 ટકા ગ્રાન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યોજનાની રકમમાંથી ગ્રાન્ટની રકમ તાત્કાલિક કાપીને ચૂકવણી કરવાની જોગવાઈ હોવાનું જણાવાયું હતું. આ રકમ બે હપ્તામાં આપવાની જોગવાઈ છે. પ્રથમ હપ્તામાં 80 ટકા રકમ અને બીજા હપ્તામાં 20 ટકા રકમ ચૂકવવાની જોગવાઈ છે.

અરજી આ વેબસાઈટ પર ઉપલબ્ધ ઉત્તર બિહાર પાવર ડિસ્ટ્રીબ્યુટર કંપનીની વેબસાઈટ પર આ યોજના માટે અરજી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અરજી મંજૂર થયા બાદ એજન્સીની પસંદગી કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું હતું. જ્યારે એજન્સી ઉત્પાદનની કિંમત 70808 રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ યોજનાનો બેન્ચમાર્ક દર 53398 છે. તેના પર કેન્દ્ર સરકારના સ્તરે 21359 રૂપિયા અને રાજ્ય સરકારના સ્તરે 13349 રૂપિયાની સબસિડીની જોગવાઈ છે.ગ્રાહકોએ પ્રતિ કિલો વોટ 36099 રૂપિયા ચૂકવવા પડશે. જેમાં કહેવામાં આવ્યું હતું.

## પંપ બનાવતી આ કંપનીને મળ્યો કરોડોનો ઓર્ડર, શેર માર્કેટ ખુલતાની સાથે જ આ સ્ટોક પર રાખો નજર

મુંબઈ | શક્તિ પંપ લિમિટેડ મુખ્યત્વે વિવિધ પ્રકારના પંપ અને મોટર્સનું ઉત્પાદન કરતી કંપની છે.આ કંપની સિંચાઈ, બાગાયત, ઘરેલું પાણી પુરવઠો, વાણિજ્યિક અને ઔદ્યોગિક એપ્લિકેશન્સ જેવી વિશાળ શ્રેણી માટે અદ્યતન પાણીના પંપ સોલ્યુશન્સ પણ બનાવે છે. તેની બ્રાન્ડ 'શક્તિ' ને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સારો પ્રતિસાદ મળ્યો છે.

શક્તિ પંપ નામની પંપ અને કોમ્પ્રેસર બનાવતી કંપનીને હરિયાણા રિન્યુએબલ એનર્જી ડિપાર્ટમેન્ટ તરફથી મોટો ઓડર મળ્યો છે. આ મલ્ટિબેગર સ્ટોક છે, જેણે એક મહિનામાં 30 ટકા અને એક વર્ષમાં 230 ટકા વળતર આપ્યું છે.શક્તિ પંપને HAREDA તરફથી 84.30 કરોડ રૂપિયાનો ઓર્ડર મળ્યો છે. શક્તિ પંપ કંપનીને KUSUM-3 યોજના હેઠળ 2443 પંપનો ઓર્ડર મળ્યો છે. કંપનીએ 90 દિવસની અંદર આ સોલર પંપને સપ્લાય, ઈન્સ્ટોલ કરવાના છે. આ સ્ટોક છેલ્લા 4 ટ્રેડિંગ સેશનથી સતત ઘટાડા સાથે બંધ થઈ રહ્યો છે. આ ઘટાડામાં તેમાં 10% સુધારો થયો છે. આવી સ્થિતિમાં, આ ઓર્ડરના સમાચાર ખરીદદારોની ભાવનાને મજબૂત બનાવશે.

# જોજો ચુકી ન જતા..આ IPO લાગી ગયો તો થઇ જશો માલામાલ




નવી દિલ્હી | તા.25

IPO GMP : Axicom Tele-Systems Limited અને ભૂતપૂર્વ Flexipack ના IPO 27 ફેબ્રુઆરીએ બજારમાં લોન્ચ થશે. આ પહેલા પણ આ કંપનીઓના શેર ગ્રે માર્કેટમાં બમ્પર પ્રીમિયમ સાથે ટ્રેન્ડ કરી રહ્યા છે. જો જો ચુકી ન જતા.. આ IPO લાગી ગયો તો થઈ જશો માલામાલ, ગ્રે માર્કેટ જોશો તો દંગ રહી જશો IPO Next Week GMP : ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયે લૉન્ચ કરવામાં આવેલા 2 IPO હાલમાં ગ્રે માર્કેટમાં ધૂમ મચાવી રહ્યા છે. આ બંને IPO 27મી ફેબ્રુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને 29મી ફેબ્રુઆરીએ બંધ થશે. આ બંને IPOનું લિસ્ટિંગ પણ તે જ દિવસે 5 માર્ચે થશે. આ ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જર મેન્યુફેક્ચરિંગ કંપનીઓમાંથી એક છે Exicom Tele-Systems Limited. જ્યારે, બીજી કંપની ભૂતપૂર્વ ફ્લેક્સીપેક છે. ચાલો આ બે IPO વિશે વિગતવાર જાણીએ. આ IPO 27મી ફેબ્રુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને 29મી ફેબ્રુઆરીએ બંધ થશે. કંપનીએ IPOમાં પ્રાઈસ બેન્ડ રૂ. 135 થી રૂ. 142 પ્રતિ શેર નક્કી કરી છે. કંપની આ IPO દ્વારા 429 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ IPO 26 ફેબ્રુઆરીએ એન્કર રોકાણકારો માટે ખુલી રહ્યો છે. આ IPOમાં રૂ. 329 કરોડનો નવો ઈશ્યુ આવશે. ઉપરાંત, રૂ. 70.42 કરોડના શેર પ્રમોટર નેક્સ્ટવેવ કોમ્યુનિકેશન્સ દ્વારા વેચાણ માટે ઓફર હેઠળ હશે. રોકાણકારો ઓછામાં ઓછા 100 ઈક્વિટી શેર અને તેના ગુણાંક માટે બિડ કરી શકે છે.

એક્સિકોમ ટેલિ-સિસ્ટમ લિમિટેડના શેર શનિવારે ગ્રે માર્કેટમાં મોટા પ્રીમિયમ પર ટ્રેડ થતા જોવા મળ્યા હતા. તે રૂ. 142 ની IPO ઈશ્યૂ કિંમતની સરખામણીમાં રૂ. 130ના પ્રીમિયમ પર ટ્રેડિંગ કરતું જણાયું હતું. આ રીતે, આ શેર 91.55 ટકાના પ્રીમિયમ સાથે રૂ. 272 પર લિસ્ટ થઈ શકે છે.આ NSE SME IPO 27 ફેબ્રુઆરીએ ખુલશે અને 29 ફેબ્રુઆરીએ બંધ થશે. IPOમાં પ્રાઈસ બેન્ડ રૂ. 70 થી રૂ. 71 પ્રતિ શેર છે. આ IPOમાં લોટ સાઈઝ 1600 શેર છે. રોકાણકારો ઓછામાં ઓછા 1 લોટ અને તેના ગુણાંક માટે બિડ કરી શકે છે. આ IPOની કિંમત રૂ. 40.21 કરોડ છે.

શનિવારે ગ્રે માર્કેટમાં રૂ. 71ની ઈશ્યૂ કિંમતની સરખામણીમાં પૂર્વા પ્લેક્સીપાકનો શેર રૂ. 125 પર ટ્રેડ થતો જોવા મળ્યો હતો. આ રીતે, આ શેરને 176 ટકાના પ્રીમિયમ સાથે 196 રૂપિયામાં સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ કરી શકાય છે.

## EGMમાં લેવાયેલા નિર્ણયથી કોઇ ફરક પડતો નથી

# રવિન્દ્રને કહ્યું- હું બાયજુનો CEO તો રહીશ જ:કંપનીનું મેનેજમેન્ટ અને બોર્ડ પણ એ જ રહેશે

નવી દિલ્હી | તા.25

edtech કંપની Byju's ના સ્થાપક-CEO રવિન્દ્રન બાયજુએ શનિવારે (24 ફેબ્રુઆરી) જણાવ્યું હતું કે તેમને કંપનીમાંથી કાઢી મૂકવાની વાત અફવા અને ખોટી છે. રવિન્દ્રને એમ પણ કહ્યું છે કે તેઓ બાયજુના સીઈઓ જ રહેશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રવિન્દ્રન બાયજુએ કંપનીના કર્મચારીઓને પત્ર મોકલીને આ વાત કહી છે. હું કંપનીનો સીઈઓ બનીને રહીશ: રવિન્દ્રન બાયજુ રવિન્દ્રન બાયજુએ કર્મચારીઓને કહ્યું, 'હું તમને અમારી કંપનીના CEO તરીકે આ પત્ર લખી રહ્યો છું. તમે મીડિયામાં જે વાંચ્યું હશે તે ખોટું છે. હું કંપનીનો સીઈઓ જ રહીશ, મેનેજમેન્ટ અને બોર્ડ પણ એ જ રહેશે. રવિન્દ્રને વધુમાં જણાવ્યું હતું કે, 'પસંદગીના લઘુમતી રોકાણકારોના નાના



જૂથ દ્વારા કરાયેલા દાવા કે તેઓએ EGMમાં સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો છે તે સંપૂર્ણપણે ખોટા છે. 170 શેરધારકોમાંથી માત્ર 35 એટલે કે લગભગ 45% શેરધારકોએ દરખાસ્તની તરફેણમાં મત આપ્યો. આ પોતે જ આ અપ્રસ્તુત મીટિંગ દ્વારા પ્રાપ્ત થયેલ ખૂબ જ મર્યાદિત સમર્થન દર્શાવે છે. તેણે કહ્યું, 'જેમ તમે બધા ખેલાડીઓની સંમતિ વિના રમતના નિયમોને વચ્ચેથી બદલી શકતા નથી. તેવી જ રીતે, કડક માર્ગદર્શિકાને અનુસર્યા વિના અમે અમારી કંપની ચલાવવાની રીત બદલી શકતા નથી. EGMમાં અનેક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું રવિન્દ્રને કહ્યું, 'ગઈકાલે યોજાયેલી રોકાણકારોની એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ (EGM)માં ઘણા જરૂરી નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. મતલબ કે તે બેઠકમાં જે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો તેનાથી કોઈ ફરક પડતો નથી, કારણ કે તે બેઠકમાં નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.બાયજુના રોકાણકારોએ શુક્રવારે (23 ફેબ્રુઆરી) એક દિવસ અગાઉ એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ (EGM)માં કંપનીના સ્થાપક-CEO રવીન્દ્રન બાયજુ, તેમની પત્ની દિવ્યા ગોકુલનાથ અને ભાઈ રિજુ રવિન્દ્રનને બોર્ડમાંથી હટાવવાનો નિર્ણય લીધો હતો. અહેવાલો અનુસાર, પ્રોસસ, જનરલ એટલાન્ટિક અને પીક XV જેવા ઘણા બ્લુ ચિપ રોકાણકારોએ EGMમાં રવિન્દ્રન અને તેમના પરિવારને દૂર કરવા માટે મત આપ્યો હતો. લગભગ 60% શેરહોલ્ડિંગ ધરાવતા રોકાણકારોએ કંપનીમાં નેતૃત્વ અને શાસનમાં ફેરફાર માટેની દરખાસ્તો પસાર કરવાની તરફેણમાં મત આપ્યો હતો. રવિન્દ્રન અને તેમના પરિવારે EGM અને મતદાનને ગેરકાયદેસર ગણાવ્યું હતું. રવિન્દ્રન અને તેનો પરિવાર પણ આ મીટિંગમાં હાજર ન હતો. 2011માં રવિન્દ્રને થિંક એન્ડ લર્ન નામની તેમની એડટેક કંપની શરૂ કરી.અહેવાલો અનુસાર, રોકાણકારોએ આ નિર્ણય રવિન્દ્રનની આગેવાની હેઠળના મેનેજમેન્ટની ગેરવહીવટ અને નિષ્ફળતાને કારણે લીધો હતો. EGM બોલાવનાર શેરધારકો બાયજુમાં કુલ 30% થી વધુ હિસ્સો ધરાવે છે. રવિન્દ્રન અને તેમનો પરિવાર કંપનીમાં લગભગ 26% હિસ્સો ધરાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકારોએ નાણાકીય ગેરવહીવટ, કંપનીના કાનૂની અધિકારોને લાગુ કરવામાં મેનેજમેન્ટની નિષ્ફળતાને કારણે મૂલ્યમાં ઘટાડો અને સામગ્રીની માહિતી છુપાવવાને કારણે વર્તમાન બોર્ડની હકાલપટ્ટી કરી છે. EGM લગભગ 4 કલાક સુધી ચાલી હતી અને ઠરાવો પર સુધી લાગુ કરવામાં આવશે નહીં. તે દિવસે કર્ણાટક હાઈકોર્ટ કેટલાક રોકાણકારોના પગલાને પડકારતી રવીન્દ્રનની અરજી પર સુનાવણી કરશે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ વદ-02**

# સમસ્યાનું સમાધાન નહીં સ્વીકારવાની જીદ

સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે ચોથા દોરની મંત્રણા પણ નિષ્ફળ રહી, જેવી આશંકા હતી. ખેડૂત સંગઠનોએ જીદ પકડી છે. તેમની કેટલીય માંગો એવી છે જેને કોઈપણ સરકાર માટે સ્વીકાર કરવો અશક્ય છે. આ રસાકસીમાં કેટલીય ગૂંચ છે. પહેલી, હાલના ખેડૂત આંદોલનના નેતા સમગ્ર ખેડૂત સમાજનું પ્રતિનિધિત્વ નથી કરતા. તેઓ પંજાબ અને કેટલાક જિલ્લામાં ખેડૂતોના એક વર્ગનું જ નેતૃત્વ કરી રહ્યા છે. બીજું, જે માંગો તેમના દ્વારા કરવામાં આવી છે, તે ના તો પંજાબ અને ના ત્યાંના ખેડૂતોના હિતમાં છે. ત્રીજી, તેમનો ઉદ્દેશ્ય સમસ્યાનું સમાધાન કરવાનો નહીં, પરંતુ તેનો ઉપયોગ લોકસભા ચૂંટણી પહેલાં રાજકીય એજન્ડા રૂપે કરવાનો છે. ચોથી, ખેડૂત નેતાઓ દ્વારા સૂચવેલ નિદાન રોગને વધુ વકરાવે તેવો છે. પાંચમી, ભારતમાં ખેતીયોગ્ય જમીનના વિતરણમાં વ્યાપક અસમાનતા છે. સાત ટકા ખેડૂત જ દેશની કુલ ખેતીલાયક જમીનના ૪૬ ટકા પર કબ્જો ધરાવે છે. છઠ્ઠી, ૮૦ ટકાથી વધુ ખેડૂતો, જે એક હેક્ટરથી પણ ઓછી જમીનના માલિક છે, તેમની કુલ રાષ્ટ્રીય ખેતીલાયક જમીન પર માત્ર ૩૦ ટકા જ માલિકી છે. સ્પષ્ટ છે કે મોટા અને નાના ખેડૂતોનાં હિત એક નથી. સાતમી, મોટાભાગના ખેડૂત પોતાના અંગત ઉપયોગ માટે ખેતી કરે છે. કદાચ જ તેમની પાસે બજારમાં વેચવા પૂરતું ઉત્પાદન વધતું હોય. આઠમી, વર્તમાન આંદોલનમાં પંજાબના સમૃદ્ધ ખેડૂતોનો એક વર્ગ પોતાના સ્વાર્થ માટે નાના ખેડૂતો અને રાજ્યના હિતોને દાવ પર લગાવી રહ્યો છે. હરિત ક્રાંતિ ૧૯૬૮માં શરૂ થઈ. ટેકાના ભાવ (એમએસપી)ની વ્યવસ્થા લાગુ થઈ. ૧૯૯૭-૯૮થી ખેડૂતોને મફત વીજળી આપવાની શરૂઆત થઈ. તેના પરિણામે પંજાબમાં બે પાકો ધાન્ય અને ઘઉંનું વર્ચસ્વ થઈ ગયું. પ્રદેશની ખેતીલાયક જમીનમાં ૮૫ ટકા ખેતી આ જ બે પાકો પર કેન્દ્રિત છે અને બાકી પાકો માટે થોડોઘણો અવકાશ છે. ધાન્યની ખેતી માટે ઘણું પાણી જોઈએ છે. પંજાબ સિંચાઈ માટે ૨૦ ટકા નહેરો પર તો ૮૦ ટકા ભૂજળ પર નિર્ભર છે. વીજળી ત્યાં મફતછે, તેથી ખેતરોમાં ટ્યૂબવેલથી ભૂજળ ઉલેચવામાં આવે છે. પંજાબના કેટલાક ક્ષેત્રોમાં જમીનની નીચે જળસ્તર ૧૫૦-૨૦૦ મીટર સુધી પહોંચી ગયું છે. રાષ્ટ્રીય હરિત ન્યાયાધિકરણ (એનજીટી) અનુસાર ૨૦૩૯ સુધીમાં પંજાબમાં ભૂજળ લગભગ એક હજાર ફૂટ કરતાંય નીચે પહોંચી જશે. જો તેને રોકવામાં નહીં આવે તો આગામી બે દાયકામાં પંજાબમાં કોઈના માટે પણ ભૂજળ પ્રાપ્ત કરવું અસંભવ થઈ જશે. કેન્દ્રીય ભૂજળ બોર્ડના ૨૦૨૦ના એક રિપોર્ટ અનુસાર, પંજાબના ૧૫૦ બ્લોકમાંથી ૧૩૩ બ્લોકમાં ભૂજળનું અત્યાધિક દોહન થઈ ચૂક્યું છે. રસાયણયુક્ત કીટનાશક-ખાતરના અત્યધિક ઉપયોગે પંજાબમાં તબાહી મચાવી છે. રાજ્યના માલવામાં પ્રતિ એક લાખની આબાદી પર ૧૦૭ લોકો કેન્સરથી ગ્રસ્ત છે. જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૮૦ છે. બઠિંડાને 'કેન્સર સિટી' નામે ઓળખવામાં આવે છે. ફાજિલ્કાના અબોહરમાં એક ગલી એવી છે, જ્યાં મોટાભાગના ઘરોમાં કેન્સરના રોગી છે, તેને 'કેન્સર સ્ટ્રીટ' નામ આપવામાં આવ્યું છે. આનાથી મોટું દુર્ભાગ્ય શું હોય? ભારત વિશ્વમાં ચોખાના સૌથી મોટા નિકાસકારોમાંથી એક છે. દેશે ૨૦૨૨માં ૨.૨૩ કરોડ ટન, તો વર્ષ ૨૦૨૩માં ૧.૬૫ કરોડ ટન ચોખાની નિકાસ કરવામાં આવી. તેનો અર્થ એ થયો કે ભારત ચોખા રૂપે કરોડો લીટર પાણીની પણ નિકાસ કરી રહ્યું છે. મફત વીજળી આપવાથી પંજાબ સરકારને જ્યાં ૧૯૯૭-૯૮માં વીજળી સબસિડી રૂપે ૬૫૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા, તે ખર્ચ મફત વીજળી યોજનાઓ સાથે વધીને ૨૦૨૨-૨૩માં ૭૨૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે!

# ડાંગ જિલ્લા ખાતે આંબેડકર ભવનમાં કોંગ્રેસ સમિતિની કારોબારી મિટિંગનું આયોજન






સુશીલ પવાર | ડાંગ

આવનાર લોક સભા ચૂંટણી સંદર્ભે ,રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા ને લઈ ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ડાંગ ના કોંગી આગેવાનો ની કારોબારી સંગઠન ને મજબૂત બનાવવા જિલ્લા કક્ષા નું આયોજન કર્યું , કોંગી પ્રભારી સિદ્ધાર્થ દેસાઈ એ ખાસ ડાંગ ના યુવા વર્ગ તેમજ કાર્યકરોને સૂચન કર્યું રણનીતિ કરી ભાજપ મુક્ત ડાંગ જરૂર થશે બાદ ગુજરાત માં કોંગ્રેસ મજબૂત દિશા તરફ આગળ વધશે,બીજેપી ગરીબ આદિવાસી ઓને ભરમાવવાનું કામ કરી રહી છે, આંખો ની કાળી પટ્ટી ખોલી ખરા -ખોટા નો ભેદ સમજી ફરી લોકો ગરીબો ની પાર્ટી કોંગ્રેસને વિજય તરફ દોરી જાય,વધુ માં કોંગ્રેસ પ્રભારીના હસ્તે ડાંગ જિલ્લા માં કોંગ્રેસ ના હોદ્દેદારો ને જિલ્લા તાલુકા લેવલે નિમણૂક પત્ર આપી જવાબદારી સોંપવામાં આવી.

વધુ માં કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરે દ્વારા ભાજપ સામે આકરા પ્રહાર કર્યા કે કોંગ્રેસ માંથી ભાજપ માં જોડાયેલા ડાંગ જિલ્લાના કોંગ્રેસ માંથી ચૂંટાયેલા મોટા ગજા ના નેતાઓ ની હાલત આજે ભાજપ માં શોભા સમાન છે જે લોક નજરે નિહાળી જ રહ્યા છો.માટે કમર કસી જાગૃત થવાની જરૂર છે ,

ભાજપ ને ઘરે બેસાડી કોંગ્રેસ ને ફરી ડાંગ માં જીવંત રાખવા માટે કટિબદ્ધ કરવાની ક્ષમતા આજે પણ ડાંગ ના કોંગી કાર્યકરો માં છે, માટે સંગઠન ની કવાયત હાથ ધરવામાં આવી છે ,લોક સભા ચૂંટણી દરમિયાન ગામે ગામ આગેવાની હેઠળ ગામ માંથી લોકોને જવાબદારી સોંપવામાં આવશે , ડાંગ માં ફરી કોંગ્રેસ જંગી વિજય મેળવે એમાં કોઈ બે મત નથી. કોંગી પ્રભારી સિદ્ધાર્થ ભાઈ દેસાઈ એ કહ્યું કે ભાજપ સામે કુટ નીતિ કે ચાણક્ય ના પ્રહારો ની જરૂર છે , દુર્ગમ વિસ્તાર આવેલ ડાંગ જિલ્લામાં સંમેલન કરવું ખૂબ જ કઠિન બાબત છે. સંગઠન માં નિમણૂક કરેલ તામમ કાર્યકરો ને નિમણૂક પત્ર આપ્યું.કોંગ્રેસ ને મત ન આપવી શકીએ તો ક્યાંક ને ક્યાંક આપણી ખામી છે. ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયત સંમેલન ,તાલુકા લેવલ નું સંમેલન થાય જેમાં વધુ માં વધુ લોકો એકત્રિત થાય, જીઓ યા મરો ની સ્થિતિ માં કોંગ્રેસ છે પણ આપણે ફરી ખભે ખભા મિલાવી ઉભા થવા ની જરૂર છે.મહેનત કરી ઉમેદવાર ને વિજેતા કરવા તનતોડ મહેનત કરી કોંગ્રેસ ની જીત ને ભાજપ પરાજિત ડાંગ બનાવવામાં આવે. માટે વધુ માં વધુ સીટો કોંગ્રેસ ની આવે એ માત્ર ડાંગ જિલ્લા પર ખુબજ આધાર રહ્યો છે

તામમ ડાંગ જિલ્લા કોંગ્રેસ કાર્યકરો દ્વારા ડાંગ વાંસદા વિધાનસભા ના અને આદિવાસી નેતા ધારાસભ્ય અનંત ભાઈ પટેલ ના માતૃ શ્રી નું દુઃખદ નિધન ના સમાચાર થી કોંગ્રેસ પાર્ટી માં દુઃખ ની લાગણી વ્યાપી હતી જે દુઃખદ ઘટના ને ડાંગ જિલ્લામાં કોંગ્રેસ સમિતિ દ્વારા મૌન પાળી શોકાંજલી આપી હતી. કોંગ્રેસ ના કાર્યક્રમમાં આદિજાતિ સેલ હરેશ ભાઈ,પાર્ટી પ્રમુખ .મુકેશ ભાઈ પટેલ,માજી પ્રમુખ તેમજ તામમ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળનો આનંદોત્સવ કાર્યક્રમ ઉજવાયો



રાકેશ મહેતા | ધનસુરા

મોડાસા મ. લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત 14 કોલેજો સંચાલન કરતું મંડળ નો સ્થાપના દિવસ ના મહોત્સવ મા આનંદોત્સવ નો ભવ્ય કાર્યક્રમ મા મુખ્ય વક્તા તરીકે જાણીતા કવિ અને વાર્તાકાર રઈશ મણીયાર. રાજ્ય પરિક્ષા બોર્ડ ના સચિવ સમીરભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે મોડાસા કોમર્સ કોલેજ પુર્વ પ્રિન્સીપાલ સુધીરભાઈ જોષી . મંડળ ના હોદ્દેદારો કૉલેજ ના તમામ પ્રિન્સીપાલ. અધ્યાપક સાથે નગર માથી મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા .સ્વાગત પ્રવચન મંત્રી પરેશભાઈ મહેતાએ કર્યું હતું કાર્યક્રમ મા મંડળ ના માજુમ મુખપત્ર નું વિમોચન કરાયું હતું. મંડળ ના પ્રમૂખ નવીનચંદ્ર મોદી નો આજ દિવસે જન્મ દિવસ હોવાથી કાર્યક્રમ મા ઊપસ્થિત સૌએ જન્મ દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે પ્રમુખે જન્મ દિવસે મંડળ ને દોઢ લાખ રૂપિયાનો ચેક અપર્ણ કર્યો હતો. સાથે વિશેષ સિદ્ધિ. નિવૃત્ત થયેલ અધ્યાપકો કર્મચારીઓ. સેવકો ઊપરાંત મંડળ ને દાન આપનાર દાતાઓ નું સન્માન કરાયું હતું મંડળ મા 15 લાખ દાન આપનાર કોકિલાબેન અરવિંદભાઈ મોદી સન્માન કરાયું હતું ઉપસ્થિતિ મહેમાનો ના ધારદાર વક્તવ્ય થી હોલ માં તાળીઓ થી ગુંજી ઉઠ્યો હતો.

### લુણાવાડા તાલુકાના કોઠંબા ગ્રામ પંચાયતના પેટા ફળિયા..

# વાકોડામાં જમીનના દબાણ હટાવવાના આદેશ આપ્યા બાદ પણ પરિણામ શૂન્ય

જગદીશ ત્રિવેદી | ખારોલ

લુણાવાડા તાલુકાના કોઠંબા ગામ ના પેટા ફળ્યા વકોડા ગામે સરકારી જમીનમાં દબાણ દૂર કરવા ગામના રહીશો દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમ અને મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કર્યા બાદ મહીસાગર જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક ધોરણે દબાણ દૂર કરવા માટે આદેશ પણ કરવામાં આવ્યો હતો તેમ છતાં પણ તંત્રની સેવાતી ગોર ઉદાસીનતાના પગલે આજે પણ વાકોડા ગામની રેવન્યુ સર્વે નંબર 743 ની 21 ગુઠા જેટલી જમીન સરકારી પડતર છે પરંતુ સ્થળ ઉપર જ જમીન અદ્રશ્ય થઈ ગયેલી જણાય છે જેની રજૂઆત પડિયાના રહીશો દ્વારા કરવામાં આવતા જિલ્લા કલેકટર દ્વારા દબાણ હટાવવા માટે સ્થાનિક તંત્રની પણ જાણ કરવામાં આવેલ હોવાનું સાંભળવા મળી રહ્યું છે આ વાતને છ માસનો સમયગાળો વિતવા આવ્યો હોવા છતાં પણ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવેલી નથી સરકારી જમીનમાં દબાણો કરી રસ્તાઓમાં અડચણ ઊભી કરીને 40 જેટલા મકાન રહીશો માટે કાયમી ધોરણે મુશ્કેલી સર્જાવા પામી રહી છે ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ સેવાનો લાભ પણ મળી શકે તેમ નથી.

ક્યારે સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ ના નવા કાયદા મુજબ સરકારી જમીન પર દબાણ હટાવી રસ્તો ખુલ્લો કરીને જે જમીન છે તેમાં આંગણવાડી અને પુસ્તકાલય બનાવવામાં આવી તેવી લોકમાગણી જોવા મળી રહી છે.

કલેકટર ની સૂચના હોવા છતાં પણ સ્થાનિક સત્તાધીશો આવા આદેશોની ગોળીને પી ગયા હોય તેવું જણાઈ રહ્યું છે ત્યારે આ બાબતે તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી તેવી ઉગ્ર માગણી ઊભી થવા પામી છે જો આ બાબતે લાગતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાંધીજી જો માર્ગ અપનાવવાની પણ જિંદગી ઉચ્ચારવામાં આવી રહી છે.

### મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા નગરમાં આવેલ

# રાજેશ & કું. નામના વેપારીને ત્યાં GST વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું




જગદીશ ત્રિવેદી | ખારોલ

મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા નગરમાં જીએસટી વિભાગ દ્વારા હોલસેલ અને જથ્થાબંધ વેપારીઓને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા ભારે સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો મોટા વ્યાપારીઓ દ્વારા અવનવી તરકીબો દ્વારા જીએસટી ની ચોરી કરવામાં આવતી હોવાની જાણકારી ના આધારે સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ગ્રાહકોને પાકા બીલો પણ આપવામાં આવતા ન હતા આમ લુણાવાડામાં ખોળતેલના જથ્થાબંધ વેપારીને ત્યાં જીએસટી વિભાગ દ્વારા બંધ બારણે આ સઘળી તપાસ હાથ વધારવામાં આવી હતી જેના પગલે લોક ટોળાં પણ ઉમટી પડ્યા હતા. અગાઉ પણ લુણાવાડામાં અનેક વેપારીઓને ત્યાં જીએસટી વિભાગે બરોડા પાડ્યા હતા મહીસાગર જિલ્લામાં વેપારીઓ દ્વારા મોટા પાયે જીએસટી ની ચોરી કરતા હોવાની વ્યાપક પ્રમાણમાં ફરિયાદો ઉઠવા પામી હતી અગાઉ પણ લુણાવાડા નગરના જથ્થાબંધ વેપારી રાજેશ એન્ડ કું. માં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પાડીને કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવી હતી જેમાં તેલના જે નમૂના લેવામાં આવ્યા હતા તે ફેલ આવતા તેમની સામે કાયદેસરની દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી તેમ છતાં પણ દીવાની છે અંધારા જેવો ઘાટ સર્જાઇ રહેવા પામી રહ્યો છે.

ત્યારે જનતામાંથી પણ અનેક ચર્ચાઓ સાંભળવા મળી રહી છે કે આવા મોટા વ્યાપારીઓ જીએસટીની વ્યાપક પ્રમાણમાં ચોરી કરી રહ્યા છે ત્યારે જીએસટી વિભાગ કેમ સખત કાર્યવાહી કરી રહ્યું નથી કે પછી આવા વેપારીઓને તેમના છુપા આશીર્વાદ તો નથી મળી રહ્યા ને એવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

# આહવા - વઘઈ માર્ગ પર અક્સ્માતમાં યુવક 15 ફૂટ ઉંડી ખીણમાં ખાબકયો...



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં નડગખાદી ગામની સીમમાં મોટરસાયકલ ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા રોડની બાજુમાં આવેલ દિવાલ સાથે અથડાઈ જઈ ખીણમાં ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.જેમાં યુવક 15 ફૂટ ઊંડી ખીણમાં ખાબકયો હતો.ડાંગ જિલ્લાનાં નડગખાદી ગામની સીમમાંથી પસાર થતા આહવા - વઘઈ માર્ગ ઉપરથી પ્રતીક પટેલ (રહે.લવચાલી તા.સુબિર જી.ડાંગ) પોતાના કબજાની મોટરસાયકલ રજી. નં.GJ -16-CG-6319 ફર સવાર થઈને જઈ રહ્યો હતો.ત્યારે રાત્રિના 9.30 વાગ્યાની આસપાસ સામેથી આવતા વાહનના લાઈટનો પ્રકાશ યુવક પર પડતા, મોટરસાયકલ ની સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો.અને રસ્તાની બાજુમાં આવેલ દિવાલ સાથે મોટરસાયકલ અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં યુવક 15 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી ગયો હતો.અહી યુવકને શરીરે ઈજાઓ પહોંચતા, સ્થાનિક લોકોએ તેની મદદ કરી તાત્કાલિક આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

# કોઠંબા વિભાગ પાટીદાર સમાજનો 20મો સમૂહ લગ્ન યોજાયો

## સમૂહ લગ્નોત્સવમાં દીકરીઓના ભીષ્મપિતામહ ગણાતા મહેશભાઈ સવાની ઉપસ્થિત રહ્યા



જગદીશ ત્રિવેદી | ખારોલ

લુણાવાડા ના કોઠંબા ૨૪ ગામ યુવા અને મહિલસમિતી દ્વારા આયોજિત ૨૦ મો સમૂહ લગ્ન ઉત્સવ કોઠંબા કુમાર પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. આ પ્રસંગે દીકરીઓના ભીષ્મપિતામહ કહેવાતા પીપી સવાણી ગ્રુપ ના મહેશભાઈ ઉપસ્થિત રહી ને સમાજ વિશે ની ઉપસ્થિત તમામ પાટીદાર સમાજ ના ભાઈ બહેનો ને યોગ્ય ટકોર કરી અપડેટ થવાની વાત કરી હતી.વડીલો ને પણ સમજવાની જરૂર છે.સમય સાથે ચાલો નહિ તો સમય તમારી સાથે નહિ ચાલે એવું જણાવતા મહેશભાઈ સવાણીએ પટેલ સમાજ ના આગેવાનો અને નવ યુવાનો ને હાકલ કરી હતી.કોઠંબા ના જ રીટાયાર્ડ આઇ એ એસ અધિકારી એચ એસ પટેલ દ્વારા સમાજ ના નવયુવાનો અને મહિલાઓ ને આગળ આવવા અપીલ કરી હતી અને જુના રીત રિવાજોને ત્યાગ કરી ભવિષ્ય મા સમાજ ને આગળ લાવવાની હાકલ કરી હતી.સમૂહ લગ્ન માં આર બી કાર ના સી ઈ ઓ ,મહીસાગર નવગોડ ના પ્રમુખ,કોઠંબા સરપંચ અને તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. હંમેશા પટેલ સમાજ બીજા સમાજ ને ન્યાય આપી રહ્યો છે અને મદદ કરી રહ્યો છે ત્યારે તમામ પાટીદારો ને મતભેદ ભૂલી,વાળા ઓ ભૂલી એકત્રિત થવાની હાકલ કરી હતી . સમૂહ લગ્ન માં દાતાશ્રીઓ દ્વારા વસ્તુ સ્વરૂપે તેમજ રોકડ સ્વરૂપે દાન આપી ધન્યતા અનુભવી હતી.

# વઘઈના બોરીગાવઠા ખાતે કારમાં દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

**4.05 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો સાથે એક વોન્ટેડ**



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાની વઘઈ પોલીસે બોરીગાવઠા ખાતેથી કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો હતો.તેમજ દારૂના જથ્થા સહિત અંદાજે 4.05 લાખ કરતા વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.અને પોલીસને જોઈને નાસી છૂટનાર કાર ચાલકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.વઘઈ પોલીસ સ્ટાફના માણસોને ખાનગી રાહે બાતમી મળી હતી કે, 'એક ઈકો સ્પોર્ટ સફેદ કલરની કાર રજી નં.GJ-06-HD-2011 માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી બે ઈસમો નવાપુરથી નિકળેલ છે.અને ડાંગ જિલ્લાનાં બોરીગાવઠા ખાપરી નદીના બ્રીજ ઉપરથી પસાર થનાર છે.' જે બાતમીના આધારે વઘઈ પોલીસ મથકનાં સ્ટાફનાં કર્મીઓએ બોરીગાવઠા ખાપરી નદીના બ્રીજ ઉપર નાકા બંધી કરી હતી.ત્યારે કાર રજી. નં.GJ-06-HD-2011 ના ચાલક એ દૂરથી પોલીસની નાકા બંધી જોઈ લેતા કાર ચાલક તોફીક ઉર્ફે મામુ વલ્લિભાઈ પોલીસને જોઈને નાસી છૂટયો હતો.જોકે પોલીસે કારમાં સવાર અશફાક ગુલામ કાદર મુલ્લા મોહમદની અટકાયત કરી હતી. તેમજ કારમાંથી પાસ પરમિટ વગરનો ભારતીય બનાવટ નો ઈંગ્લિશ દારૂનો જથ્થો જેની કિંમત રૂપિયા 1,00,200/- તથા મોબાઈલ કિંમત રૂપિયા 5 હજાર તથા કાર કિંમત રૂપિયા 3 લાખ એમ મળી કુલ કિંમત રૂપિયા 4,05,200/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# ગરીબોનું હકનું અનાજ બારોબાર વેચાણ કરતા તત્વોને ઝડપી પડતું પોલીસ ખાતું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ ભાવનગર નાઓ દ્વારા તથા અમરેલી પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં બનતા ગેરકાયદેસર અનાજના જથ્થાની હેરફેરની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી. શાખાના પોલીસ સબ. ઈન્સ્પેક્ટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ રાજુલામાં પેટ્રોલિંગ દરમિયાન વાવેરા તરફ જવાના રસ્તે પહોંચતા સામેથી એક મહિન્દ્રાના ચાલકને શંકાસ્પદ હાલતમાં લઈને આવતો હોય જેને રોકી ચેક કરતા તેમાં બીલ આધાર પુરાવા વગરનો અનાજનો ઘઉં કિ.રૂ.૨૦,૦૦૦/- તેમજ ચોખા કિ.રૂ. ૯૩,૧૦૦/- તથા શંકાસ્પદ અનાજનો જથ્થો ભરેલ મહિન્દ્રા JAYOજેની કિ.રૂ. ૧,૨૫૦૦૦/- ગણી તથા મજકુર ઈસમ પાસેથી મળી આવેલ એક મોબાઈલ જેની કિંમત રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ. રૂ.૨,૫૧,૬૦૦/-નોમાલ મળી આવેલ.

**"મન કસ બાત ડોક્ટર્સ કે સાથ"**

# જૂનાગઢ ડૉક્ટર સેલ દ્વારા શ્વેતપત્ર પર વિશ્લેષણાત્મક વકતવ્ય રજૂ કરાયું



મહેશ એલ. સોની | નખત્રાણા

આજ રોજ જૂનાગઢ શહેર બીજેપી કાર્યાલય પર 'મન કી બાત ડોક્ટર્સ કે સાથ' કાર્યક્રમ અંતર્ગત બીજેપી ડોક્ટર સેલ સંયોજક ડૉ. શૈલેશ બારમેડા દ્વારા સંસદમાં શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરવામાં આવેલ 'શ્વેત પત્ર' પર વિશ્લેષણાત્મક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ ડોકટર મિત્રોએ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ટીવી પર પ્રસારિત થયેલા 'મન કી બાત' ના ૧૧૦ મા એપિસોડનું સમૂહ દર્શન કર્યું હતું. એવું જૂનાગઢ બીજેપી ડૉક્ટર સેલના સંયોજક ડો. શૈલેષભાઈ બારમેડાની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ગિરિમથક સાપુતારા માર્ગમાં પ્રકૃતિને સુગમ અને સ્વચ્છ બનાવવા માટે સફાઈ અભિયાન હાથ ધરાયુ

સુશીલ પવાર | ડાંગ

રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે આવેલ નોટિફાઈફ એરીયા કચરીમાં વર્ષોથી ખાલી પડેલ ચીફ ઓફીસરની જગ્યા પર કાયમી ચીફ ઓફીસર તરીકે ડૉ ચિંતન વૈષ્ણવની થોડાક સમય પહેલા જ નિમણૂક થઈ છે.ગિરિમથક સાપુતારા ખાતે ચીફ ઓફીસર તરીકે ડૉ ચિંતન વૈષ્ણવે કાર્યભાર સંભાળ્યા બાદ પ્રકૃતિ પ્રત્યે સંવેદના હોય કે પછી પ્રવાસીઓની સુરક્ષા સહીત માર્ગદર્શન માટે કટીબદ્ધ બન્યા છે.સાથે તેઓએ સાપુતારાનાં જોવાલાયક સ્થળો વિશે ઝીણવટભરી માહિતી એકઠી કરી નવતર પ્રયોગો હાથ ધરતા તેઓનાં આ સફળ સારથી તરીકેનો અભિગમ ઉડીને આંખે વળગી રહ્યો છે.ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવતા પ્રવાસીઓને પ્રાકૃતિક વાતાવરણ મળી રહે તેવા પ્રયાસો ડો ચિંતન વૈષ્ણવ દ્વારા હાથ ધરાતા પ્રવાસીઓ પણ આભાર વ્યક્ત કરી રહ્યા છે.રવિવારે સાપુતારા નોટીફાઈડ એરીયા કચેરીનાં ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા હોટલ એસોસિએશનનાં સભ્યો,ઓનર્સ તથા સાપુતારા ખાતે ફરજ બજાવતા વિવિધ વિભાગનાં કર્મચારીઓ, ગ્રામજનો તેમજ સફાઈ કામદારોએ સાપુતારા સ્વાગત સર્કલથી માલેગામને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ઘાટમાર્ગમાં સાફ સફાઈ અભિયાન હાથ ધર્યુ હતુ.

# લુણાવાડા ભંગારના ગોડાઉનમાં સરકારી યોજનાની સાયકલો ભંગારની હાલતમાં

જગદીશ ત્રિવેદી | ખારોલ

જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં જ વિદ્યાર્થીઓની સહાયરૂપે આપવામાં આવેલી સાયકલોનો વેપાર થઈ રહેવા પામ્યો છે ત્યારે ભંગારના ગોડાઉન માંથી મળી આવેલ સાયકલોની પગલે અનેક તર્ક વિતર્ક સર્જાઇ રહેવા પામ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અનુસૂચિત વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી હતી ત્યારે લુણાવાડા તાલુકામાં સરકારની આ યોજના હેઠળ આપવામાં આવેલી સાઈકલો ભંગારમાં વેચાતી હોવાનું જાણવા મળી રહ્યું છે સરકાર દ્વારા લાભકારી યોજના દ્વારા વિદ્યાર્થીઓને સાયકલનું લાભ આપવામાં આવતો હોય છે જ્યારે બીજી બાજુ જે તે લાભાર્થીઓને સાયકલનો લાભ આપવામાં આવ્યો છે તે લાભાર્થીઓ દ્વારા અથવા તો તંત્ર દ્વારા આવી સાઈકલો ભંગારમાં પધરાવી દઈને તેમાંથી રોકડી કરીને ખિસ્સા ભરી લેતા હોવાનું જણાઈ રહ્યું છે.

સરકારી યોજના દ્વારા માધ્યમિક શાળામાં ધોરણ નવ માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની શાળામાં ઘરેથી આવવા જવા માટે સરકારની સરસ્વતી સાધના યોજના હેઠળ

**બીજી વખતની આવી ઘટના બાદ પણ આ બાબતે તંત્ર સૂચક મૌન ધારણ કરીને બેઠેલું જણાઈ રહ્યું છે**



વિનામૂલ્ય સાઈકલો આપવામાં આવી રહી છે ત્યારે આ સાઈકલ નો ઉપયોગ ઘરેથી શાળામાં આવવા જવા માટે કરવાની જગ્યાએ આવી સહાયરૂપે આપવામાં આવેલી સાઈકલો બારોબાર ભંગારના ગોડાઉનમાં વેચી મારવામાં આવતી હોવાનું જોવા મળી રહ્યું છે.

ત્યારે આવી સહાયની સાયકલો લુણાવાડામાં ગોધરા રોડ પર એસટી વર્કશોપ સામે આવેલા જથ્થાબંધ ભંગારના વેપારીનીતિઓ મળી આવવા પામી ત્યારે આ ભંગારના ગોડાઉનમાં સાયકલો ક્યાંથી પહોંચી ? સહાય રૂપ મળવા પામેલી આ સાયકલો કોણ વેચી ગયું, આ બાબતે લાગતા વળગતા તંત્ર દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે અને કસુરતાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી હતી આ બાબતે અધિક નિવાસી કલેકટર મહીસાગર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સમાજ કલ્યાણ અધિકારીની તપાસ માટે લખીશું અને કશું દાસ સ્વામી યોગ્ય કાર્યવાહી કરવા માટે વિભાગના સક્ષમ અધિકારીને પણ જાણ કરીશું.



# બાળકને ઘરે એકલુ મૂકતા પહેલા આ બાબતોનું રાખો વિશેષ ધ્યાન

## સુરક્ષાના નિયમ શીખવાડો

પહેલુ પગલુ છે બાળકને ઘરના સુરક્ષા નિયમ સારી રીતે સમજાવો. જ્યારે તેઓ એકલા હોય તો દરવાજો કોઈના પણ માટે ખોલે નહીં. ભલે તે કોઈ અજાણ્યા હોય કે કોઈ જાણીતા હોય. અજાણ્યા લોકો સાથે વાતચીત ન કરવાની સલાહ આપો. સાથે જ તેમને એ પણ જણાવો કે જો કોઈ ઈમરજન્સી સ્થિતિ આવે છે તો તેમણે શું કરવુ જોઈએ. આ પ્રકારની જાણકારીથી બાળક પોતાને સુરક્ષિત રાખી શકશે.

## ઈમરજન્સી સંપર્ક

બાળકને હંમેશા તમારા અને તમારા નજીકના લોકોના ફોન નંબર આપો. જેની પર તેઓ વિશ્વાસ કરી શકે છે. એ નક્કી કરો કે આ નંબર તેમને યાદ હોય કે પછી એવા સ્થળે લખીને રાખો જ્યાં તેઓ સરળતાથી તેને જોઈ શકે. આ સાથે જ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ જેવી ઈમરજન્સી સેવાઓના નંબર પણ તેમને ઉપલબ્ધ કરાવો. આ તેમને કોઈ પણ ઈમરજન્સી સ્થિતિમાં મદદ માટે તૈયાર રાખશે.

## ખાણી-પીણીની વ્યવસ્થા

જ્યારે બાળક ઘરે એકલુ હોય તો ધ્યાન રાખો કે ફ્રિજ અને કિચનમાં એવી ખાવાની વસ્તુઓ રાખો જેને તેઓ સરળતાથી તૈયાર કરી શકે. સેન્ડવિચ, ફળ, દહીં જેવા સ્વસ્થ વિકલ્પ રાખો. તેમને ભોજન ગરમ કરવાની યોગ્ય રીત અને અમુક સિમ્પલ વસ્તુઓ બનાવવાની પાયાની જાણકારી આપો. આ તેમને ન માત્ર આત્મનિર્ભર બનાવશે પરંતુ તેમની ભોજનની આદતોને પણ સ્વસ્થ રાખશે.


## મનોરંજન અને વ્યસ્તતા

બાળકના એકલતાના સમયને મજેદાર અને ઉપયોગી બનાવવા માટે તેમની મનપસંદ શૈક્ષણિક પુસ્તકો, રમત અને શોખ સાથે જોડાયેલી સામગ્રી ઉપલબ્ધ કરાવો. આ વસ્તુઓ ન માત્ર તેમને વ્યસ્ત રાખશે પરંતુ તેમની વિચારવાની ક્ષમતા અને રચનાત્મકતાને પણ વધારશે. તેનાથી તેમને એકલતા ઓછી અનુભવાશે અને તેમનું મનોરંજન પણ થશે. આ રીતે તેઓ ખુશીથી વધુ સકારાત્મકરીતે પોતાનો સમય વિતાવી શકશે.

# ખાલી પેટ ગેસની દવા લેવી જોખમી બની શકે છે!

## થઈ જાઓ સાવધાન, નહીતર થશે નુકસાન

આજકાલની જીવનશૈલી ખૂબ ઝડપી અને ભાગદોડવાળી બની ગઈ છે. ખાનપાન અને જીવનશૈલીના કારણે મોટાભાગના યુવાનોનું પાચનતંત્ર નબળું પડી રહ્યું છે. ઓફિસ વર્કના કારણે ઘણાં લોકો ફાસ્ટફુડ પર ડિપેન્ડ રહે છે. જેની અસર સ્વાસ્થ્ય પર પડે છે. ફાસ્ટ ફુડને કારણે ગેસ અને એસિડિટીની સમસ્યાઓ થાય છે. વાસ્તવમાં, આ સમસ્યા લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવા, ઓછી શારીરિક પ્રવૃત્તિ, બહારનું ખાવાના કારણે સામાન્ય બની રહી છે. જંક ફૂડ, મેંદા, સેચુરેટેડ ફેટ, મીઠું પાચનતંત્રને ખરાબ રીતે બગાડે છે. આવી સ્થિતિમાં નાની ઉંમરમાં જ એસિડિટી અને ગેસની ફરિયાદ રહે છે. હેલ્થ એક્સપર્ટના મતે, આનાથી બચવા માટે ઘણા લોકો સવારે ઉઠતાની સાથે જ ગેસ કે, એસિડિટીની ગોળીઓ લેતા હોય છે, જે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે તેથી આ ગોળીઓ લેવાનું ટાળવુ જોઈએ.



### ખાલી પેટે ગેસની ગોળીઓ લેવી કેમ હાનિકારક છે?

ગેસ અને એસિડિટીની સમસ્યાથી બચવા માટે ઘણા લોકો સવારે ખાલી પેટે દવાઓ લેતા હોય છે. કેટલાક લોકો તેનો નિયમિત ઉપયોગ કરે છે. જો તેઓ દવા ન લે તો તેમનો આખો દિવસ મુશ્કેલીમાં પસાર થાય છે, તેથી આમ કરવાનું ટાળવુ જોઈએ. તાજેતરમાં થયેલા એક રિસર્ચમાં સામે આવ્યું છે કે, તમારી આ આદત પેટમાં બેક્ટેરિયાના કારણે થતા ઈન્ફેક્શનને ઘણી વખત વધારી શકે છે.

### રિપોર્ટ ગેસની દવા વિશે શું કહે છે

રિપોર્ટ અનુસાર, આ બેક્ટેરિયાથી થતા ઈન્ફેક્શનને કારણે મોટા આંતરડામાં સતત ડાયેરિયા અને ઈન્ફેક્શન થઈ શકે છે. આનાથી મોટા આંતરડામાં ક્લોસ્ટ્રિડિયમ ડિફિસાઈલ કોલાઈટિસ ઈંફેક્શન વધી શકે છે, જેને સી-ડિફ તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે, કેટલાક કિસ્સાઓમાં આ સમસ્યા વધુ પડતા એન્ટિબાયોટિક્સ લેવાથી પણ થાય છે. આ સંશોધનમાં, કુલ 7,703 દર્દીઓમાંથી સી-ડિફના 16 કેસોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં નિયમિતપણે લેવામાં આવતી ઓપેરાઝોલ, હિસ્ટામાઈટન અને રાનિટિડાઈન જેવી દવાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

# મોતના ખતરાને 16% વધારી રહી છે ઓફિસની ખુરશી, જીવ બચાવવો હોય તો ટાર્ગેટ છોડો

આજકાલ લોકો ઓફિસમાં પોતાનું કામ પૂરુ કરવા માટે કલાકો સુધી ખુરશી પર બેઠા રહે છે. ઓફિસમાં સતત બેઠા-બેઠા કામ તો પૂરુ થાય છે પરંતુ આપણા શરીરને ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે. એક રિસર્ચમાં ચોંકાવનારી વાત સામે આવી છે. તેમાં કોઈ બે મત નથી કે કામ જરૂરી છે પરંતુ તેનાથી વધુ જરૂરી આપણું સ્વાસ્થ્ય છે. ખુરશી પર સતત બેઠા રહેવાથી કામ તો સારૂ અને વધુ થઈ શકે છે પરંતુ તેનાથી મોતનો ખતરો વધી જાય છે. લાંબા સમય સુધી બેસી કામ કરવાથી ઘણી ગંભીર અને જીવલેણ બીમારીનું જોખમ વધી જાય છે.

**આરામ નહીં, મોત આપે છે ખુરશી! |** ઓફિસમાં કામ કરવું સારી રાત છે પરંતુ લાંબા સમય સુધી ખુરશી પર બેઠા રહેવું તમને જલ્દી મોતના મુખમાં ધકેલી શકે છે. એક રિચર્સમાં આ વાત સામે આવી છે કે ડેસ્ક જોબ તમારા મોતના ખતરાને 16% સુધી વધારી શકે છે.

**આશરે 5 લાખ લોકો પર થયો અભ્યાસ |** જામા નેટવર્ક પોર્ટલ જર્નલમાં પ્રકાશિત અને લગભગ 13 વર્ષમાં 4,81,688 લોકો પર થયેલા રિસર્ચમાં આ વાતનો ખુલાસો થયો છે.

**બેઠા રહેવાથી લોકોને હાર્ટના રોગોનો ખતરો |** અધ્યયનમાં રિસર્ચર્સને જાણવા મળ્યું કે જે લોકો મોડે-મોડે સુધી પોતાની ખુરશી પર બેઠા રહે છે, તેને કાર્ડિયોવેસ્કુલર ડિઝીસ (CVD)થી મરવાનું જોખમ 34 ટકા વધી જાય છે.

**શરીર ચાલવા માટે, માત્ર બેઠા રહેવા માટે નહીં |** વૈજ્ઞાનિકોનું માનવું છે કે મનુષ્યના શરીરને ચાલવા-ફરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જ્યારે આપણે તે નથી કરતા તો વસ્તુ બગડવા લાગે છે.

**બેઠા રહેવાથી જીવલેણ રોગોનું જોખમ |** મોડે સુધી બેઠા રહેવાથી બીપી, સુગર, મોટાપો, કોલેસ્ટ્રોલ, મેટાબોલિક સિન્ડ્રોમ, હાર્ટ ડિઝીસ અને કેન્સર જેવી ઘાતક અને જીવલેણ બીમારીઓનું જોખમ વધી જાય છે.

**8 કલાકથી વધુ બેઠા રહેવું જીવલેણ |** રિસર્ચમાં સામે આવ્યું કે જો કોઈ ફિઝિકલ એક્ટિવિટી વગર તમે એક દિવસમાં આઠ કલાકથી વધુ સમય બેઠા રહો છો તો તમારા મરવાનું જોખમ, મોટાપો અને સ્મોકિંગથી પેદા થયેલા જોખમ સમાન છે.

**દરરોજ 22 મિનિટ ફિઝિકલ એક્ટિવિટી જરૂરી |** બ્રિટિશ જર્નલ ઓફ સ્પોર્ટ્સ મેડિસિનમાં પ્રકાશિત એક રિસર્ચથી ખ્યાલ આવે છે કે દિવસમાં ઓછામાં ઓછી 22 મિનિટ ફિઝિકલ એક્ટિવિટી કરવાથી લાંબા સમય સુધી બેઠા રહેવાના દુષ્પ્રભાવો ઘટાડી શકે છે.

**ફિટ રહેવા માટે શું કરો |** અધ્યયન અનુસાર સપ્તાહમાં 150 મિનિટ સુધી ફિઝિકલ એક્ટિવિટી કે વધુ શ્વાસ લેવા જેવા કામ જેમ કે જલ્દી ચાલવું, કસરત કરવી, પહાડ ચઢવો, દોડવાથી તમને ફાયદો થઈ શકે છે.



# હીરા બા એ કહ્યું હતું કે દીકરીની વિદાઈ થાય છે તો દીકરા ની વિદાઈ કેમ નહિ?

## મે અજનબી એક મુસાફર ચાલતા થા રાહ મે, મુજે ના રાહ કી ફિકર થી ના મંજિલ કી તલાશ,



**મે અજનબી એક મુસાફર ચાલતા થા રાહ મે,
મુજે ના રાહ કી ફિકર થી ના મંજિલ કી તલાશ,**

નાની ઉમરે નાનકડા ખાદી ના થેલા માં બે જોડી કપડા અને માતા ના ફોટા સાથે ઘર છોડીને નીકળેલા માણસ ને પુછો કે તારું ભણતર માતૃભાષા માં કેમ છે? અંગ્રેજી પર તારું પ્રભુત્વ કેમ ઓછું છે? બોલતી વખતે ભાષા માં માતૃભાષા ની છાટ કેમ વાત વાતમા આવે છે? આવા પ્રકાર ના પ્રશ્ન પૂછનાર પ્રત્યે દયા અને ઘનીવાર ગુસ્સો પણ આવે છે.વિચારો માત્ર ૧૭ વર્ષ નો છોકરો ઘર ત્યાગ કરીને નીકળી ગયા બાદ એનું જીવન શું? એ કેટલી રાત જમ્યો હશે ને કેટલા દિવસો રૂપિયા ના અભાવે ચાલ્યો હશે. રાત દિવસ રઝળી ભટકી ને થાક લાગ્યો હશે ત્યારે મહેનત મજૂરી પણ કરી હશે.."જિંદગી તુ ઈતની હસીન કભી નહિ રહી હર કિસિકી..".આ હકીકત સામન્ય થી બુધ્ધિ શાળી વ્યક્તિઓ સમજી શકે છે. ફ્રેન્ચ લેખિકા સન્તોલ દેલોબેલ આર્દીનો એ એની બુક નરેન્દ્ર મોદી : life of India માં માતા પુત્ર સંવાદ પેજ નં ૬૫ માં લખ્યું છે કે " હીરા બા એ કહ્યું હતું કે પુત્ર એ ઘર છોડવા નો નિર્ણય કર્યો ને જીદ કરતા કહ્યું હતું કે દીકરીની વિદાઈ થાય છે તો દીકરા ની વિદાઈ કેમ નહિ? પુત્ર એ ઘર છોડતા વચન આપ્યું હતું કે એ એના જીવન માં જે કંઈ કરશે એ દેશ હિત માટે કરશે..પુત્ર ને તિલક કરીને રૂપિયા આપી ને વિદાઈ તો આપી હતી પરંતુ એના ગયા પછી એના વિષાદ માં કેટલાય મહિનાઓ પાગલ જેવી થઈ ગઈ હતી..માં માટે તો પુત્ર કે પુત્રીની હોય વિદાય અસહ્ય જ હોવાની..

**જનની ની જોડ સખી નહિ મળે રે લોલ..**

ઘર છોડ્યા બાદ બે વર્ષ હિમાલય મા ભ્રમણ કર્યું, રાજકોટ માં રામ કૃષ્ણ મિશન માં રહિયા ને ત્યાંથી કલકતા ના બેલુર મઠમાં રહિયા બાદ પુનઃ હિમાલય ની રાહ પકડી હતી. ગુરુપદ એ ચિંધ્યા માર્ગે આધ્યાત્મિક ઉન્નતિ સાધવા પ્રયત્ન કર્યા.મોદીજીનું મન સન્યાસ માર્ગ પર અગ્રેસર થવા ઈચ્છતું હતું પરંતુ ગુરુ ના સમજાવવા થી એ રાજ કારણ માં પ્રવેશ્યા.બાળપણ થી આર એસ એસ ની શાખા નિયમિત જતા હતા ને ૧૯૭૨ માં સંઘ પ્રચારક ની જવાબદારી મળી હતી. મોદીજી નું ધ્યેય સ્પષ્ટ હિન્દુત્વ વાદી ને નેશન ફર્સ્ટ એ એના વિચારો હતું.અડવાણીજી એ રામ રથ યાત્રા કાઢી ને એની સફળતા ને લીધે બીજેપી એ "એકતા યાત્રા" કન્યા કુમારી થી કાઢવાનું નક્કી કર્યું હતું.દોઢ મહિનો ચાલેલી રથયાત્રા માં મુરલી મનોહર જોશી સાથે મોદીજી સતત રહિયા હતા.યાત્રા દરમિયાન ફગવાર માં હુમલો પણ થયો હતોઆમ છતાંય યાત્રા હેમખેમ પાર પડી હતી.ઉગ્ર વાદી ઓએ જાહેરાત કરી હતી કે ૧૯૯૨ ની ૨૬મી જાન્યુઆરી એ લાલ ચોક પર તિરંગો ફરકશે નહિ...ભારત ના ઈતિહાસ માં એવું પહેલી વાર બન્યું કે શ્રી નગર ના લાલ ચોક માં તિરંગો ફરક્યો ને એ પળ મા મુરલી મનોહર જોશી ની બાજુ માં મોદીજી પણ ઊભા હતા.. માન્યું કે ઊંચુ પદ પ્રતિષ્ઠા એ નસીબ ના કારણે મળે છે પરંતુ નસીબ એ કર્મ પ્રધાન છે. ઉતમ ફળ એ શ્રેષ્ઠ કર્મ નું ફળ સમજો..ભગવાન નું ત્રાજવું એ નિશ્ચિત છે એમાં ત્રજવા નીચે લોહ ચુંબક મૂકી શકાતું નથી..કેમ? કેમકે કાળ ની દ્રષ્ટિ એ સી. સી.ટીવી કેમેરા કરતા પણ તાકતવર છે.એકતા યાત્રા ની સફળતા બાદ અન્ય કાર્યકરો ગુજરાત પરત ફર્યા ત્યારે એમનું જોરદાર સ્વાગત થયું હતું.મોદીજી ના સંગઠાત્મક કર્યો ની અડવાણી અને

**સી.એમ થી પીએમની યાત્રા**

**- રુપાલી દવે**



અટલજી દ્વારા પ્રસંશા થતાં એને દિલ્હી બોલવા મા આવ્યા હતા.ત્યારે મોદીજી સંઘ ના કામમાં વ્યસ્ત હતા.૧૯૮૭ માં મોદીજી કાયદેસર બીજેપી માં જોડાયા હતા.એ બાદ વરિષ્ઠ નેતાઓ દ્વારા પક્ષ ની મોટી જવાબદારીઓ સોંપવા માં આવી હતી. ૧૯૯૫ માં બીજેપી ના રાષ્ટ્રીય સચિવ અને પાંચ રાજ્યો ના પ્રભારી બન્યા હતા.અચાનક ૨૦૦૧ માં વિનાશક ભૂકંપ માં ૨૦,૦૦૦ થી વધારે લોકો ના મૃત્યુ થતા.વહીવટી કામકાજ માં ધાંધલી જાણતા પક્ષ ના આદેશ મુજબ તત્કાલીન સી.એમ કેશુ ભાઈ એ રાજીનામું આપ્યું. પક્ષ એ મોદીજી ને દિલ્હી થી ગુજરાત મોકલી ને તાત્કાલિક ગુજરાત એ સમય ની ગભીર આપદા ને પોહચી વળવા નું જણાવ્યું. એ સમયે તાત્કાલિક ગુજરાત ના સી.એમ પદ સાંભળી ને ધરતી કંપ પછી ની ગંભીર સમસ્યા ને કુનેહ થી હલ કરી હતી. " કુછ દિન ગુજારો ગુજરાત મે" એડ કેમ્પેન દ્વારા ધરતી કંપ માં વિખરાઈ ગયેલા કચ્છ ને ટુરિઝમ સ્પોટ બનાવી ને પગભર કર્યું છે..કચ્છ ના ખારા પાણી ને પીવા લાયક બનાવવા ના પ્રોજેક્ટ નું નિર્માણ કર્યું ને ત્યાં અનેક પ્રોજેક્ટ સ્થાપી ને પગભર કર્યું છે પાચ વર્ષ સમાપ્ત થયા બાદ મોદીજી ની આવડત અને લોકપ્રિયતા ના લીધે કોંગ્રેસ ના હાથ માંથી ગુજરાત નીકળવા લાગ્યું ત્યારે એ ચૂંટણીઓ દરમિયાન ક્યારેક એના પત્ની જશોદા બેન,નફરત કી રાજનીતિ, કોંગ્રેસ કી વિરૂધ્ધ ઝહેર ઉગલતે હે વગેરે વગેરે અનેક મુદ્દાઓ વિરૂદ્ધ પાર્ટી એ ચૂંટણી દરમિયાન લાવ્યા પરંતુ ગુજરાત ની પ્રજા સમજી ચૂકી હતી કે ગુજરાત ના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી જ ગુજરાત નું સુકાન સંભાળી ને દેશ નું ટોચ નું રાજ્ય બનાવવા માં સક્ષમ છે..મોદીજી એ માત્ર બાર વર્ષમાં ગુજરાતની પાણી,વીજળી,સડક રસ્તા ને વિકાસ જેવી અનેક સમસ્યા ને હલ કરી ને ગુજરાત ને વિકાસશીલ રાજ્ય બનાવી અગ્રેસર કર્યું છે.ઘણા નું કહેવું છે કે ગુજરાત તો પહેલે થી જ વિકાસશીલ હતું પરંતુ પ્રશ્ન એ થાય છે કે પાણી,વીજળી,રોડ રસ્તા વગર શું વિકાસ શક્ય છે? કોંગ્રેસ ના અધ્યક્ષ એ મોદીજી ને "મોત ના સોદાગર " સબોધ્યા ત્યારે મોદીજી નું વાક્ય હતું :

**"મારા પર કોઈ પથ્થર ફેંકે તો હું એની સીડી બનાવી ને સફળતા ની ટોચ પર ચડું છું..".**

..૨૦૧૪ ની સંસદ ની ચૂંટણી માં મોદીજી ને બીજેપી એ પી.એમ ઉમેદવાર જાહેર કર્યા ત્યારે માનો ગુજરાતીઓ ના ઘરે ઘરે ઉત્સવ હતો જાણે ખુદ નો દીકરો પી.એમ બનવા નો હોય એવો..૨૦૧૪ ની ચૂંટણી એ ખરખરો નો જંગ હતો



કેમકે વિપક્ષ માટે મુદ્દો હતો "અયોધ્યા કાંડ " નો ને એ વખત ના કોંગ્રેસ સરકારે ગુજરાત માં તોફાન દરમિયાન મુસ્લિમ મૃતકો ના મોત મોદી સરકાર ને લીધે થયા હતા એ વાત પર ચૂંટણી માં જોર આપ્યું હતું.પરંતુ સત્ય આંધળું ,બહેરું ને લૂલું નથી એ ભારત ની પ્રજા સમજે છે..મોદીજી વિશેના ખોટા પ્રચાર ને નકારી ને બીજેપી ફૂલ બહુમતી થી જીતી ગઈ હતી.જીવન માં પ્રથમ વખત વડાપ્રધાન સંસદ માં પ્રવેશ્યા ત્યારે આંખ મા આંસુઓ સાથે બોલ્યા હતા કે એનું પ્રત્યેક કાર્ય દેશહિત અને ભારતીયો માટે હશે..છેલ્લા દસ વર્ષ થી આઝાદી ના વર્ષો બાદ નહતા થયા એ બધા કર્યો મોદીજી એ ખંત અને મહેનત થી અનેક કર્મઠ કાર્યકરો ના પરસેવાની પરવા કરી ને કર્યા છે..ભારત ના ઈતિહાસમાં ૫૦૦ વર્ષ થી ચાલતો રામ મંદિર પુનઃ નિર્માણ નો મુદ્દો સમાપ્ત કર્યો ને ૨૦૨૪ માં અયોધ્યા માં ભવ્ય રામ મંદિર નું નિર્માણ થયું. ઓછા લોકો ને ખબર હશે કે પી.એમ મોદીજી એ માત્ર બે જ કલાક નો આરામ અને ખપ પૂરતું જ શુધ્ધ શાકાહારી ભોજન લે છે

**ચલ પડા હું રસ્તે પર ચલતે ચલતે રૂકના થકના,
નહિ હે મુજે..એક મુસાફિર હું ચલના મેરા કામ હે..**



## સ્ટ્રેપલેસ ગાઉનમાં તમન્ના ભાટિયાનો સિઝલિંગ અવતાર, વિજય વર્માએ આવી પ્રતિક્રિયા આપી



મુંબઈ | તમન્ના ભાટિયાની છેલ્લી કેટલીક ફિલ્મો સફળ રહી ન હતી પરંતુ તે ચોક્કસપણે તેના લુક માટે વખાણ થતા રહે છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક સિઝલિંગ તસવીરો શેર કરી છે. તેણે રેડ કલરનું સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું છે. તમન્નાએ તેના વાળ ખુલ્લા રાખ્યા છે અને એક્સેસરીઝ તરીકે માત્ર કાનની બુટ્ટી પહેરી છે. તસવીરોમાં તે અલગ-અલગ સ્ટાઈલમાં પોઝ આપી રહી છે. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, 'જે લોકો આ વિચારી રહ્યા છે તેમના માટે 2 મિનિટની શાંતિ રેડ છે ઓરેન્જ નહીં. તમન્નાની આ પોસ્ટને વિજય વર્માએ લાઈક કરી છે. તેમના સિવાય તાપસી પન્ના, અનન્યા પાંડે, કંગના રનૌત અને સામંથા રૂથ પ્રભુએ પણ તસવીરો પર લાઈક બટન દબાવ્યું હતું. એક ચાહકે કમેન્ટ સેક્શનમાં કહ્યું હતું કે, 'ખૂબ જ સુંદર તમન્ના.' તો અન્ય લોકોએ લખ્યું હતું કે, 'વાહ પરફેક્ટ, સૌથી ખૂબસૂરત, બ્યૂટીફુલ.'



## સલમાન ખાનની હિરોઈનનો દેશી અવતાર, સાદગી પર લોકો થયા ફિદા


મુંબઈ |અભિનેત્રી પૂજા હેગડે સાઉથની સાથે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો લોકપ્રિય ચહેરો બની ગઈ છે. તેની ફિલ્મોને લઈને ફેન્સ હંમેશા ઉત્સુક હોય છે. અભિનેત્રીની સુંદરતાનો જાદુ લોકોને મોહિત કરે છે. તેણે સોશિયલ મીડિયા પર તેની સુંદર તસવીરો શેર કરી છે. પૂજા હેગડે તેની સુંદરતાના કારણે લાખો દિલો પર રાજ કરે છે. અભિનેત્રીએ એથનિક લુકમાં પોતાના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. આ તસવીરોએ ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. પીળી સિલ્ક સાડીમાં અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી છે. લોકો તેમના પરંપરાગત અવતારને ખૂબ પસંદ કરી રહ્યા છે. પૂજાની સ્મિતએ ચાહકોનું દિલ જીતી લીધું છે. પૂજા સાડીમાં વિવિધ પ્રકારના પોઝ આપતી જોવા મળે છે. તેણે પીળી સાડી સાથે ગ્રીન નેકપીસ પહેર્યો છે. ઉપરાંત,માંગ ટિક્કા અને બિંદી પર પાયમાલ કરી રહી છે. લોકો પૂજાની સાદગી અને દેશી અવતારને ખૂબ પસંદ કરી રહ્યા છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. સાઉથ બ્યુટીની 'કિસી કા ભાઈ કિસી કી જાન'ને લઈને ઘણી ચર્ચા થઈ હતી. આ ફિલ્મમાં તેણે સલમાન ખાન સાથે કામ કર્યું હતું અને તેમની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી.

## આયુષ્માન ખુરાનાએ મહાકાલેશ્વર મંદિરની લીધી મુલાકાત



મુંબઈ | ગોવાથી પરત ફર્યાના થોડા સમય બાદ આયુષ્માન ખુરાના ઉજ્જૈન જવા રવાના થયો હતો. અભિનેતા રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીના લગ્નમાં હાજરી આપવા માટે ગોવામાં હતો. હવે તેણે ઉજ્જૈનના પ્રસિદ્ધ મહાકાલ મંદિરની મુલાકાત લીધી અને મહાકાલના આશીર્વાદ લીધા હતા. અભિનેતાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર કેટલીક તસવીરો પણ શેર કરી છે. આયુષ્માન ખુરાના તેના શાનદાર અભિનય માટે વિશ્વભરમાં લોકપ્રિય છે. આયુષ્માને ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લેતા જે ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે તે ઝડપથી વાયરલ થઈ રહ્યા છે.

## બર્થડે પર ઉર્વશી રૌતેલાએ કાપી 24 કેરેટની સોનાની કેક, લોકોએ કરી ભારે ટ્રોલ



મુંબઈ | ઉર્વશી રૌતેલાએ તેના જન્મદિવસ પર ફરી એકવાર પાણી પર પૈસા ખર્ચ્યા છે. અભિનેત્રીએ તેના 30માં જન્મદિવસ પર 24 કેરેટ સોનાની કેક કાપીને બધાને ચોંકાવી દીધા હતા. ઉર્વશી રૌતેલાની બર્થ ડે સેલિબ્રેશનની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. દર વર્ષની જેમ આ વખતે પણ અભિનેત્રીએ પોતાના જન્મદિવસ પર પૈસા ખર્ચ્યા છે. ઉર્વશીએ તેના 30માં જન્મદિવસ પર રિયલ ગોલ્ડ પ્લેટેડ કેક કાપી છે જે હવે ચર્ચાનો વિષય બની છે. અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જન્મદિવસની ઉજવણીની ઘણી તસવીરો શેર કરી છે. આ વર્ષે ઉર્વશીએ તેનો જન્મદિવસ તેના ખાસ મિત્ર યો યો હની સિંહ સાથે ઉજવ્યો છે. ફોટામાં જોઈ શકાય છે કે રેપર ઉર્વશીને પ્રેમથી કેક ખવડાવતો જોવા મળે છે. આ ખાસ અવસર પર અભિનેત્રીએ રેડ કલરનો ડ્રેસ પહેર્યો છે જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. તેની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહી છે. જોકે, આ પહેલીવાર નથી જ્યારે ઉર્વશીએ પોતાના જન્મદિવસ પર આટલી મોંઘી કેક કાપી હોય. ગયા વર્ષે પણ તેણે ડાયમંડ કેક કાપી હતી. આ સિવાય તેની બર્થડે પાર્ટીમાં 24 કેરેટ સોનાના કપકેક પણ હતા. અભિનેત્રી તેના જન્મદિવસની કેક પર લાખો રૂપિયા ખર્ચવાને કારણે પણ ઘણી ટ્રોલ થઈ છે.

## નયનતારાએ યલો સાડીમાં બતાવ્યો ગ્લેમરસ અંદાજ, સિમ્પલ લુકમાં સોશિયલ મીડિયા પર છવાઈ



મુંબઈ | સાઉથ અભિનેત્રી નયનતારાને એક્શન થ્રિલર ફિલ્મ 'જવાન'માં તેના અભિનય માટે દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સ 2024માં 'શ્રેષ્ઠ અભિનેત્રી'નો એવોર્ડ મળ્યો છે. આ ખાસ એવોર્ડ તેમને નયનતારાના હીરો અને બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાને એનાયત કર્યો હતો. નયનતારાએ આ દરમિયાન યેલો સાડીમાં પોતાનો ગ્લેમરસ અંદાજ બતાવ્યો હતો. અભિનેત્રીની સિમ્પલ સ્ટાઈલે લોકોના દિલ જીત્યા છે. નયનતારાના લૂકની વાત કરીએ તે, અભિનેત્રીએ પ્લેન યેલો સાડીમાં ગળામાં નેકલેક, કાનમાં ઈયરિંગ્સ અને હાથમાં હિરાથી જડેલું સુંદર બ્રેસલેટ પહેર્યું છે. નયનતારાએ ડાર્ક કાજલ, ન્યૂડ મેકઅપ અને કપાળ પર બ્લેક કલરની બિંદી લગાવી છે જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીનો આ લુક જોઈને લોકો વિવિધ પ્રતિક્રિયા આપી રહ્યા છે.

## ભારતના 'મન્નત'ની જેમ દુબઈમાં છે શાહરુખનું 'જન્નત', કિંમત અંદાજે 100 કરોડ





મુંબઈ | શાહરૂખ ખાન દાયકાઓથી ઈન્ડસ્ટ્રીમાં ધમાલ મચાવી રહ્યો છે. 'રોમાન્સ કિંગ' તરીકે જાણીતા શાહરૂખે પોતાની ક્ષમતા અને મહેનતના આધારે નામ-પ્રસિદ્ધિ અને પૈસા કમાયા છે. આજે તેની પાસે સંપત્તિની કોઈ કમી નથી. તે લક્ઝરી કારમાં ફરે છે અને કરોડોની કિંમતના આલીશાન મકાનમાં રહે છે.શાહરૂખ ખાન પાસે ઘણા આલીશાન ઘર છે. તેના સપનાનો મહેલ 'મન્નત' છે, જેને શાહરૂખે વર્ષ 2001માં ખરીદ્યું હતું. શાહરૂખની ઘણી લેવીશિંગ પ્રોપર્ટી છે, જેમાં દુબઈમાં તેની પાસે 'જન્નત' નામનો બંગલો છે. તેમજ આ બંગલો તેણે ખરીદ્યો ન હતો, પરંતુ તેને તે ગીફ્ટમાં મળ્યો હતો. દુબઈના પામ જુમેરાહની સામે સ્થિત શાહરૂખ ખાનનાં 'જન્નત'નો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. પામ જુમેરાહ સૌથી મોટા મેન મેઈડ આઈલેન્ડ તરીકે ઓળખાય છે. વીડિયોમાં SRKએ પોતે ખુલાસો કર્યો છે કે તેણે આ ઘર ખરીદ્યું નથી, પરંતુ તેને નખિલે ગિફ્ટ કર્યું હતું. નખિલ દુબઈ સ્થિત ડેવલપર છે, જેણે તેને વર્ષ 2007માં બંગલો ગિફ્ટ કર્યો હતો. વીડિયોમાં શાહરૂખ પોતાના દુબઈ સ્થિત ઘર વિશે કહેતો જોવા મળી રહ્યો છે. શાહરૂખના દુબઈમાં આવેલા ઘરની કિંમત 100 કરોડ રૂપિયા છે. એસઆરકેનો વિલા 14000 સ્ક્વેર ફૂટમાં ફેલાયેલો છે. બે માળના મકાનમાં ખાનગી બીચ વિસ્તાર છે. સી-ફેસિંગ બંગલામાંથી સમુદ્રનો સુંદર નજારો દેખાય છે. શાહરૂખના આ બંગલામાં 6 બેડરૂમ, બે રિમોટ ઓપરેટેડ ગેરેજ, પ્રાઈવેટ પૂલ સાથે દુનિયાભરની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઘરનું ઈન્ટિરિયર ગૌરી ખાને કર્યું છે. શાહરૂખે એવું પણ જણાવ્યું હતું કે, 'મને હાલમાં જ જાણકારી મળી છે કે દુબઈના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન રાશિદ અલી મારા પાડોશી છે.' આ ઉપરાંત આ ઘરમાં કોઈ સરળતાથી પ્રવેશી શકતું નથી. દરેક જગ્યાએ હાઈ ટેક સિક્યુરિટી લગાવવામાં આવી છે. એવું પણ કહેવામાં આવે છે કે જન્નત શાહરુખની સફળતા અને સિદ્ધિને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે.

## આમિર ખાનની સુપરહિટ ફિલ્મને ઠુકરાવવાનું આજે પણ દુઃખ, સ્ક્રિપ્ટ વાંચીને રડી પડ્યો હતો શાહિદ કપૂર



નવી દિલ્હી | બેકગ્રાઉન્ડ ડાન્સરથી લઈને સિનેમાના દમદાર અભિનેતા બનવા સુધી શાહિદ કપૂરે તેની 21 વર્ષની લાંબી કારકિર્દીમાં ઘણી શાનદાર ફિલ્મો આપી છે. ઈશ્ક વિશ્ક સાથે ડેબ્યુ કર્યા બાદ તે નેશનલ ક્રશ બની ગયો હતો. ત્યારબાદ તેણે વિવાહ, ઉડતા પંજાબ, જબ વી મેટ, કમીને, હૈદર, ચૂપ ચૂપ કે અને આર...રાજકુમાર જેવી દમદાર ફિલ્મોમાં કામ કરીને પોતાના અભિનયને વધુ શ્રેષ્ઠ બનાવ્યો છે.

શાહિદ કપૂર આજે પોતાનો 43 મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આમ તો તેણે સિનેમામાં અનેક બ્લોકબસ્ટર ફિલ્મોમાં શાનદાર પાત્ર ભજવ્યા છે પરંતુ તેને એક ફિલ્મ ઠુકરાવી દેવાનું આજે પણ દુઃખ છે અને તે ફિલ્મ આમિર ખાનની સુપરહિટ ફિલ્મ રંગ દે બસંતી છે.

રાકેશ ઓમપ્રકાશ મહેરા દ્વારા નિર્દેશિત રંગ દે બસંતી વર્ષ 2006ની બ્લોકબસ્ટર ફિલ્મ હતી. ફિલ્મમાં આમિર ખાન સાથે શરમન જોશી, કુણાલ કપૂર, સિદ્ધાર્થ અને સોહા અલી ખાન જેવા કલાકારોએ કામ કર્યું હતું. જો કે, તમે ભાગ્યે જ એ વાતની જાણ હશે કે, આ ફિલ્મ માટે સૌથી પહેલા શાહિદ કપૂરને કાસ્ટ કરવામાં આવ્યો હતો. અભિનેતાએ સ્ક્રિપ્ટ પણ વાંચી લીધી હતી પરંતુ વાત ન બની શકી હતી.નેહા ધૂપિયાના શો BFF વિથ વોગમાં શાહિદ કપૂરે ખુલાસો કર્યો હતો કે, તેને આમિર ખાન સ્ટારર રંગ દે બસંતી ઠુકરાવી દેવાનું દુઃખ છે. અભિનેતાએ કહ્યું કે, મને આ ફિલ્મ ન કરવાનું દુઃખ છે. તેઓ ઈચ્છતા હતા કે, હું સિદ્ધાર્થનું પાત્ર ભજવું. હું સ્ક્રિપ્ટ વાંચીને રડી પડ્યો હતો અને તે મને ખૂબ જ પસંદ આવી હતી પરંતુ દુર્ભાગ્યે હું તેના માટે સમય ન કાઢી શક્યો.

શાહિદ કપૂરે એક જૂના ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે શા માટે તેણે આ ફિલ્મ ઠુકરાવી દીધી હતી. અભિનેતાએ કહ્યું કે તેને છેલ્લી ક્ષણે રંગ દે બસંતીની ઓફર આવી હતી અને તે સમયે તે ફિલ્મ માટે સમય ફાળવી શક્યો ન હતો કારણ કે તેની અન્ય કમેન્ટમેન્ટ હતી. જોકે રિલીઝ બાદ તેણે આ ફિલ્મ જોઈ પણ હતી અને તેને ખૂબ પસંદ પણ આવી હતી.


## સાવકી માતા શુરા ખાન સાથે દેખાયો મલાઈકા-અરબાઝનો પુત્ર, અરહાનનો ચહેરો જોવા જેવો



મુંબઈ | બોલિવૂડનું નવું કપલ અરબાઝ ખાન અને શૂરા ખાન લગ્ન બાદ ઘણીવાર સાથે જોવા મળે છે. આ કપલનો એક લેટેસ્ટ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં મલાઈકા-અરબાઝનો પુત્ર અરહાન શૂરા સાથે જોવા મળ્યો હતો. જોકે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહેલો આ વીડિયો હવે લોકોમાં ચર્ચાનો વિષય બની ગયો છે અને યુઝર્સ તેના પર જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે.હકીકતમાં અરબાઝ ખાન, શૂરા અને અરહાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ત્રણેય ફેમિલી ડિનર દરમિયાન સાથે જોવા મળ્યા હતા. વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ત્રણેયના ચહેરા પર સુંદર સ્મિત છે અને એકસાથે ખૂબ જ ખુશ છે. એટલું જ નહીં, વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે મલાઈકા અને અરબાઝનો દીકરો તેની સાવકી મા શુરા માટે કાર ચલાવવા માટે પણ તૈયાર છે. આ દરમિયાન બંનેનું બોન્ડ કંઈ ખાસ લાગતું નથી.

તે જ સમયે, હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સાથે જ યુઝર્સ આ વીડિયો પર કોમેન્ટ્સનો વરસાદ પણ કરી રહ્યા છે. તેના પર એક યુઝરે લખ્યું કે તે અરબાઝની દીકરી જેવી લાગે છે. અન્ય એક યુઝરે કમેન્ટ કરી કે તે પત્ની કરતાં દીકરી જેવી દેખાતી હતી. ત્રીજા યુઝરે લખ્યું કે તે પણ અરહાનની દીકરી જેવી લાગે છે. અન્ય યુઝરે કમેન્ટ કરી કે તે દીકરી જેવી લાગે છે. યુઝર્સ હવે આ વીડિયો પર આવી કોમેન્ટ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે 24 ડિસેમ્બરે અરબાઝ ખાન અને શૂરા ખાને લગ્ન કર્યા હતા. બંનેએ તેમના પરિવાર અને મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા હતા. આ કપલના ફોટાએ સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા જગાવી હતી અને લોકોએ પણ આ ફોટા પર ઘણો પ્રેમ વરસાવ્યો હતો.

# ડેવિડ વોર્નરની ઈજાએ દિલ્હી કેપિટલ્સની વધારી ચિંતા



**ડેવિડ વોર્નરે ન્યુઝીલેન્ડ સામે રમાયેલી T20 સિરીઝની મેચમાં 20 બોલનો સામનો કરીને 34 રન બનાવ્યા હતા. આ પછી તે બીજી ટી20માંથી બહાર રહ્યો. અને, હવે તે ઈજાના કારણે ત્રીજી અને છેલ્લી T20માંથી પણ બહાર થઈ ગયો છે. જે બાદ હવે દિલ્હી કેપિટલ્સની ચિંતા વધી ગઈ છે.**

નવી દિલ્હી | તા.25

IPL 2024 ક્યારે શરૂ થશે તે સ્પષ્ટ થઈ ગયું છે. આ BCCI T20 લીગની પ્રથમ 21 મેચોનું શેડ્યૂલ પણ તૈયાર છે. પરંતુ, આ બધા પછી આ સમાચાર દિલ્હી કેપિટલ્સ માટે સારા નથી. સમાચાર આવ્યા છે કે ડેવિડ વોર્નર ઘાયલ છે. પ્રથમ, તે ન્યુઝીલેન્ડ સામેની બીજી T20માં રમ્યો ન હતો. હવે સમાચાર છે કે ઈજાના કારણે તે ત્રીજી T20માંથી પણ બહાર થઈ ગયો છે. એટલું જ નહીં, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ઈજા તેને આગામી કેટલાક દિવસો સુધી ક્રિકેટથી દૂર રાખશે. હવે જો આમ થશે તો સવાલ એ પણ ઉઠે છે કે શું તે IPL 2024માં રમશે? આ સવાલનો જવાબ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ વોર્નરની ઈજાને લઈને જે નિવેદન જાહેર કર્યું છે તેમાં મળી જશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ વોર્નરની ઈજા પર પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેને સાજા થવામાં થોડો સમય જોઈએ છે, જેથી ઈન્ડિયન પ્રીમિયર લીગ અને આઈસીસી મેન્સ T20 વર્લ્ડ કપમાં તેની ઉપલબ્ધતા પર કોઈ અસર ના થાય.

આ નિવેદનથી સ્પષ્ટ છે કે ડેવિડ વોર્નર IPL 2024 સુધીમાં સ્વસ્થ થઈ જશે. મતલબ કે દિલ્હી કેપિટલ્સ માટે ચિંતા કરવાની કોઈ વાત નથી. હા, આ ચોક્કસપણે ન્યૂઝીલેન્ડ સામે ઓસ્ટ્રેલિયાની T20 શ્રેણીના પરિણામને અસર કરી શકે છે.જો કે, ઓસ્ટ્રેલિયાએ આ શ્રેણીમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. પરંતુ વોર્નરની ગેરહાજરીથી કિવી ટીમને ઓસ્ટ્રેલિયાની ઘરઆંગણે ક્લીન સ્વીપની આશા બગાડવાનો મોકો મળી શકે છે. વોર્નરે વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ T20માં 20 બોલમાં 32 રન બનાવ્યા હતા.

# IPL 2024ના એક મહિના પહેલા આ ટીમનું હોમ ગ્રાઉન્ડ સીલ

જયપુર | તા.25



IPL 2024ના પ્રથમ તબક્કાનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે અને જયપુરના સવાઈ માન સિંહ સ્ટેડિયમમાં ત્રણ મેચ રમાશે. પરંતુ હવે સવાઈ માન સિંહ સ્ટેડિયમને સીલ કરી દેવામાં આવ્યું છે. જાણો હવે શું થશે. આઈપીએલ દુનિયાની સૌથી વધુ જોવાનારી ક્રિકેટ લીગ છે. અહિથી અનેક ખેલાડીઓના કરિયરની શરુઆત થાય છે. આઈપીએલ 2024ના પહેલા ફેઝનું શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. પહેલી મેચ 22 માર્ચના રોજ આરસીબી અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે.

હજુ પહેલા ફેઝમાં 17 દિવસનું શેડ્યુલ જાહેર કર્યું છે. જે 7 એપ્રિલ સુધીનું છે. બીજા ફેઝનું શેડ્યુલ ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ કરવામાં આવશે પરંતુ આ પહેલા રાજસ્થાન રોયલ્સનું હોમ ગ્રાઉન્ડનું મેદાન સવાઈ માન સિંહ સ્ટેડિયમને સીલ કરવામાં આવ્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024ની મેચની મેજબાની થી એક મહિના પહેલા સવાઈ માન સિંહ સ્ટેડિયમને રાજસ્થાન સ્પોર્ટ્સ કાઉન્સિલ દ્વારા સીલ કરવામાં આવ્યું છે. કાઉન્સિલે દાવો કર્યો હતો કે, આવું એટલા માટે કરવામાં આવ્યું હતું કારણ કે રાજ્ય ક્રિકેટ સંસ્થાએ બાકી ચૂકવણી સહિતની તેની જવાબદારીઓ પૂરી કરી નથી. સ્ટેડિયમની સાથે રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન (RCA)ની ઓફિસ અને તેની એકેડમીને પણ સીલ કરી દેવામાં આવી છે.

# મહિલા IPLમાં શોભના આશાએ એક જ ઓવરમાં બાજી પલટી નાખી

બેંગ્લોર | તા.25

વિમેન્સ પ્રીમિયર લીગ 2024ની ગઈકાલે રમાયેલી બીજી મેચ પણ પ્રથમ મેચની જેમ જ ભારે રોમાંચક રહેવા પામી હતી. મેચ છેલ્લી ઓવર સુધી ચાલી અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે જીત મેળવી. ચાલો જાણીએ આ બીજી હાઈ વોલ્ટેજ મેચનો ટર્નિંગ પોઈન્ટ શું હતો.

વિમેન્સ પ્રીમિયર લીગ 2024ની ગઈકાલે રમાયેલી બીજી મેચ પણ પ્રથમ મેચની જેમ જ ભારે રોમાંચક રહેવા પામી હતી. મેચ છેલ્લી ઓવર સુધી ચાલી અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે જીત મેળવી. ચાલો જાણીએ આ બીજી હાઈ વોલ્ટેજ મેચનો ટર્નિંગ પોઈન્ટ શું હતો.વિમેન્સ પ્રીમિયર લીગ 2024 ની બીજી મેચ, ગઈકાલ શનિવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સ વચ્ચે 24 ફેબ્રુઆરીએ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચ કોઈ રોમાંચથી ઓછી નહોતી. મેચ દરમિયાન બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. પરંતુ છેલ્લી ઓવરમાં આવતાં આરસીબીએ 2 રનથી જીત મેળવી હતી. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 6 વિકેટે 157 રન બનાવ્યા હતા. 158 રનના ટાર્ગેટનો પીછો કરતા યુપી વોરિયર્સ 20 ઓવરમાં 7 વિકેટે 155 રન જ બનાવી શકી અને માત્ર 2 રનથી મેચ હારી ગઈ. જોકે, એક તબક્કા સુધી મેચ યુપી વોરિયર્સના હાથમાં હતી. પરંતુ એક ઓવરે આખી મેચ બદલી નાખી. તે ઓવર આરસીબીની બોલર શોભના આશા માટે મેચનો ટર્નિંગ પોઈન્ટ હતી. ચાલો તમને તે ઓવર વિશે વિગતવાર જણાવીએ. માત્ર એક ચમત્કારથી જ આરસીબી અહીંથી મેચ જીતી શક્યું હોત. 16 ઓવર પછી યુપી વોરિયર્સનો સ્કોર 3 વિકેટે 126 રન હતો.



# સચિને એવું શું કહ્યું જેનાથી આ ખાસ ક્રિકેટર રડી પડ્યો?

નવી દિલ્હી | તા.25



થોડા અઠવાડિયા પહેલા જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં આ ખાસ ક્રિકેટર સચિન તેંડુલકરના નામ અને નંબરવાળી ટીમ ઈન્ડિયાની જર્સી પહેરીને બેટિંગ કરી રહ્યો હતો. સચિન પણ તેનાથી ખૂબ જ પ્રભાવિત થયો હતો અને તેણે આ ક્રિકેટરને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેની ઈચ્છા પણ હવે પૂરી થઈ ગઈ છે.

ભારતના દરેક યુવા ક્રિકેટર અને દરેક ચાહક મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને મળવાનું સપનું જુએ છે, પરંતુ માત્ર થોડા જ લોકો આ સપનું પૂરું કરી શકે છે. તેમાંથી પણ થોડાક એવા છે જેમને મળવા માટે સચિન પોતે ઉત્સુક છે અને જમ્મુ-કાશ્મીરના એક ખાસ ક્રિકેટરનો પણ તેમાં સમાવેશ થાય છે. આ ક્રિકેટર છે આમિર હુસૈન, જે થોડા દિવસો પહેલા પોતાના બેટિંગ વીડિયોને કારણે સોશિયલ મીડિયા પર ઘણો હિટ બન્યો હતો અને સચિનની પ્રશંસા પણ મેળવી હતી. હવે આમિર અને સચિન કાશ્મીરમાં એકબીજાને મળ્યા હતા.

## આમિર હુસૈન લોનને મળ્યા ક્રિકેટના ભગવાન

જમ્મુ-કાશ્મીરના વિકલાંગ ક્રિકેટર આમિર હુસૈન લોનનો એક વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં તેણે સચિનના નામ અને 10 નંબરવાળી ટીમ ઈન્ડિયાની જર્સી પહેરી હતી અને ગળામાં બેટ પકડીને બેટિંગ કરી રહ્યો હતો અને પગ વડે બોલિંગ કરી રહ્યો હતો. આમિર જમ્મુ-કાશ્મીરની પેરા-ક્રિકેટ ટીમનો કેપ્ટન પણ છે. તેનો આ વીડિયો ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો અને તેના ક્રિકેટ પ્રત્યેના જુસ્સાની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

# રાંચીમાં ફ્લોપ બેટિંગ બાદ ભારતીય કોચે કેમ કહ્યું- મેં આવું વિચાર્યું ન હતું

રાંચી | તા.25

રાંચી ટેસ્ટના બીજા દિવસ સુધીમાં ઈંગ્લેન્ડનો પ્રથમ દાવ પૂરો થઈ ગયો હતો જ્યારે ટીમ ઈન્ડિયાનો બીજો દાવ પણ સમેટાઈ ગયો હતો. ધ્રુવ જુરેલ અને કુલદીપ યાદવની અણનમ ભાગીદારીના દમ પર ટીમ ઈન્ડિયાએ બીજા દિવસે 7 વિકેટ ગુમાવીને 219 રન બનાવ્યા હતા પરંતુ ટીમ ઈંગ્લેન્ડથી હજુ 134 રન પાછળ છે. રાંચીના જેએસસીએ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ મેચના બીજા દિવસે જોવા મળેલા દ્રશ્યે આ મેદાનની પિચ પર સવાલો ઉભા કરી દીધા છે. આ મેચ પહેલા સિરીઝની છેલ્લી 3 મેચોમાં પિચને લઈને બહુ ચર્ચા થઈ ન હતી, પરંતુ રાંચી સ્ટેડિયમની પિચ તેના અસમાન વર્તનને કારણે પહેલા દિવસથી જ સમાચારોમાં છે અને પછી ટીમ ઈન્ડિયાની હાલત કફોડી બની ગઈ છે.



## અન-ઈવન બાઉન્સ પિચથી બેટ્સમેન પરેશાન

મેચના બીજા દિવસે ભારતીય ટીમ પણ ચોંકી ઉઠી હતી. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ પ્રથમ દાવમાં સંઘર્ષ કરી રહેલી ટીમ ઈન્ડિયાએ સ્વીકાર્યું કે બીજા દિવસથી જ પિચ આટલો પલટો આવશે તેવી તેમને આશા પણ નહોતી. શુક્રવારે શરૂ થયેલી આ મેચના પહેલા જ દિવસે 'અન-ઈવન બાઉન્સ' એટલે કે પિચમાંથી અસમાન ઉછાળો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

ભારતીય ટીમને એક પછી એક ઝટકો આપ્યો હતો. માત્ર 177 રનમાં 7 વિકેટ ગુમાવ્યા બાદ ધ્રુવ જુરેલ અને કુલદીપ યાદવે 42 રનની અણનમ ભાગીદારી કરીને ટીમને 219 રન સુધી પહોંચાડી દીધી હતી.

**ભારતીય કોચ પીચનું બહાનું બનાવી રહ્યા છે? :** ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેનો પણ સ્પિન અને ઓછા ઉછાળા સાથે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા, જેમાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. આવી સ્થિતિમાં, આ પિચ તપાસના દાયરામાં આવી ગઈ છે કે શું આ પિચ 'રેન્ક ટર્નર' એટલે કે એક એવી પિચ છે જે શરૂઆતથી જ ઘણો ટર્ન લે છે. જો કે ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ પારસ મહામ્બ્રે એવું માનતા નથી, પરંતુ તેઓ સ્વીકારે છે કે પિચ તેમની અપેક્ષા કરતાં વધુ બોલને ટર્ન કરવી રહી છે. બીજા દિવસની રમત પછી, ભારતીય કોચે કહ્યું કે આ પીચને રેન્ક ટર્નર કહેવું ખોટું હશે પરંતુ તેણે બીજા દિવસથી જ પિચ આટલી ફરતી અને આટલી બાઉન્સની અપેક્ષા નહોતી કરી.

# દેશમાં 'સ્પોર્ટ્સ કલ્ચર'ને પ્રોત્સાહન આપી રહ્યા છે : અનુરાગ ઠાકુર

નવી દિલ્હી | તા.25



રમતગમત મંત્રી છેલ્લા કેટલાક વર્ષોમાં દેશના નાના શહેરો અને ગામડાઓમાંથી નવા ખેલાડીઓ ઉભરી આવ્યા છે જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરી રહ્યા છે. તેનું મુખ્ય કારણ કેન્દ્ર સરકારના 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમની સફળતા છે. રમત મંત્રી અનુરાગ ઠાકુર જણાવશે કે તે TV9 નેટવર્કની ખાસ ઈવેન્ટ 'વોટ ઈન્ડિયા થિંક્સ ટુડે'માં કેવી રીતે મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તાજેતરના સમયમાં ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, વિવિધ વર્લ્ડ ચેમ્પિયનશિપ અને નેશનલ ગેમ્સમાં ભારતના નવા ખેલાડીઓ સામે આવી રહ્યા છે અને કેટલાક આવનારા વર્ષોમાં આવી મોટી ઈવેન્ટ્સમાં પોતાની તાકાત બતાવશે. ભારત સરકારનો ખેલો ઈન્ડિયા કાર્યક્રમ આમાં મોટી ભૂમિકા ભજવી રહ્યો છે. રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરના નેતૃત્વમાં આ મામલે સતત સફળતા મળી રહી છે.

આગળ વધતા, રમત મંત્રી અનુરાગ ઠાકુર દેશના સૌથી મોટા ન્યૂઝ નેટવર્ક TV9ના વિશેષ કાર્યક્રમ 'વોટ ઈન્ડિયા થિંક્સ ટુડે'માં સરકાર કેવી રીતે તેને વધુ સુધારવાની યોજના બનાવી રહી છે તે વિશે દેશને જણાવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત સરકારે 2017-18માં ખેલો ઈન્ડિયા કાર્યક્રમ શરૂ કર્યો હતો, જેનો ઉદ્દેશ્ય દેશમાં રમતગમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો અને નાના શહેરો અને ગામડાઓના નવા ખેલાડીઓને સારું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

## પીએમ સહિત આ નેતા જોડાશે ઈવેન્ટમાં

પ્રથમ સિઝનની સફળતા બાદ વોટ ઈન્ડિયા થિંક્સ ટુડેની બીજી સિઝન શરૂ થવા જઈ રહી છે. દેશની રાજધાની નવી દિલ્હીમાં 25 ફેબ્રુઆરી રવિવારથી આ 3 દિવસીય ઈવેન્ટ શરૂ થશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમાં ભાગ લેશે, જ્યારે દેશ અને વિશ્વના વિવિધ ક્ષેત્રોની ઘણી હસ્તીઓ પણ અહીં ચર્ચામાં ભાગ લેશે અને શ્રોતાઓને વિવિધ પાસાઓ સમજાવશે. અહીં રમતગમતને લઈને પણ ચર્ચા કરવામાં આવશે જેમાં રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર ખાસ કરીને ખેલો ઈન્ડિયા કાર્યક્રમ વિશે વાત કરશે.

# ભારતીય ક્રિકેટ જગતને ઝટકો, ફાસ્ટ બોલરનું કાર્ડિયાક અરેસ્ટથી નિધન

નવી દિલ્હી | તા.25

છેલ્લા કેટલાક દિવસોમાં ભારતીય ક્રિકેટ જગતમાં મેચ દરમિયાન કે પછી ઘણા ખેલાડીઓના મોતની ઘટનાઓ સામે આવી છે. થોડા દિવસો પહેલા જમ્મુ-કાશ્મીરના ક્રિકેટર સુહૈબ યાસીનનું નિધન થયું હતું. હવે ટુર્નામેન્ટ દરમિયાન કર્ણાટકના હોયસાલા કે. નામના ખેલાડીનું કાર્ડિયાક અરેસ્ટના કારણે મોત થયું છે. મળેલી માહિતી મુજબ બેંગલુરુમાં આયોજિત એજીસ સાઉથ ઝોન ટુર્નામેન્ટ દરમિયાન કર્ણાટકના આ ક્રિકેટરનું તમિલનાડુ સામેની મેચ બાદ મોત થયું હતું.

બેંગલુરુમાં તમિલનાડુ સામેની મેચ બાદ હોયસાલા ટીમ સાથે મુલાકાત કરી રહ્યો હતો. આ પછી તે રાત્રિભોજન કરવા જતો હતો ત્યારે તેને છાતીમાં દુખાવો થયો અને તે બેભાન થઈ ગયો. આ પછી તેને એમ્બ્યુલન્સ દ્વારા બેંગલુરુની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. પરંતુ ત્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. કર્ણાટકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દિનેશ ગુંડુ રાવે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને 35 વર્ષીય ક્રિકેટર હોયસાલાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેણે લખ્યું, "કર્ણાટકના ઉભરતા ક્રિકેટરના નિધન વિશે સાંભળીને દુઃખ અનુભવી રહ્યો છું. એજીસ સાઉથ ઝોન ટુર્નામેન્ટ દરમિયાન ફાસ્ટ બોલર હોયસાલાનું મૃત્યુ થયું હતું. તેના મિત્રો અને પરિવાર પ્રત્યે મારી સંવેદના છે. આ કેસ કાર્ડિયાક અરેસ્ટનો છે."પૂર્વ ભારતીય ક્રિકેટર અભિમન્યુ મિથુને પણ હોયસાલાના નિધન પર દુઃખદ સંદેશ પોસ્ટ કર્યો છે. પોતાના મિત્રને શ્રદ્ધાંજલિ આપતા તેણે લખ્યું, "મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું આવું કંઈક લખીશ. આજે આપણે એક અદ્ભુત વ્યક્તિ ગુમાવી છે. તે એક પ્રતિભાશાળી ક્રિકેટર, એક સારો કેરિંગ મિત્ર અને સારો પુત્ર હતો. તને ક્યારેય ભૂલી નહીં ભૂલુ. રેસ્ટ ઈન પીસ હોયસી!"

# ખતરામાં ઈશાન કિશન અને શ્રેયસ અય્યરનું કરિયર

નવી દિલ્હી | તા.25



ઈશાન કિશાન અને શ્રેયસ અય્યરની મુશ્કેલીઓ વધી ગઈ છે. BCCI સાથે આ બંને ખેલાડીઓનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ રદ્દ કરવામાં આવી શકે છે. આ પ્રકારે થશે તો બંને ખેલાડીઓનું ક્રિકેટ કરિઅર જોખમમાં મુકાઈ શકે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. ભારતના સ્ટાર બેટ્સમેન ઈશાન કિશાન અને શ્રેયસ અય્યરની મુશ્કેલીઓ વધી ગઈ છે. BCCI સાથે આ બંને ખેલાડીઓનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ રદ્દ કરવામાં આવી શકે છે. આ બંને ખેલાડીઓ બાબતે એક રિપોર્ટ સામે આવ્યો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ઈશાન કિશન અને શ્રેયસ અય્યરનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ રદ્દ થઈ શકે છે. આ પ્રકારે થશે તો બંને ખેલાડીઓનું ક્રિકેટઈશાન કિશન અને શ્રેયસ અય્યર પર આરોપ મુકવામાં આવ્યો છે કે, આ બંને ખેલાડીઓએ BCCIએ આપેલ ચેતવણીને ખૂબ જ હલ્કામાં લીધી છે. BCCI સચિવ જય શાહે ચેતવણી આપી છે કે, IPLના આધાર પર નહીં પરંતુ, રણજી ટ્રોફીના આધાર પર ભારતીય ટીમની પસંદગી થશે.

# ઈજાગ્રસ્ત ખેલાડી શમીના ભાઈની થશે IPLમાં એન્ટ્રી! ગુજરાત ટાઈટન્સ ખેલશે મોટો દાવ

નવી મુંબઈ | તા.25



IPL 2024 : ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ આ સાથે ગુજરાત ટાઈટન્સને મોટો ફટકો પડ્યો છે. ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર અને ગયા વર્ષના પર્પલ કેપ વિજેતા મોહમ્મદ શામી IPL 2024માં ઈજાના કારણે રમી શકશે નહીં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મોહમ્મદ શામી લગભગ 6-8 મહિના સુધી ક્રિકેટના મેદાનથી દૂર રહેશે. આવી સ્થિતિમાં ગુજરાત ટાઈટન્સ શામીના રિપ્લેસમેન્ટની શોધમાં છે. IPL 2023 સીઝનમાં, શામીએ 17 મેચમાં સૌથી વધુ 28 વિકેટ લઈને પર્પલ કેપ જીતી હતી. આ વચ્ચે ગુજરાત ટાઈટન્સ માટે સારા સમાચાર આવી રહ્યાં છે. મળતી માહિતી પ્રમાણે મોહમ્મદ શામીનો ભાઈ મોહમ્મદ કૈફ ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024માં રમતા જોવા મળી શકે છે. જોકે, જ્યારે તેમણે આઈપીએલ ઓક્શન 2024માં પોતાનું નામ આપ્યું ત્યારે કોઈએ તેમનામાં રસ દાખવ્યો નહી. મોહમ્મદ કૈફ IPLની હરાજીમાં અનસોલ્ડ રહ્યા હતા. આઈપીએલની હરાજીમાં મોહમ્મદ કૈફની કિંમત 20 લાખ રૂપિયા હતી, પરંતુ કોઈ ટીમે બોલી લગાવી ન હતી. પરંતુ હવે શામીની ગેરહાજરીમાં ગુજરાત ટાઈટન્સ ટીમ તેના પર દાવ લગાવી શકે છે.તાજેતરમાં જ મોહમ્મદ કૈફે રણજી ટ્રોફી સીઝનમાં ઘણો પ્રભાવ પાડ્યો હતો. તેમણે 6 રણજી ટ્રોફી મેચમાં 22ની એવરેજથી 17 વિકેટ લીધી હતી. આ સિવાય મોહમ્મદ કૈફે 9 લિસ્ટ-એ મેચમાં 12 વિકેટ લીધી છે. જો કે હવે એવું માનવામાં આવી રહ્યું છે કે, ગુજરાત ટાઈટન્સ મોહમ્મદ કૈફને પોતાની ટીમનો ભાગ બનાવી શકે છે.



# આ ગુજરાતી ક્રિકેટર પાસે છે પોતાનું પ્રાઈવેટ પ્લેન





ભારતના અનેક ક્રિકેટરો પાસે પોતાના પ્રાઈવેટ પ્લેન છે, જેમાં ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની, વિરાટ કોહલી, 1983 વર્લ્ડ કપ ભારતને જીતાડનાર કપિલ દેવ, ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંદુલકરનો સમાવેશ થાય છે, જ્યારે ગુજરાતની વાત આવે ત્યારે ગુજરાતના આ ક્રિકેટર પાસે પોતાનું પ્રાઈવેટ પ્લેન છે. જાણો કોણ છે તે ક્રિકેટર ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની, વિરાટ કોહલી, 1983 વર્લ્ડ કપ ભારતને જીતાડનાર કપિલ દેવ, ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંદુલકરનો સમાવેશ થાય છે, જ્યારે ગુજરાતની વાત આવે ત્યારે ગુજરાતના આ ક્રિકેટર પાસે પોતાનું પ્રાઈવેટ પ્લેન છે.

## હાર્દિક પાસે પણ પ્રાઈવેટ જેટ છે જેની કિંમત રૂ. 40 કરોડ છે

## હાર્દિક પાંડ્યા મુળ ગુજરાતી



વડોદરોના રહેવાસી છે, આઈપીએલની ડેબ્યુ ટીમ ગુજરાત ટાઈટન્સને ચેમ્પિયન બનાવ્યું હતું. હાર્દિક પાંડ્યા પાસે પણ પ્રાઈવેટ જેટ છે જેની કિંમત 40 કરોડ રૂપિયા જણાવવામાં આવી છે

# અમેરિકાના શિકાગોની પોલીસને મળી મોટી સફળતા ...કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરાવતો ગુજરાતી પકડાયો

શિકાગો | અમેરિકાના શિકાગોની પોલીસને એક મોટી સફળતા મળી હતી. અહીં શિકાગો આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી હર્ષ પટેલ નામના એક ગુજરાતના યુવકની ધરપકડ કરવામાં આવી હતી. જેના પર ભારતીય નાગરિકોને કેનેડા બોર્ડરથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસાડવાનું કામ કરવાનો આરોપ હતો. તમને ડિંગુચાનો એક પરિવાર તો યાદ જ હશે. એક વર્ષ પહેલાં 19 જાન્યુઆરી 2022માં કેનેડા સરહદે એક આખો ભારતીય પરિવાર મોતને ભેટી ગયું હતું. ડીંગુચામાં રહેતા જગદીશ પટેલના પરિવારને અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરાવવાની કામગીરી પણ હર્ષ પટેલે સંભાળી હોવાનો ખુલાસો થયો છે. જોકે દુર્ભાગ્યપૂર્ણ રીતે આ પરિવારના સભ્યો કેનેડા સરહદે જ મૃત્યુ પામી ગયા હતા. અહેવાલ અનુસાર આરોપી હર્ષકુમાર રમણલાલ પટેલ ડર્ટી હેરી તરીકેની પણ ઓળખ ધરાવે છે.



## ન્યૂઝ ટ્રેક

### જાપાને વિશ્વમાં પ્રથમ વાર બનાવેલો લાકડાનો સેટેલાઇટ અમેરિકા લૉંચ કરશે

ટોકિયો | જાપાનના વૈજ્ઞાનિકોએ દુનિયાનો સૌ પ્રથમ વુડન સેટેલાઈટ તૈયાર કરીને ઈતિહાસ સર્જ્યો છે. બ્રિટિશ મીડિયાના રિપોર્ટ મુજબ લાકડામાંથી બનાવેલો સેટેલાઈટ ટુંક સમયમાં જ અમેરિકાના રોકેટની મદદથી અવકાશમાં લોંચ કરવામાં આવશે તેના માટે તૈયારીઓ શરુ કરવામાં આવી છે. લાકડાનો સેટેલાઈટ જાપાનની ક્યોટો યુનિવર્સિટીના એરોસ્પેસ એન્જિનિયર્સની મહેનતનું પરિણામ છે.આ સેટેલાઈટનું નામ લિગ્નોસેટ રાખવામાં આવ્યું છે. સેટેલાઈટ તૈયાર કરવા માટે વિશિષ્ટ પ્રકારનું લાકડું મોંગોલિયાથી મંગાવવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર અંતરિક્ષમાં વધતા જતા પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે વુડન સેટેલાઈટ ખૂબજ ઉપયોગી સાબીત થશે.

### માત્ર ભારતમાં જ નહીં PM મોદીના મિત્રના દેશમાં પણ સરકાર સામે ખેડુતોએ બાયો ચઢાવી

આ દેશમીં ખેડૂતોએ મોટી સંખ્યામાં ટ્રેક્ટર ચલાવ્યા હતા. આ પ્રદર્શન દેશના ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે તેના કારણે તેમનું અનાજ ઘણું સસ્તું વેચાઈ રહ્યું છે. આ બાબતને લઈને રાષ્ટ્રીય કૃષિ મેળો શરૂ કરતા પહેલા ખેડૂત સંગઠનો સાથે બેઠક યોજવાની વાત કરી છે. Farmer Protest: માત્ર ભારતમાં જ નહીં PM મોદીના મિત્રના દેશમાં પણ સરકાર સામે ખેડૂતોએ બાયો ચઢાવી, જાણો શું છે માગ ?13 ફેબ્રુઆરીએ ટેકાના ભાવની માંગણી સાથે દિલ્હી સુધી કૂચ કરવાની જાહેરાત કરી હતી, ત્યારબાદ સ્થિતિ વધુ વણસી રહી છે. ખેડૂતો પંજાબ-હરિયાણા બોર્ડર પર પડાવ નાખી રહ્યા છે, જ્યાંથી તેમને દિલ્હી જવાની મંજૂરી આપવામાં આવી રહી નથી.

### 50 વર્ષ પછી ચંદ્ર પર ઉતર્યું અમેરિકાનું પહેલું પ્રાઈવેટ સ્પેસક્રાફ્ટ

વોશિંગ્ટન | પ્રથમ ખાનગી અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું છે. અવકાશયાનનું નામ ઓડીસિયસ લેન્ડર છે. તેને હ્યુસ્ટનની ઈન્ટ્યુટિવ મશીન દ્વારા બનાવવામાં આવ્યું છે. નાસા અનુસાર, તેનું લેન્ડિંગ ભારતીય સમય અનુસાર સાંજે 4:53 કલાકે થયું હતું. આ મિશન 7 દિવસમાં પૂર્ણ થશે. લગભગ 50 વર્ષમાં પ્રથમ વખત કોઈ અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું છે. ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવા માટેનું પ્રથમ અમેરિકન મિશન એપોલો 17 હતું, જે 1972માં ઉતર્યું હતું. ચંદ્ર પર ઉતરેલા લેન્ડરનું નામ ઓડીસિયસ લેન્ડર છે. તેને હ્યુસ્ટનની ઈન્ટ્યુટિવ મશીન સાંજે 4:53 કલાકે થયું હતું. ચંદ્ર પર ઉતરનાર ખાનગી કંપનીનું તે પ્રથમ અવકાશયાન બની ગયું છે. જો કે, જ્યારે ઓડીસિયસ લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતર્યું ત્યારે કેટલીક ખામીને કારણે ટીમનો અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

### ઈ-બાઈકની બેટરીને કારણે 6 માળની ઈમારતમાં આગ ફાટી નીકળી; લોકો બચવા માટે બારીમાંથી કૂદ્યા

# ન્યૂયોર્ક એપાર્ટમેન્ટમાં આગ, એક ભારતીય પત્રકારનું મોત





અમેરિકા | તા.25

અમેરિકાના ન્યુયોર્કમાં રહેણાંક મકાનમાં લાગેલી આગમાં એક ભારતીય પત્રકારનું મોત થયું છે. ભારતીય દૂતાવાસે રવિવારે આ જાણકારી આપી. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટ (ભારતીય દૂતાવાસ)એ કહ્યું- 23 ફેબ્રુઆરીએ એક એપાર્ટમેન્ટમાં આગ લાગી હતી. જેમાં 27 વર્ષના ફાઝીલ ખાનનું મોત થયું હતું. અમે દુ:ખી છીએ અને અમે તેના પરિવારના સંપર્કમાં છીએ. દરેક શક્ય રીતે મદદ કરવાનો પ્રયાસ કરશે. ન્યૂયોર્ક ફાયર વિભાગના જણાવ્યા અનુસાર આગ 6 માળની ઈમારતના ત્રીજા માળે લાગી હતી. તેનું કારણ લિથિયમ આયન બેટરી હતી. આ અકસ્માતમાં અન્ય 17 લોકો ઘાયલ થયા છે.ન્યૂયોર્ક સિટી ફાયર ડિપાર્ટમેન્ટ (FDNY) અનુસાર, 2023માં લિથિયમ-આયન બેટરીના કારણે શહેરમાં 267 આગ લાગી હતી. જેમાં 150 લોકો ઘાયલ થયા હતા અને 18ના મોત થયા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં આવી 24 આગની ઘટનાઓની તપાસ કરવામાં આવી રહી છે, જેનું કારણ લિથિયમ-આયન બેટરીને જવાબદાર માનવામાં આવે છે. એક ફાયરમેને કહ્યું- આગ ઝડપથી ફેલાઈ જેથી લોકો બચી ન શક્યા. કેટલાંક લોકો 5માં માળેથી કૂદતા જોવા મળ્યા હતા. ઘણાં લોકો ઘરની બારીઓમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. અમે તેમને બચાવ્યા. આગ ઉપરના માળ સુધી ફેલાઈ રહી હતી તેથી અમે છત પર ગયા અને દોરડાની મદદથી નીચેના માળે દોરડાની મદદથી નીચે ઉતરીને બારીમાંથી બહાર આવતા લોકોને મદદ કરી હતી.

## ફાઝિલે 2020માં પત્રકારત્વનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો



દિલ્હીના રહેવાસી ફાઝિલે 2020માં કોલંબિયા યુનિવર્સિટીમાંથી જર્નાલિઝમમાં ગ્રેજ્યુએશન કર્યું છે. ત્યારથી તે 'ધ હેચિંગર રિપોર્ટ'માં પત્રકાર તરીકે કામ કરી રહ્યો હતો. 'ધ હેચિંગર રિપોર્ટ' એ નોન-પ્રોફિટ ન્યૂઝરૂમ છે. તે શિક્ષણમાં અસમાનતા અને નવીનતા પર અહેવાલ આપે છે. ફાઝિલની લિંક્ડઈન પ્રોફાઈલ અનુસાર, તેણે 2018માં બિઝનેસ સ્ટાન્ડર્ડમાં કોપી એડિટર તરીકે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. ન્યૂયોર્ક જતા પહેલા, તેણીએ દિલ્હીમાં CNN-News18 માટે સંવાદદાતા તરીકે કામ કર્યું હતું.એક ફાયરમેને કહ્યું- આગ ઝડપથી ફેલાઈ જેથી લોકો બચી ન શક્યા. કેટલાક લોકો 5માં માળેથી કૂદતા જોવા મળ્યા હતા. તેઓ પોતાનો જીવ બચાવવા ઘરની બારીઓમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અમે તેમને બચાવ્યા. અમે છત પર ગયા અને દોરડાની મદદથી નીચેના માળે પહોંચ્યા અને લોકોને બચાવ્યા.

# ભારતીય મૂળના એકમાત્ર ઉમેદવાર પણ ટ્રમ્પ સામે પરાસ્ત

ન્યૂયોર્ક | તા.25



અમેરિકામાં આ વર્ષે યોજનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓની ઉમેદવારી માટે ચૂંટણી ચાલી રહી છે. આ દરમિયાન રવિવારે સવારે (ભારતીય સમય મુજબ), રિપબ્લિકન પાર્ટીના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ કેરોલિના રાજ્યની ચૂંટણીમાં જીત મેળવી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, મત ગણતરી પૂર્ણ થાય તે પહેલા જ ટ્રમ્પને 59.7% વોટ મળ્યા હતા, જ્યારે ભારતીય મૂળની નિક્કી હેલીને 39.6% વોટ મળ્યા હતા. બીજી તરફ, ડેમોક્રેટિક પાર્ટી માટે પ્રાથમિક ચૂંટણી 4 ફેબ્રુઆરીએ યોજાઈ હતી. આમાં જો બાઈડનની જીત થઈ હતી. તેમને 96.3% મત મળ્યા. બીજા ક્રમે આવેલા ડીન ફિલિપ્સને માત્ર 2.0% વોટ મળ્યા. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આ પહેલા, બંને પક્ષો - રિપબ્લિકન અને ડેમોક્રેટિક, આ ચૂંટણી માટે તેમના ઉમેદવારોને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે. હેલી સાઉથ કેરોલિનાના સાંસદ રહી ચૂક્યા છે ચૂંટણી પરિણામ આવ્યા બાદ નિક્કી હેલીએ કહ્યું- હું હાર સ્વીકારીશ નહીં. હું ચૂંટણીમાંથી પીછે હટ કરીશ નહીં. નિક્કીએ હાલમાં જ કહ્યું હતું - જો ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટાય છે, તો બાઇડન ગત વખતની જેમ ચૂંટણી જીતશે. અગાઉ ટ્રમ્પે આયોવા અને ન્યૂ હેમ્પશાયર રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં પણ જીત મેળવી હતી. આ પછી રિપબ્લિકન વિવેક રામાસ્વામી અને રોન ડી-સેન્ટિસે ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો હતો. તેથી, ટ્રમ્પ અને હેલી રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારી માટે આમને-સામને છે. રિપબ્લિકન પાર્ટી રાજ્યમાં યોજાઈ હતી. વાસ્તવમાં પ્રાથમિક ચૂંટણી રાજ્ય સરકાર દ્વારા કરાવવામાં આવે છે. એ જ સમયે કોકસ પાર્ટીની પોતાની ઈવેન્ટ છે. પ્રાથમિક ચૂંટણી સામાન્ય ચૂંટણી જેવી જ મતદાન પ્રક્રિયાને અનુસરે છે.

# પેલેસ્ટિનિયન પિતાએ બાળકોને ઘોડાનું માંસ ખવડાવ્યું- રિપોર્ટ:કહ્યું- તેમને ભૂખ્યા રાખી શકુ નહીં

ગાઝા | તા.25



7 ઓક્ટોબર, 2023થી શરૂ થયેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં અત્યાર સુધીમાં 29 હજારથી વધુ પેલેસ્ટિનિયનોનાં મોત થયા છે. આ દરમિયાન ન્યૂઝ એજન્સી એએફપીએ અહેવાલ આપ્યો છે કે ગાઝામાં રહેતા એક પિતાએ તેમના બાળકોને ઘોડાનું માંસ ખવડાવ્યું હતું. જબાલિયા રેફ્યુજી કેમ્પમાં રહેતા 60 વર્ષીય અબુ જિબ્રિલે AFPને જણાવ્યું - ગાઝામાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ખાવા માટે કંઈ મળતું નથી. બાળકો ભૂખથી પીડાતા હતા. મારી પાસે ઘોડાને મારીને તેનું માંસ ખવડાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. ભૂખ આપણને મારી રહી છે. તેથી મેં બે ઘોડા માર્યા. પરિવારથી છુપાઈને, તેણે ઘોડાનું માંસ રાંધ્યું અને તેને ભાત સાથે બાળકો અને પરિવારના અન્ય સભ્યોને પીરસ્યું. પરિવારને ખબર નથી કે તેઓ ઘોડાનું માંસ ખાય છે અબુ જિબ્રિલે કહ્યું- મને ખબર ન હતી કે રાંધેલું ઘોડાનું માંસ ખાવા પર પરિવાર કેવી પ્રતિક્રિયા આપશે, તેથી મેં તેમને કંઈ કહ્યું નહીં. તેઓ જાણતા ન હતા કે તેઓ ઘોડાનું માંસ ખાતા હતા. આપણે એક વાર ભૂખ્યા સૂઈ શકીએ છીએ. પરંતુ 4-5 વર્ષના બાળકોને કેવી રીતે ભૂખ્યા રહે? જ્યારે તેમને ભૂખ લાગે છે ત્યારે તેઓ રડવા લાગે છે.

# ઓસ્ટ્રેલિયાની ડાર્લિંગ નદીમાં ઓક્સિજનની અછત સર્જાઇ

સિડની | તા.25

ઓસ્ટ્રેલિયામાં આવેલી ડાર્લિંગ નદીમાં ઓકિસજન વાયુ ઘટી જતા કરોડો માછલીઓને બચાવવા માટે નદીમાં કૃત્રિમ ઓકિસજન નાખવાનું નકકી કરવામાં આવ્યું છે. આમ તો વહેતી નદીઓમાં ઓકિસજનનું પ્રમાણ સારા એવા પ્રમાણમાં હોય છે અને કાંઠે ખૂશનુમા વાતાવરણ અનુભવાય છે પરંતુ ન્યૂ સાઉથ વેલ્સ રાજયની ડાર્લિંગ નદીમાં કૃત્રિમ ઓકિસજન ઉમેરવાના પ્રયોગે દુનિયામાં ચર્ચા જગાવી છે.

ગત વર્ષ માર્ચ મહિનામાં નદીમાં ઓકિસજન ખુટતા ગુંગડામણથી કરોડો માછલીઓના મોત થયા હતા. આ સમગ્ર ઘટનાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. તપાસ સમિતિએ ગત સપ્ટેમ્બર માસમાં કેટલીક ભલામણો સાથે અહેવાલ સોંપ્યો હતો જેમાં નદીમાં કૃત્રિમ રીતે ઓકિસજન સપ્લાય કરવાનો પણ સમાવેશ થતો હતો. આગામી માર્ચ મહિનામાં આવું ફરી ના બને તે માટે નદીમાં પંપની મદદથી ઓકિસજન છોડવામાં આવશે. ન્યુ સાઉથ વેલ્સના જળમંત્રી રોઝ જેકસને મીડિયાને જણાવ્યું હતું કે શુધ્ધ ઓકિસજન પાઈપની મદદથી નદીમાં ઓકિસજન છોડવોએ એક પ્રકારનો નુસખો છે જેનાથી નદીનું ઓકિસજન લેવલ સુધરશે તેમ માનવામાં આવી રહયું છે. છેલ્લા કેટલાક વર્ષોથી નદીમાં અકાળ માછલીઓ મરવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે.

# જ્હાન્વી કંડુલા મૃત્યુ કેસ, ભારતે કહ્યું- US નિર્ણયનો રિવ્યૂ કરે: બાઇડન પ્રશાસને કહ્યું : આરોપી પોલીસ અધિકારીને સજા નહીં થાય

ન્યૂયોર્ક | તા.25

ભારતનું કહેવું છે કે અમેરિકાએ ભારતીય વિદ્યાર્થી જહાન્વી કંડુલાના મોત માટે જવાબદાર પોલીસ અધિકારીને સજા ન આપવાના નિર્ણયની સમીક્ષા કરવી જોઈએ. સિએટલમાં ભારતીય દૂતાવાસ (કોન્સ્યુલેટ)એ કહ્યું કે અમેરિકાએ નિર્ણયની સમીક્ષા કરવી જોઈએ. હાલમાં આ મામલો સિએટલ એટર્ની જનરલને મોકલવામાં આવ્યો છે. અમે જહાન્વી કંડુલા અને તેના પરિવારને ન્યાય મળે તે માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. અમે સિએટલ પોલીસ દ્વારા સંપૂર્ણ તપાસની રાહ જોઈ રહ્યા છીએ. હકીકતમાં, 22 ફેબ્રુઆરીએ અમેરિકન સત્તાવાળાઓએ કહ્યું હતું કે સિએટલમાં 23 વર્ષીય ભારતીય વિદ્યાર્થી જહાનવી કંડુલાના મૃત્યુ માટે જવાબદાર પોલીસ અધિકારી કેવિન દવે સામે કોઈ કેસ નહીં થાય. તેને સજા કરવામાં આવશે નહીં. તેની સામે કોઈ પુરાવા મળ્યા નથી. 24 જાન્યુઆરી, 2023ના રોજ જહાન્વી કંડુલાનું પોલીસ પેટ્રોલિંગ કાર સાથે અથડાઈને મૃત્યુ થયું હતું. પોલીસ અધિકારી કેવિન દવે કાર ચલાવી રહ્યા હતા, તેથી જહાન્વીના મૃત્યુ અંગે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભારતીય દૂતાવાસે કહ્યું- અમે મામલાની નજર રાખી રહ્યા છીએ ભારતીય દૂતાવાસે કહ્યું- અમેરિકન પ્રશાસને જહાન્વી કંડુલાના મોતને લ ને તપાસ રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં એ વાત સામે આવી છે કે વિદ્યાર્થીને મારનાર પોલીસ અધિકારીને સજા કરવામાં આવી નથી. અમે વિદ્યાર્થીના પરિવારને ન્યાય અપાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ. અમે આ બાબતને યોગ્ય નિરાકરણ માટે સિએટલ પોલીસ સહિત સ્થાનિક સત્તાવાળાઓને લઈ ગયા છીએ. આ કેસ હાલમાં સમીક્ષા માટે સિએટલ સિટી એટર્ની ઓફિસમાં મોકલવામાં આવ્યો છે. અમે સિએટલ પોલીસની વહીવટી તપાસ પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છીએ. અમે આ બાબત પર સતત નજર રાખી રહ્યા છીએ.જ્યારે પોલીસ ઓફિસર ડેનિયલ વિદ્યાર્થીના મોતની મજાક ઉડાવી રહ્યો હતો ત્યારે તેનો બોડી-કેમ એટલે કે તેના શરીર પર લગાવાયેલો કેમેરો ચાલુ હતો. જેના કારણે તમામ બાબતો રેકોર્ડ કરવામાં આવી હતી. તેની કારમાં બેઠેલા તેને એમ કહેતા સાંભળવામાં આવ્યા કે અકસ્માત બાદ છોકરીએ 40 ફૂટ ફંગોળાઈ નથી, પરંતુ તે મરી ગઈ હતી.બીબીસીના અહેવાલ મુજબ પોલીસ અધિકારીઓની કારનો એક વીડિયો અને ઓડિયો સામે આવ્યો હતો.

# રશિયા-યુક્રેન યુદ્ધનાં બે વર્ષ, 65 લાખ લોકો બેઘર

કિવ/ન્યૂયોર્ક | તા.25

આજે રશિયા-યુક્રેન યુદ્ધને બે વર્ષ પૂર્ણ થયાં છે. 24 ફેબ્રુઆરી 2022ના રોજ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન પર હુમલો કર્યો એને મિલિટરી ઓપરેશન ગણાવ્યું. આ હુમલાને કારણે અત્યારસુધીમાં 40 લાખથી વધુ યુક્રેનિયન નાગરિકોને દેશ છોડવો પડ્યો હતો. આ લોકો અન્ય દેશોમાં શરણાર્થીઓની જેમ જીવી રહ્યા છે.પોતાના જ દેશમાં 65 લાખથી વધુ યુક્રેનવાસીઓ બેઘર થઈ ગયા છે. યુક્રેનના 10 હજાર નાગરિકનાં મોત થયાં છે, જ્યારે 18,500 લોકો ઘાયલ થયા છે. યુક્રેનનો દાવો છે કે રશિયાએ 3.92 લાખ સૈનિકો ગુમાવ્યા છે.



આ દરમિયાન અમેરિકાએ રશિયાની 500 કંપની પર પ્રતિબંધો લગાવ્યા છે. અહીં રશિયાએ યુરોપિયન યુનિયન (EU)ની ઘણી કંપનીઓ પર પણ પ્રતિબંધો લગાવ્યા છે. યુએસ પ્રમુખ જો બાઇડન 23 ફેબ્રુઆરી 2024ના રોજ રશિયા સામે 500થી વધુ નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. એની પાછળનું કારણ યુક્રેન સામે યુદ્ધ છેડવું અને રશિયન વિપક્ષી નેતા એલેક્સી નેવલનીનું કસ્ટડીમાં મૃત્યુ થયું હોવાનું કહેવાય છે.યુએસ પ્રમુખ જો બાઇડને 23 ફેબ્રુઆરી 2024ના રોજ રશિયા સામે 500થી વધુ નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. એની પાછળનું કારણ યુક્રેન સામે યુદ્ધ છેડવું અને રશિયન વિપક્ષી નેતા એલેક્સી નેવલનીનું કસ્ટડીમાં મૃત્યુ થયું હોવાનું કહેવાય છે. યુક્રેનમાં 30 હજારથી વધુ યુક્રેનિયન હજુ પણ ગુમ છે. તેમનો પરિવાર તેમની મુક્તિની રાહ જોઈ રહ્યો છે. રશિયાના કબજા હેઠળના યુક્રેનિયન શહેર ડોનેત્સ્કમાં રહેતી ઈરિના હંમેશાં તેના ફોન જોયા કરે છે. લગભગ 19 મહિના પહેલાં તેણે તેના 25 વર્ષના પુત્ર વ્લાદિસ્લાવ સાથે છેલ્લી વાત કરી હતી, જે ડોનેત્સ્કમાં રશિયા સાથે લડી રહ્યો હતો. તે કહે છે- તેણે તેના પુત્રને શોધવા માટે તમામ પ્રયાસો કર્યા છે, પરંતુ હજુ સુધી તેના વિશે કોઈ સમાચાર મળ્યા નથી.રશિયા અને યુક્રેન બંને સૈનિક સંકટનો સામનો કરી રહ્યા છે. યુક્રેનની સરકારે સેનામાં જોડાવા માટેની ઉંમર ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ઘણા લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. એ જ સમયે પુતિને સૈનિકોની અછતને દૂર કરવા માટે એક આદેશ જારી કર્યો છે, જેમાં તેમણે રશિયા વતી લડી રહેલા વિદેશીઓને રશિયન નાગરિકતા આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે.યુક્રેને બદલો લીધો અને રશિયા દ્વારા કબજે કરેલા 54% પ્રદેશ પર ફરીથી નિયંત્રણ મેળવ્યું. આશરે 4.30 કરોડની વસતિ ધરાવતા યુક્રેનના 1.76 કરોડ યુક્રેનવાસીઓ રાહત સામગ્રી પર જીવી રહ્યા છે. ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, યુદ્ધમાં 87% રશિયન સૈનિકો માર્યા ગયા છે. આ યુદ્ધે પુતિનના રશિયન સૈન્યને 15 વર્ષ સુધી આધુનિક બનાવવાના પ્રયાસોને પાછળ છોડી દીધા છે. આ નુકસાનને દૂર કરવા માટે રશિયા તેની સેનામાં મુક્ત થયેલા કેદીઓને ભરતી કરી રહ્યું છે અને તેને યુદ્ધના મેદાનમાં પણ મોકલે છે.

# યમનમાં હુથી બળવાખોરોના 18 ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક

યમન | તા.25

મધ્ય પૂર્વમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે જ્યાં અમેરિકા અને બ્રિટનની સેનાએ અન્ય દેશોની ફોર્સ સાથે મળીને હુથી બળવાખોરોના ઠેકાણો પર એર સ્ટ્રાઈક કરી છે. ઉલ્લેખનીય છે કે હુથી બળવાખોરો યમનમાં માનવીય સહાય પૂરી પાડવા માટે મોકલવામાં આવતા માલવાહક જહાજોને નિશાન બનાવી રહ્યા હતા. હુથી બળવાખોરોના 18 ઠેકાણાને નિશાન બનાવીને હુમલો કરાયો

યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યાનુસાર અમેરિકા અને બ્રિટને સંયુક્ત રીતે યમનની રાજધાની સનામાં હુથી બળવાખોરોના 18 ઠેકાણાને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકાએ કહ્યું હતું કે હુથી બળવાખોરો માલવાહક જહાજો પર હુમલાઓ કરીને યમનને આપવામાં આવતી માનવીય સહાયને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા, આ કારણે તેમના પર હુમલો કરવામાં આવ્યો છે. આ સંયુક્ત હુમલામાં અમેરિકન અને બ્રિટિશ સેના ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બહેરીન, કેનેડા, ડેનમાર્ક, નેધરલેન્ડ અને ન્યુઝીલેન્ડની સેના પણ સામેલ હતી.નોંધનીય છે કે હુથી બળવાખોરોના હુમલાઓથી વૈશ્વિક વેપાર પર પણ અસર પડતી હતી અને શિપિંગ દરોમાં પણ વધારો થયો હતો. આ હુમલામાં ભાગ લેનાર દેશોએ સંયુક્ત નિવેદનમાં જમાવ્યું હતું કે યમનમાં 8 અલગ-અલગ સ્થળોએ સેનાએ કાર્યવાહી કરી હતી, જેમાં હુથીના 18 ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યા હતા. અમેરિકન રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને કહ્યું હતું કે 'હુમલાનો ઉદ્દેશ્ય ઈરાન સમર્થિત હુથી બળવાખોરોની તાકાતને ખતમ કરવાનો છે.' વધુમાં જણાવ્યું હતું કે, 'અમે હુથી બળવાખોરોને કહેવા માંગીએ છીએ કે જો તેઓ તેમના ગેરકાયદે હુમલા બંધ નહીં કરે તો તેમને પરિણામ ભોગવવા પડશે.'

# 316 વર્ષ જૂના જહાજને કોલંબિયાના દરિયામાંથી બહાર કાઢવામાં આવશે



કોલંબિયા | કોલંબિયાની સરકારે શુક્રવારે જાહેરાત કરી હતી કે તે 316 વર્ષ પહેલાં કોલંબિયન કેરેબિયન (એટલાન્ટિક મહાસાગર)માં ડૂબી ગયેલા સ્પેનિશ જહાજ સેન જોસના ભંગાર અને ખજાનાને પુનઃપ્રાપ્ત કરવા માટે પાણીની અંદર સંશોધન શરૂ કરશે. આ માટે નૌકાદળના જહાજની દેખરેખ હેઠળ રોબોટને દરિયામાં મોકલવામાં આવશે.

આ રોબોટ વર્ષો પહેલા ડૂબેલા સ્પેનિશ જહાજની માહિતી એકત્ર કરશે. આ સમય દરમિયાન તે કાટમાળનો કેટલોક ભાગ બહાર કાઢશે. ત્યાર બાદ જોવામાં આવશે કે વર્ષો પછી જ્યારે પાણી બહાર આવશે ત્યારે ભંગારમાં શું ફેરફાર થાય છે. જહાજના બાકી રહેલા કાટમાળનો કયો ભાગ બહાર કાઢી શકાય તેની પણ તપાસ કરવામાં આવશે. એપી ન્યૂઝ અનુસાર જહાજનો કાટમાળ સમુદ્રમાં 2 હજાર ફૂટની ઉંડાઈ પર છે.રોબોટમાં કેમેરા લગાવવામાં આવશે, તે સેટેલાઈટ સાથે પણ જોડાયેલ હશે આ રોબોટ કેમેરાથી પણ સજ્જ હશે, જેથી જહાજ સંબંધિત રેકોર્ડ એકત્ર કરી શકાય. રોબોટને સેટેલાઈટ સાથે પણ જોડવામાં આવશે. આ અભિયાન માટે કોલંબિયા સરકાર આ વર્ષે અંદાજે 37 કરોડ રૂપિયા ખર્ચ કરશે. આ મિશન 2024ના બીજા ભાગમાં શરૂ થશે.સ્પેન પર વિજય મેળવવાના યુદ્ધ દરમિયાન બ્રિટિશ નૌકાદળના હુમલામાં સેન જોસ નામનું જહાજ ડૂબી ગયું હતું. તે સમયે બોર્ડમાં 600 લોકો હતા, જેમાંથી માત્ર 11 લોકો જ બચી શક્યા હતા. 2015માં કોલંબિયન નેવીના ડાઈવર્સ દ્વારા આ ભંગાર મળી આવ્યો હતો. ત્યારબાદ કોલંબિયાના રાષ્ટ્રપતિ જુઆન મેન્યુઅલ સેન્ટોસે આ શોધને માનવ ઈતિહાસમાં મળેલો સૌથી અમૂલ્ય ખજાનો ગણાવ્યો હતો.

### માર્ચમાં તેની એક ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે, નિર્માતા હાલમાં ફરાર

# 2000 કરોડના આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનું ભાંડાફોડ, મુખ્ય આરોપી તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો મોટો પ્રોડ્યુસર

નવી દિલ્હી | દિલ્હી પોલીસ અને NCBએ સંયુક્ત ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. આ સિન્ડિકેટે અત્યાર સુધીમાં 2000 કરોડ રૂપિયાની દવાઓનું વેચાણ કર્યું હોવાનો દાવો કરાયો છે. સિન્ડિકેટનો મુખ્ય આરોપી તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો મોટો પ્રોડ્યુસર હોવાનો ખુલાસો થયો છે. માર્ચમાં તેની એક ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે. નિર્માતા હાલમાં ફરાર છે, તેની સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. સિન્ડિકેટ સાથે સંકળાયેલા 3ની ધરપકડ આ સિન્ડિકેટ સાથે સંકળાયેલા ત્રણ લોકોની દિલ્હીમાં 50 કિલો સ્યુડોફેડ્રિન સાથે ધરપકડ કરવામાં આવી છે. આ ગેંગનું નેટવર્ક ભારતથી ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને મલેશિયા સુધી વિસ્તરેલું છે. હેલ્થ મિક્સ પાવડર, સૂકા નાળિયેર જેવી ખાદ્ય ચીજોની આડમાં હવાઈ અને દરિયાઈ કાર્ગોના માધ્યમથી તેની દાણચોરી કરવામાં આવી રહી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે સાથે મળીને તપાસ શરૂ સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્કને પકડી પાડવા માટે NCB ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયન સત્તાધીશો સાથે મળીને તપાસ કરી રહી છે. એનસીબીના ડેપ્યુટી ડાયરેક્ટર જ્ઞાનેશ્વર સિંહના જણાવ્યા અનુસાર, ન્યૂઝીલેન્ડના કસ્ટમ અધિકારીઓ અને ઓસ્ટ્રેલિયન પોલીસ પાસેથી માહિતી મળી હતી કે સૂકા




નારિયેળના પાવડરમાં સંતાડીને સ્યુડોફેડ્રિનનો મોટો જથ્થો બંને દેશોમાં મોકલવામાં આવી રહ્યો છે. યુએસ ડીઈએ (ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન) પાસેથી માહિતી મળી હતી કે આ ડ્રગ્સ દિલ્હીથી આવી રહ્યો છે. સ્યુડોફેડ્રિનનો ઉપયોગ મેથામ્ફેટામાઇન બનાવવા માટે થાય છે, જે વિશ્વભરમાં સૌથી વધુ ડિમાંડ ધરાવતો ડ્રગ્સ છે. તે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં આશરે રૂ. 1.5 કરોડ પ્રતિ કિલોના ભાવે વેચાય છે.

દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને NCBનું સંયુક્ત ઓપરેશન આ સાંઠગાંઠને પકડી પાડવા માટે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને NCBની સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી. લગભગ 4 મહિનાની તપાસ બાદ જાણવા મળ્યું કે આ સિન્ડિકેટ ઓસ્ટ્રેલિયામાં અન્ય કન્સાઈનમેન્ટ મોકલવાનો પ્રયાસ કરી રહ્યું હતું. ત્યારપછી ટીમે 15 ફેબ્રુઆરીએ પશ્ચિમ દિલ્હીના બસાઈ દારાપુરમાં તેના વેરહાઉસ પર દરોડા પાડ્યા હતા. તે સમયે આરોપીઓ મલ્ટીગ્રેન ફૂડ મિશ્રણના એક કન્સાઈનમેન્ટમાં સ્યુડોફેડ્રિન પેક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન 50 કિલો સ્યુડોફેડ્રિન મળી આવ્યું હતું. આ ગેંગના ત્રણ આરોપીઓની (તમામ તમિલનાડુના) સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેમણે ખુલાસો કર્યો કે છેલ્લા 3 વર્ષમાં તેમના દ્વારા કુલ 45 કન્સાઈનમેન્ટ મોકલવામાં આવ્યા હતા, જેમાં અંદાજે 3500 કિલો સ્યુડોફેડ્રિન હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત 2000 કરોડ રૂપિયાથી વધુ છે. આ સાંઠગાંઠના માસ્ટર માઈન્ડની ઓળખ તમિલ ફિલ્મના નિર્માતા તરીકે થઈ છે, જે ફરાર છે. તેને પકડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી સ્યુડોફેડ્રિનનો સ્ત્રોત શોધી શકાય.

## ન્યૂઝ કોર્નર

### વડાપ્રધાન મોદીએ દુનિયાના સૌથી મોટા અનાજ ગોદામ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી | વડાપ્રધાન નરનેદ્ર મોદીએ શનિવારે રૂ. ૧.૨૫ લાખ કરોડથી વધુના રોકાણથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક પ્રોજેક્ટનો શુભારંભ કર્યો હતો. પીએમ મોદીએ દુનિયાના સૌથી મોટા અનાજ ગોદામના પાયલટ પ્રોજેક્ટના ભાગરૂપે ૧૧ રાજ્યોમાં પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓ (પીએસીએસ)માં અનાજના સંગ્રહ માટે ૧૧ ગોદામોનું ઉદ્ઘાટન કર્યું હતું. સાથે જ તેમણે ગોદામો અને અન્ય કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાના નિર્માણ માટે દેશભરમાં વધારાના ૫૦૦ની પીએસીએસનો શિલાન્યાસ કર્યો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સહકારી ક્ષેત્ર સંબંધિત અનેક પહેલોનો શુભારંભ કર્યો. વડાપ્રધાને વિશ્વની સૌથી મોટી અનાજ ભંડારણ યોજનાના પાયલટ પ્રોજેક્ટના ભાગરૂપે ૧૧ રાજ્યોની પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓમાં અનાજના સંગ્રહ માટે ૧૧ ગોદામોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ યોજના હેઠળ દેશમાં હજારો ગોદામો અને વેરહાઉસીસના બાંધકામ દ્વારા સહકારી ક્ષેત્રમાં આગામી પાંચ વર્ષમાં ૭૦૦ લાખ ટનની સ્ટોરેજ ક્ષમતા ઊભી કરાશે.

### છત્તીસગઢઃ સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં ત્રણ નક્સલી ઠાર

કાંકેર | છત્તીસગઢના કાંકેર જિલ્લામાં સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા છે. કાંકેરના પોલીસ અધિક્ષક ઈન્દિરા કલ્યાણ અલેસેલાએ જણાવ્યું હતું કે કોયલીબેડા વિસ્તારના જંગલમાં જ્યારે ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાનમાં હતી ત્યારે અથડામણ થઈ હતી. અધિકારીએ જણાવ્યું કે એન્કાઉન્ટર સ્થળ પરથી અત્યાર સુધીમાં ત્રણ નક્સલીઓના મૃતદેહ અને બે હથિયારો મળી આવ્યા છે. આ સિવાય BSF દ્વારા ચલાવવામાં આવી રહેલું ઓપરેશન હજુ પણ ચાલુ છે. છત્તીસગઢ સૌથી વધુ નક્સલ પ્રભાવિત રાજ્ય છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, છત્તીસગઢના 14 જિલ્લાઓ - બલરામપુર, દંતેવાડા, ધમતરી, ગારિયાબંધ, કાંકેર, કોંડાગાંવ, મહાસમુંદ, નારાયણપુર, રાજનાંદગાંવ, સુકમા, કબીરધામ અને મુંગેલી નક્સલ પ્રભાવિત છે. આંકડાઓ અનુસાર, છત્તીસગઢમાં છેલ્લા ઘણા દિવસોથી નક્સલી હુમલામાં ઘટાડો થઈ રહ્યો નથી. જો જોવામાં આવે તો રાજ્યમાં દર વર્ષે સરેરાશ સાડા ત્રણસોથી વધુ નક્સલવાદી હુમલાઓ થાય છે.

### રિતેશ પાંડેએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું

# નારાજ બસપા સાંસદનું રાજીનામું, PM મોદી સાથે સંસદમાં કર્યું હતું સરપ્રાઈઝ લંચ, ભાજપમાં જોડાશે?





નવી દિલ્હી | આંબેડકર નગરથી બહુજન સમાજ પાર્ટી (બસપા) ના લોકસભા સાંસદ રિતેશ પાંડેએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. તેઓ આજે ભાજપમાં જોડાય તેવી શક્યતા છે. સંસદના બજેટ સત્ર દરમિયાન સંસદ ભવનની કેન્ટીનમાં લંચ લેનારા ૭ સાંસદોમાં રિતેશ પાંડે પણ સામેલ હતા. એવું કહેવાય છે કે ભાજપ આંબેડકર નગરથી રિતેશ પાંડેને ટિકિટ આપી શકે છે. તેમના પિતા રાકેશ પાંડે સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય છે. સોશિયલ મીડિયા પર રાજીનામું જાહેર કર્યું.

બસપા પ્રમુખ માયાવતીને મોકલવામાં આવેલા રાજીનામાના પત્રમાં રિતેશ પાંડેએ લખ્યું, 'જ્યારે હું બસપામાં જોડાયો ત્યારે મને તમારું માર્ગદર્શન મળ્યું અને પાર્ટીના અધિકારીઓ અને કાર્યકરોએ દરેક સંભવ સમર્થન આપ્યું. પાર્ટીએ મને યુપી વિધાનસભા અને લોકસભામાં પ્રતિનિધિત્વ કરવાની અને સંસદીય દળના નેતા તરીકે કામ કરવાની તક આપી. આ વિશ્વાસ બદલ હું આપનો, પક્ષનો, પક્ષના કાર્યકરો અને સમર્થકોનો મારા હૃદયથી આભાર વ્યક્ત કરું છું.


તેમણે પત્રમાં આગળ લખ્યું, 'લાંબા સમયથી મને પાર્ટીની મીટિંગમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું અને ન તો નેતૃત્વના સ્તરે વાતચીત કરવામાં આવી હતી. માયાવતીને સંબોધતા તેમણે લખ્યું કે મેં તમારો અને ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરવા અને મુલાકાતના અસંખ્ય પ્રયાસો કર્યા પરંતુ કોઈ ઉકેલ મળ્યો નહીં. આ સમયગાળા દરમિયાન હું મારા વિસ્તારના લોકો અને પાર્ટી કાર્યકર્તાઓને સતત મળતો રહ્યો. હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે પાર્ટીને હવે મારી સેવા અને હાજરીની જરૂર નથી અને તેથી મારી પાસે પાર્ટીમાંથી રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ નથી. પાર્ટી સાથે સંબંધો તોડવાનો નિર્ણય ભાવનાત્મક રીતે મુશ્કેલ નિર્ણય છે.

### આજે દરેક ગામમાં ડ્રોન દીદીની ચર્ચા થઈ રહી છે : PM

# કોણે વિચાર્યું હતું કે મહિલાઓ ડ્રોન ઉડાડશે, વડાપ્રધાન મોદીએ કરી 110મી વખત મન કી બાત

નવી દિલ્હી | વડાપ્રધાન મોદી આજે 110મી વખત રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા દેશવાસીઓને સંબોધિત કરી રહ્યા છે. આજે ફેબ્રુઆરી મહિનાનો છેલ્લો રવિવાર પણ છે. 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી ઘણી એવી ઘટનાઓનો ઉલ્લેખ કરે છે, જેનાથી લોકો સીધી રીતે સરકાર સાથે જોડાણ અનુભવે છે. વડાપ્રધાન મોદીએ મન કી બાત કાર્યક્રમમાં મહિલા શક્તિના મહત્વનો ઉલ્લેખ કરીને નમો ડ્રોન દીદી સાથે વાત કરી.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં જળ સંરક્ષણમાં મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે દેશમાં એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓ પાછળ રહી ગઈ હોય. કુદરતી ખેતી, જળ સંરક્ષણ અને સ્વચ્છતા આવા જ જ ક્ષેત્રો છે. કેમિકલના કારણે ધરતી માં જે પીડાનો સામનો કરી રહી છે તેનાથી ધરતીને બચાવવામાં આપણી માતૃશક્તિ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ માટે માત્ર મહિલાઓ જ તેનું નેતૃત્વ કરી રહી છે. અગાઉ પણ મહિલાઓ પાણી બચાવવાનું કામ કરતી હતી.



વડાપ્રધાને મન કી બાત કાર્યક્રમમાં મહિલા શક્તિની ચર્ચા કરી અને કહ્યું કે આજે દરેક ગામમાં ડ્રોન દીદીની ચર્ચા થઈ રહી છે. આજે મહિલાઓ પણ ગામડાઓમાં ડ્રોન ઉડાવી રહી છે. વડાપ્રધાને કાર્યક્રમ દરમિયાન સીતાપુરથી નમો ડ્રોન દીદી સાથે વાત કરી હતી. વડાપ્રધાને કહ્યું કે મારું મિશન લખપતિ દીદી બનાવવાનું છે.

### અંતે TMC અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન ફાઈનલ! મમતાએ આપી 5 બેઠકો, અન્ય બે રાજ્યો પણ સમજૂતી

નવી દિલ્હી | પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ અને મમતા બેનર્જીની પાર્ટી ટીએમસી વચ્ચે 'I.N.D.I.A.' ગઠબંધન હેઠળ બેઠક વહેંચણીનું સમાધાન થઈ ચૂક્યું છે. સૂત્રોએ શનિવારે માહિતી આપી છે કે, પશ્ચિમ બંગાલમાં ટીએમસી કોંગ્રેસ માટે પાંચ બેઠકો છોડશે. ટીએમસી કોંગ્રેસને જે બેઠકો આપવા માટે રાજી થઈ છે, તેમાં દાર્જિલિંગ, રાયગંજ, દક્ષિણ માલ્દા, બહરામપુર અને પુરુલિયા સામેલ છે.સૂત્રોના અનુસાર, આ સિવાય મેઘાલય અને આસામમાં પણ બેઠક વહેંચણીની સમજૂતી થઈ ચૂકી છે. કોંગ્રેસ ટીએમસીને મેઘાલયમાં તૂરા બેઠક આપવા માટે તૈયાર છે. આસામમાં પણ કોંગ્રેસ ટીએમસી માટે એક બેઠક છોડશે. આ અગાઉ શનિવારે જ કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે, 'પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસની સાથે બેઠક વહેંચણીની સંભાવનાઓ પર ચર્ચા ચાલી રહી છે.

### યુપી પોલીસ ભરતી પેપર લીક કેસ, STFએ નીરજ યાદવની ધરપકડ કરી

નવી દિલ્હી | ઉત્તર પ્રદેશની યોગી સરકારે પેપર લીક થયા બાદ પોલીસ કોન્સ્ટેબલની ભરતી રદ કરી દીધી છે. જેના કારણે લાખો ઉમેદવારોને મોટી રાહત થઈ છે. હવે UP STF એ 17 અને 18 ફેબ્રુઆરીએ પરીક્ષા દરમિયાન છેતરપિંડી કરનારા ઉમેદવારોના મદદગારોની યાદી તૈયાર કરી છે. યુપી પોલીસ ભરતી પેપર લીક કેસમાં કાર્યવાહી કરતા STFએ બલિયાના રહેવાસી નીરજ યાદવની ધરપકડ કરી છે. નીરજ યાદવે વોટ્સએપ દ્વારા પેપર લીક કર્યું હતું. આ કેસમાં, નેટવર્ક વિશે એક બ્રિફ તૈયાર કરવામાં આવી છે જેના દ્વારા પેપર અત્યાર સુધીમાં પકડાયેલા તમામ આરોપીઓ સુધી પહોંચ્યું છે અને તમામ નેટવર્કની ફરીથી તપાસ કરવામાં આવી રહી છે. ગાઝિયાબાદમાંથી ધરપકડ કરાયેલી મહિલા ઉમેદવારને છેતરનાર ગુરબચનની ગેંગના લીડર મોનુ મલિક અને કપિલની શોધ પણ તેજ કરી દેવામાં આવી છે. મોનુ મલિક અને કપિલ પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પેપર લીક કરતી ગેંગના લીડર હોવાનું કહેવાય છે.

### રાજ્યસભામાં ભાજપના 8, કોંગ્રેસના 6, સપાના બે ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ

# રાજ્યસભાના 36 ટકા ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ, 21 ટકાની સંપત્તિ 100 કરોડથી વધુ : એડીઆર

નવી દિલ્હી | રાજ્યસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ૧૫ રાજ્યોની ૫૬ બેઠકોના ૫૯ ઉમેદવારોમાંથી ૫૮ના સોગંદનામાનું એડીઆર અને નેશનલ ઈલેક્શન વોચે વિશ્લેષણ કર્યું હતું, જેમાં ૩૬ ટકા વિરુદ્ધ ક્રિમિનલ કેસ નોંધાયા હોવાનું જણાયું છે. વધુમાં આ ઉમેદવારોની નાણાકીય પૃષ્ઠભૂમિ પણ જાણવા મળી છે, જેમાં કોંગ્રેસના ઉમેદવાર સૌથી ધનિક હોવાનું જણાયું છે. બધા જ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ રૂ. ૧૨૭.૮૧ કરોડ છે. રાજ્યસભાના ૪૧ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે જ્યારે ૨૭મીએ ચૂંટણી થવાની છે.

એડીઆરે કહ્યું કે કર્ણાટકમાંથી કોંગ્રેસના ઉમેદવાર જીસી ચંદ્રશેખરના દસ્તાવેજ ખરાબ રીતે સ્કેન કરાયા હોવાથી તેમના સોગંદનામાનું વિશ્લેષણ કરાયું નથી. એડીઆરના વિશ્લેષણમાં જણાયું છે કે ૫૮માંથી ૩૬ ટકા ઉમેદવારોએ તેમના વિરુદ્ધ ક્રિમિનલ કેસ હોવાનું જાહેર કર્યું છે, જેમાંથી ૧૭ ટકા ઉમેદવારો પર ગંભીર ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. એક ઉમેદવાર પર હત્યાના પ્રયાસનો કેસ નોંધાયેલો છે.

વિશ્લેષણ મુજબ ભાજપના ૩૦ ઉમેદવારોમાંથી આઠ (૨૭ ટકા), કોંગ્રેસના ૯માંથી છ (૬૭ ટકા), તૃણમૂલના ચારમાંથી એક (૨૫ ટકા), સપાના ત્રણમાંથી બે (૬૭ ટકા), વાયએસઆરસીપીના ત્રણમાંથી એક (૩૩ ટકા), રાજદના બેમાંથી એક (૫૦ ટકા), બીજેડીના બેમાંથી એક (૫૦ ટકા) અને બીઆરએસના એક ઉમેદવારે ક્રિમિનલ કેસ જાહેર કર્યા છે.

એડીઆરના અહેવાલ મુજબ રાજ્યસભાના ૫૮ ઉમેદવારોમાંથી લગભગ ૨૧ ટકા ઉમેદવારો અબજ પતિ છે, જેમની સંપત્તિ રૂ. ૧૦૦ કરોડથી વધુ છે. રાજ્યસભાના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ રૂ. ૧૨૭.૮૧ કરોડ છે. હિમાલય પ્રદેશના કોંગ્રેસના ઉમેદવાર અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીની કુલ સંપત્તિ રૂ. ૧,૮૭૨ કરોડ છે જ્યારે ઉત્તર પ્રદેશના સમાજવાદી પક્ષના ઉમેદવાર જયા અમિતાભ બચ્ચનની સંપત્તિ રૂ. ૧,૫૭૮ કરોડ અને કર્ણાટકના જદ-એસના ઉમેદવાર કુપેન્દ્ર રેડ્ડીની કુલ સંપત્તિ રૂ. ૮૭૧ કરોડ છે. વિશ્લેષણ મુજબ ટોચના ત્રણ સૌથી ગરીબ ઉમેદવારોમાં મધ્ય પ્રદેશમાં ભાજપના બાલયોગી ઉમેશ નાથ (રૂ. ૪૭ લાખ), પશ્ચિમ બંગાળમાંથી સમિક ભટ્ટાચાર્ય અને ઉત્તર પ્રદેશમાંથી સંગીતા (રૂ. ૧ કરોડ)નો સમાવેશ થાય છે.

એડીઆરના અહેવાલ મુજબ રાજ્યસભાના ઉમેદવારોમાંથી ૧૭ ટકા ઉમેદવારો ૫મા ધોરણથી ૧૨મા ધોરણ સુધી પાસ છે, ૭૯ ટકા ઉમેદવારો પાસે સ્નાતક અથવા તેનાથી ઊંચી ડિગ્રી છે. ઉમેદવારોની વયના સંદર્ભમાં ૭૬ ટકા ઉમેદવારો ૫૧થી ૭૦ની વય વચ્ચેના છે જ્યારે ૧૬ ટકા ઉમેદવારો ૩૧થી ૫૦ની વય વચ્ચે છે. મહિલા ઉમેદવારોની સંખ્યા ૧૯ ટકા છે.

### ન્યાય-યાત્રામાં રાહુલ, પ્રિયંકા એક સાથે ખુલ્લી જીપમાં નીકળ્યા : ભાઈ-બહેનનું મુરાદાબાદમાં ભવ્ય સ્વાગત



મુરાદાબાદ | રાહુલ ગાંધીની ''ભારત જોડો ન્યાય-યાત્રા'' મુરાદાબાદ પહોંચી હતી. ત્યારે માર્ગની બંને બાજુએ ઊભા રહેલા લોકોએ ''રાહુલ ગાંધી જિંદાબાદ, પ્રિયંકા-વાડ્રા ઝિંદાબાદ''ના નારા લગાવતા ભાઈ-બહેનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બે દિવસના વિશ્રામ પછી કોંગ્રેસની ન્યાય-યાત્રા ફરીથી શરૂ થઈ ચુકી છે અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાંથી પસાર થનાર આ યાત્રાનું તે પુરતું મુખ્ય મથક કોંગ્રેસે મુરાદાબાદ જ રાખ્યું છે. પ્રિયંકા ગાંધી વાડ્રા મુરાદાબાદથી જ આ યાત્રામાં જોડાશે. તે તો છેલ્લા કેટલાક દિવસોથી નક્કી થઈ ગયું હતું. યાત્રા સ્થળેથી ફરી શરૂ થવાની હતી. જીપમાં બેસી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા જ્યારે માર્ગ ઉપરથી પસાર થયા ત્યારે માર્ગથી બંને બાજુએ ઉભા રહેલા લોકોએ ''રાહુલ ગાંધી ઝિંદાવાદ, પ્રિયંકા ગાંધી વાડ્રા ઝિંદાબાદ''ના નારા લગાવ્યા હતા અને ભવ્ય સ્વાગત કર્યું હતું.

# રેલવે મુસાફરોને 24 કલાક સ્વાદિષ્ટ ભોજન મળશે

### બોરીવલીમાં 'રેલ્વે થીમ આધારિત રેસ્ટોરન્ટ' શરૂ કરવામાં આવી

મુંબઈ, તા. 25 (પ્રતિનિધિ): ભારતીય રાંધણ ક્ષેત્રની સૌથી વિશ્વસનીય અને જાણીતી બ્રાન્ડ્સમાંની એક હલ્દીરામે મુંબઈના બોરીવલીમાં તેની નવીનતમ રેલ્વે-થીમ આધારિત રેસ્ટોરન્ટ શરૂ કરી છે. આ સ્થાન પર રેલ મુસાફરોને 24 કલાક ભોજન ઉપલબ્ધ રહેશે. ધમધમતા બોરીવલી પૂર્વ રેલ્વે સ્ટેશનની પૃષ્ઠભૂમિ પર, 'રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સ' મુંબઈકરોને ભારતીય રેલ્વેના વાતાવરણ અને આનંદમાં એક નવીન રેસ્ટોરન્ટનો અનુભવ પ્રદાન કરશે. ભવ્ય ઉદઘાટન સમારોહ પછી, આ અનોખી 'રેલ્વે કોચ રેસ્ટોરન્ટ' લોકો માટે ખુલ્લી મુકવામાં આવી છે. રેસ્ટોરન્ટની સજાવટ વિન્ટેજ ટ્રેન કેરેજના આંતરિક ભાગને પ્રતિબિંબિત કરે છે. 24 કલાક નોન-સ્ટોપ ચાલતી, હલ્દીરામ એક્સપ્રેસ મુંબઈની વ્યસ્ત અને વૈવિધ્યસભર વસ્તીને ચોવીસ કલાક જમવાના વિકલ્પો પ્રદાન કરશે.



આ અંગે ટિપ્પણી કરતાં હલ્દીરામ ફૂડ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર નીરજ અગ્રવાલે જણાવ્યું હતું કે, "મુંબઈ ભારતની આર્થિક રાજધાની છે અને તે એક એવું શહેર પણ છે જે લોકલ ટ્રેનો પર ખૂબ નિર્ભર છે. હલ્દીરામ એક્સપ્રેસના આગમનનો હેતુ શહેરની આ જીવનરેખાને ઉજવવાનો છે. અમારી નવી રેસ્ટોરન્ટ સાથે, અમે મુંબઈના સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થોની નોસ્ટાલ્જીયા પાછી લાવ્યા છીએ. મને ખાતરી છે કે રેસ્ટોરન્ટની સજાવટ, વાતાવરણ અને વાનગીઓ જમનારાઓને તેમની ટ્રેનની મુસાફરીની યાદો લાવશે,' તેમણે કહ્યું.

### કમલનાથ ભાજપમાં જવાની અટકળો ખોટી, તેઓ 4 દિવસ રાહુલ સાથે યાત્રામાં જોડાશે

ભોપાલ | તા.25

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથ, રાહુલ ગાંધીનાં નેતૃત્વ નીચેની ભારત જોડો ન્યાય યાત્રા મધ્ય પ્રદેશમાંથી પસાર થશે ત્યારે ચાર દીવસ તેઓ યાત્રામાં સામેલ રહેશે, તેમ કોંગ્રેસના એક વરિષ્ઠ પદાધિકારીએ જણાવ્યું હતું.

કોંગ્રેસ પ્રવક્તાએ કહ્યું કે કમલનાથ, બીજી માર્ચે ગ્વાલિયર પહોંચશે, અને ૬ઠ્ઠી માર્ચ સુધી યાત્રામાં સાથે રહેશે. યાત્રા પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી, મુશ્તૈના માર્ગે બીજી માર્ચે મધ્ય પ્રદેશમાં દાખલ થશે.

અને ૬ઠ્ઠી માર્ચે ફરી રાજસ્થાનમાં પ્રવેશ કરતાં પહેલાં ગ્વાલિયર, શિવપુરી, ગુના રાજગઢ, શાજાપુર, ઉજ્જૈન, ધાર અને રતલામ જિલ્લાઓમાંથી પસાર થશે.આ સમાચારો તેવા સમેય વહેવા લાગ્યા કે જ્યારે કમલનાથના ગઢ મનાતા છિંદવાડામાંથી કેટલાયે કોંગ્રેસ કાર્યકર્તાઓ ભાજપમાં સામેલ થયા હતા.


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**01.03.2024થી ભારતીય રેલ્વેએ કાર્ગો એગ્રીગેટર ટ્રાન્સપોર્ટ પ્રોડક્ટ રજૂ કરી છે.**

**પ્રોડક્ટની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ**

- કાર્ગો એગ્રીગેટરે **https://www.fois.indianrail.gov.in/foisEfnote/OpenPages/Loginnew.jsp** માં 'કાર્ગો એગ્રીગેટર' તરીકે જરૂરૂ દસ્તાવેજ અને નોન રીફંડેબલ સિક્યોરીટી ડિપોઝીટ ₹1,00,000 (₹ એક લાખ માત્ર) ભરીને પોતાની નોંધણી કરાવવી જરૂરી છે.
- કાર્ગો એગ્રીગેટરને તેના ગ્રાહકો/સંસ્થાઓને વ્યાખ્યાયિત કરવાની જરૂર પડશે કે જેના વતી તે ગ્રાહક ના ઓથોરિટી પત્રો અપલોડ કરીને ઈન્ડેન્ટ મૂકશે.
- સૂચિત ટર્મિનલ માટે સ્ટાન્ડર્ડ રેક અથવા મિની રેક અથવા ટુ પોઈન્ટ રેક માટે માંગ પત્ર મૂકી શકાશે.
- પ્રોડક્ટ અંતર્ગત ન્યૂનતમ લીડ 300 કિમી છે.
- માત્ર બીસીએન/ બીસીએનએ/બીસીએનએએચએસ ગ્રુપ /બીસીએનએચએલ ગ્રુપ જેવા કવર્ડ વેગનો ને મંજૂરી છે.
- એક મોડીફાઈડ માંગ પત્ર સબમિટ કરવા પર માંગેલા વેગનો ની કોમોડિટી માં 20% સુધીના બદલાવ ને મંજૂરી આપવામાં આવશે.
- પ્રારંભિક અને ગંતવ્ય ટર્મિનલો પર લોડીંગ અનલોડીંગ કાર્ગો એગ્રીગેટરની જવાબદારી રહેશે.
- લોડીંગ માટે બધી કોમોડિટી ને અનુમતિ છે સિવાય કે (i) કોલ અને કોક કોમોડિટી ગ્રુપ (ii) ખનીજ અને અયસ્ક કોમોડિટી ગ્રુપ (iii) આયર્ન અને સ્ટીલ કોમોડીટી ગ્રુપ અને (iv) તમામ પ્રકારના સ્લેગ્સ
- પ્રોડક્ટ હેઠળ બુક કરાયેલ ટ્રાફિક માટેના દરમાં છૂટ નીચે મુજબ છેઃ

| | વિગતો | વેગન સંખ્યા | કોમોડીટી | ભાડા દર બ્લોક રેક , ટુ- પોઈન્ટ રેક અને મીની રેક સહિત |
|---|---|---|---|---|
| (a) | એક કોમોડિટી થી લોડેડ ઈન્ડીવિઝ્યુઅલ વેગન | વેગનોની કોઈપણ સંખ્યા | પરવાનગી વાળી કોમોડીટી | પ્રત્યેક વેગન માટે લોડ કરવામાં આવનાર કોમોડિટી માટે ટ્રેનલોડ રેટ |
| (b) | બે કોમોડિટી થી લોડેડ ઈન્ડીવિઝ્યુઅલ વેગન | વેગનોની કોઈપણ સંખ્યા | પરવાનગી વાળી કોમોડીટી | પ્રત્યેક વેગન માટે લોડ કરવામાં આવનાર બે કોમોડિટી ની ઉચ્ચ શ્રેણી પર ટ્રેનલોડ રેટ |
| (c) | બે થી વધારે કોમોડિટી થી લોડેડ ઈન્ડીવિઝ્યુઅલ વેગન | બ્લોક રેક માટે 10 કરતા વધુ વેગન નહી અને મિની રેક માટે 5 વગેન કરતા વધુ નહી | પરવાનગી વાળી કોમોડીટી (સિમેન્ટ અને ક્લિંકર બાકાત) | પ્રત્યેક વેગન માટે લોડ કરવામાં આવનાર બે થી વધારે કોમોડિટી પર ક્લાસ-120 રેટ |
| (d) | બે થી વધારે કોમોડિટી થી લોડેડ ઈન્ડીવિઝ્યુઅલ વેગન | બ્લોક રેક માટે 20 કરતા વધુ વેગન નહી અને મિની રેક માટે 10 વગેન કરતા વધુ નહી | પરવાનગી વાળી કોમોડીટી | પ્રત્યેક વેગન માટે લોડ કરવામાં આવનાર બે થી વધારે કોમોડિટી પર ક્લાસ-130 રેટ |

લોડિંગ માટેના મંજૂર કોમ્બીનેશનો નીચે મુજબ છે
(c) (a) અને / અથવા (b) સાથે
(d) (a) અને / અથવા (b) સાથે
બંને (c) અને (d) એક રેકમા સાથે સાથેની પરવાનગી નથી.
વિગતો માટે જુઓ વેબસાઈટ **https://indianrailways.gov.in/railwayboard/uploads/directorate/trafficcomm/Freight Rate 202 4/Cargo%20Aggretator.pdf**
ઉપરોક્ત પ્રોડક્ટ માટે નોંધણી કરાવીને ભારતીય રેલવેના વિકાસમાં ભાગ લેવા નવા હાલના કાર્યરત વ્યક્તિગત/પેઢી/કંપનીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
280
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


### ઘટનાની સૂચના મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી અને તાત્કાલિક તમામ ઘાયલ મજૂરોને હોસ્પિટલ ખસેડ્યા

# ભારત જોડો યાત્રામાં દુર્ઘટના, રાહુલ ગાંધી જે કેમ્પમાં રોકાયા ત્યાં વીજકરંટથી 1 મજૂરનું મોત, 7 ઘાયલ

મુરાદાબાદ | આગામી દિવસોમાં લોકસભા ચૂંટણી 2024 યોજાવાની છે ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી 'ભારત જોડો ન્યાય યાત્રા' કરીને લોકો સાથે જોડાવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે હવે ઉત્તર પ્રદેશના મુરાદાબાદ જિલ્લામાં પહોંચેલી રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા'માં મોટી દુર્ઘટના ઘટી છે. રાહુલ ગાંધી માટે બનાવવામાં આવેલા કામચલાઉ કેમ્પમાં બનેલા સીઆરપીએફના વોચ ટાવરમાં કરંટ આવવાથી એક વ્યક્તિનું મોત થઈ ગયુ છે અને 7 લોકો ઘાયલ



થયા છે. આ દુર્ઘટના એ સમયે સર્જાઈ જ્યારે વોચ ટાવર ખોલવામાં આવી રહ્યો હતો. ઘટનાની સૂચના મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી અને તાત્કાલિક તમામ ઘાયલ મજૂરોને હોસ્પિટલ ખસેડ્યા. જ્યાં સારવાર દરમિયાન એક મજૂરનું મોત થઈ ગયુ છે.તમામ ઘાયલો ચતરા જિલ્લાના રહેવાસી મૃતકની ઓળખ નરેશ તરીકે થઈ છે જેઓ ઝારખંડના ચતરા જિલ્લાના રહેવાસી હતા. તમામ ઘાયલો પણ ચતરા જિલ્લાના રહેવાસી છે. રાહુલ ગાંધીના રાત્રિ રોકાણના કાર્યક્રમને કારણે કામચલાઉ કેમ્પ બનાવવામાં આવ્યો હતો. આ દુર્ઘટના જિલ્લાના કોતવાલી કટઘર વિસ્તારના રામપુર રોડ ઝીરો પોઈન્ટ પાસે સર્જાઈ હતી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની આગેવાની હેઠળની 'ભારત જોડો ન્યાય યાત્રા' શનિવારે ઉત્તર પ્રદેશના મુરાદાબાદથી આગળ વધી હતી જેમાં પ્રિયંકા ગાંધી વાડ્રા પણ તેમના ભાઈ સાથે સામેલ થયા હતા. કોંગ્રેસના ઉત્તર પ્રદેશ યુનિટના પ્રવક્તા મનીષ હિંદવીએ કહ્યું કે, રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા મુરાદાબાદથી ફરી શરૂ થઈ છે. રાહુલ સાથે પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ હાજર હતા. જ્યારેયાત્રા મુરાદાબાદના રસ્તાઓ પર આગળ વધી ત્યારે ત્યાં વિવિધ ક્ષેત્રના લોકો હાજર રહ્યા હતા.

# આધુનિક અને ઝડપી રેલવે
# મોદી સરકારની ગેરંટી



## અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ₹૪૧ હજાર કરોડના ખર્ચે દેશભરનાં ૫૫૪ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ તથા ૧૫૦૦ રોડ ઓવર બ્રિજ/ અંડરપાસનું શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ








# ગુજરાત ના
## ૪૬ રેલવે સ્ટેશનો નો પુનઃવિકાસ

| | | | | |
|---|---|---|---|---|
| ■ અમદાવાદ | ■ બારડોલી | ■ સામાખ્યાલી | ■ જામ જોધપુર | ■ કાનાલુસ જં. |
| ■ જૂનાગઢ જં. | ■ ઉમરગામ રોડ | ■ હાપા | ■ મણિનગર | ■ પોરબંદર |
| ■ રાજકોટ જં. | ■ કીમ | ■ લીમખેડા | ■ વેરાવળ | ■ કરમસદ |
| ■ બીલીમોરા જં. | ■ થાન | ■ વટવા | ■ ચાંદલોડિયા | ■ ઓખા |
| ■ અંકલેશ્વર | ■ ભેસ્તાન | ■ ખંભાળિયા | ■ ચોરવાડ રોડ | ■ કોસંબા જં. |
| ■ જામનગર | ■ દાહોદ | ■ ભીલડી | ■ મહુવા | ■ ગોધરા |
| ■ વાંકાનેર | ■ સચીન | ■ સિદ્ધપુર | ■ ઉત્રાણ | |
| ■ સાયણ | ■ દ્વારકા | ■ ઉંઝા | ■ ગોંડલ | |
| ■ વાપી | ■ મોરબી | ■ રાજુલા જં. | ■ પડધરી | |
| ■ મહેમદાવાદ ખેડા રોડ | ■ મહેસાણા જં. | ■ લીંબડી | ■ ભાટીયા | |

- **સિટી સેન્ટરના સ્વરૂપમાં પુનઃવિકાસ - રૂફ પ્લાઝા, શોપિંગ ઝોન, ફૂડ કોર્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા વગેરે જેવી સુવિધાઓ**
- **પ્રવેશ અને નિકાસ માટે અલાયદાં દ્વાર, બહુસ્તરીય પાર્કિંગ, લિફ્ટ, એસ્કેલેટર, લાઉન્જ, પ્રતીક્ષાલય, ટ્રાવેલ્ટર, દિવ્યાંગજન અનુકૂળ સુવિધાઓ**
- **કનેક્ટિવિટી મલ્ટી-મોડલ એકીકરણથી પુનઃવિકસિત સ્ટેશન બનશે ક્ષેત્રના સામાજિક-આર્થિક પ્રગતિનાં કેન્દ્ર**

તેમજ

## ૧૩૫ રોડ ઓવરબ્રિજ/અંડરપાસનું નિર્માણ

- **માર્ગ અને રેલવે પરિવહનનો અવરોધ રહિત અવર-જવર**
- **સ્થાનિક રહેવાસીઓ માટે રેલવે લાઇનની બંને તરફ આવવાની-જવાની સુરક્ષિત અને સરળ સુવિધા**
- **પ્રવાસ સમયમાં બચત થશે**

# નરેન્દ્ર મોદી
**વડાપ્રધાન**

દ્વારા

**૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ | સવારે ૧૧:૦૦ કલાકે**

(વીડિયો કોન્ફ્રેન્સિંગ મારફતે)

**ગરિમામયી ઉપસ્થિતિ**

**અશ્વિની વૈષ્ણવ**
કેન્દ્રીય રેલવે, સંચાર તથા ઈલેક્ટ્રોનિક્સ અને સુચના પ્રૌદ્યોગિકી મંત્રી

**રાવસાહેબ પાટીલ દાનવે**
કેન્દ્રીય રેલવે, કોયલા અને ખાણ રાજ્ય મંત્રી

**દર્શના જરદોશ**
કેન્દ્રીય રેલવે અને કપડા રાજ્ય મંત્રી

**DD NEWS પર કાર્યક્રમ નું લાઇવ પ્રસારણ જુઓ**